'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર શ્રી જિનશાસન જયકાર

|| ૨ ||




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ


જૈન ધર્મ, જૈન દર્શન, જિનાજ્ઞા, જિનાગમ તથા અનેકાંત સ્યાદ્વાદ

જિનશાસન એટલે શું ?

જેણે પોતાનો નિર્મળ, સ્વાધીન સ્વભાવને જાણ્યો, તેણે વીતરાગ પરમાત્માને જાણ્યાં, તેમનો ઉપદેશ જાણ્યો, ઉપરાંત જીતવા યોગ્ય શું, તે પણ જાણ્યું. જિન = જીતવું. કોને જીતવું ? રાગ-દ્વેષ - અજ્ઞાનને. જીતીને 'પરાશ્રયરહિત જ્ઞાનસ્વભાવ સ્વતંત્ર છે' એમ જાણીને તેની શ્રદ્ધા કરવી, તે જ રાગ-દ્વેષ, મોહ અને પાંચ ઇંદ્રિયના વિષયોની વૃત્તિનું જીતવું થયું. એ જીતવાનો ઉપદેશ આપનાર તે જિન કે વીતરાગશાસન.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

परम पूज्य पंन्यासश्री भद्रंकरविजयजी गणिवर्य महाराजा



मयि तद्रुपं सोऽहं ।

परमात्मानुं रूप मारामां छे अने ते ज हुं छुं.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સંવત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ**
**આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર શ્રી જિનશાસન જયકાર

॥ ૨ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ


જૈન ધર્મ, જૈન દર્શન, જિનાજ્ઞા, જિનાગમ તથા અનેકાંત સ્યાદ્વાદ

☐ **PARAM BHADRANKAR SHRI JINSHASAN JAYKAAR**

Personal Diaries comprising of Divine thoughts regarding Jinagna and Syadvad
by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

☐ **VOLUME - 2**

Year 2024 • સંવત્ ૨૦૮૦ • 500 Copies / 216 Pages • For Private Circulation only.

---

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

team@mindfiesta.com

---

☐ **SPONSOR**

Smt. Jayaben Chunilal Dodhia (Parasbhai)
Halar | London

---

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra




અધ્યાત્મયોગસંપન્ન પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી મહારાજની ૨૨૪ રોજનીશીઓમાં વિસ્તરેલ વિવિધ વિષયો ઉપરના ચિંતનો અલગ પાડી આ લઘુગ્રંથમાં એકત્ર કર્યા છે. જિનશાસનમાં 'સ્યાદ્દ્વાદ વિના સિદ્ધિ નથી' એ ત્રિકાલાબાધિત સત્ય છે. જ્યાં સંબંધની સાપેક્ષતાનો વિચાર નથી, ત્યાં સ્યાદ્દ્વાદ નથી. તેનાં અભાવમાં સ્વસુખનો પણ પૂર્ણ વિચાર નથી! અપૂર્ણમાં પૂર્ણનો બોધ અને પૂર્ણનો અભિનિવેશ એકાંત છે. આગમોમાં આવે છે તેમ 'સ્યાદ્દ્વાદ' યાને સામાના વિચારો સમજવા માટેનું વિશાળ મન. જ્યાં વિચારોની આપ-લે કરવાની ઉદારતા છે, ત્યાં જ પદાર્થનું સંપૂર્ણ જ્ઞાન છે.

સાહેબજી આલેખે છે: 'સ્યાદ્દ્વાદ વિના ધર્મનું સ્પર્શન શક્ય જ નથી! તે ગંભીરતાની ઝાંખીનો અનુભવ થવો જોઈએ. સ્યાદ્દ્વાદ દ્રષ્ટિપૂર્વક મોક્ષની રચના કોઈ જાતિ, વેશ કે કોઈની મોનોપોલી અનુસાર નથી. શાંતિને પામશે, તે જ્ઞાનને નિરાવરણ કરી મોક્ષનો અધિકારી થશે. સ્યાદ્દ્વાદની યુક્તિ છે અનાગ્રહ. આ દ્રષ્ટિ ખૂલી જાય તો જે પક્કડ છે, તે ઢીલી પડી જાય! કઈ વ્યક્તિ કઈ અપેક્ષાએ કહે છે, તે સમજાય તો કામ થાય.'

જિનાજ્ઞાના આવા કોહિનૂર ખજાનાને પ્રગટ કરવા પરમ ગુરૂભક્તાત્મા **પારસભાઈ** પોતાના પરિવાર તથા ઉપકારી માતા-પિતા **જયાબેન ચુનીલાલ દોઢીયા**ના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમાર્થે જ્ઞાનભક્તિ આદરવાપૂર્વકની આર્થિક ઉદારતા દર્શાવી રહ્યાં છે તેમની તથા રાજકોટના સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ની ગુરૂભક્તિ-જ્ઞાનભક્તિની પણ આ તકે હાર્દિક અનુમોદના.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# મારા ઉપકારીના ઉપકારીનો
# કરૂં હું ઋણસ્વીકાર,
# કરી નતમસ્તકે નમસ્કાર!



પ.પૂ. અધ્યાત્મયોગી દાદાગુરૂદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્યના જીવન અને જ્ઞાન વિશે મોટાગુરૂદેવ પં.વજ્રસેનવિજયજી મહારાજ ઘણી વાતો કરતા. અમને પૂજ્યશ્રીનાં દર્શન-વંદન-વાણીનો લાભ તો નથી મલ્યો, કિન્તુ ગુરૂદેવ પૂ.હેમપ્રભસૂરિજી મહારાજે જણાવેલ વાતો સુણી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નું વાંચન થતું, એટલે એ લેખિત હિતશિક્ષા ઉપર અહોભાવ તથા બહુમાન વધતાં જ ગયાં.' તેમાં પૂજ્ય ગુરૂદેવે વાત કરી કે: 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ ગ્રંથોમાંથી હવે વિષયવાર શ્રેણીઓ પ્રકાશિત થનાર છે, તેમાં લાભ લેવા જેવો છે. મને તત્ત્વજ્ઞાનથી ભરેલા સાહિત્ય માટે તો ખૂબ જ ભાવ, તેથી પૂર્વે 'આત્મસાધના માર્ગ', ૪૫ આગમ પેટી, ગુજરાતી 'શ્રી ઉપમિતિપ્રપંચ કથા' તથા મંત્રના ૭ ભાગનો લાભ મળેલ છે, તેમાં આ અંતિમ ૧૪ ભાગનો લાભ કેમ જતો કરાય?

પરમ દાદાગુરૂદેવ મારા ઉપકારીના ઉપકારી છે. તેઓની ઉત્તમ વાણી અનેકનું કલ્યાણ કરી રહી છે. આપણને ગમતી વાણી વધુમાં વધુ આત્માઓ સુધી પહોંચે, તેનો અનહદ આનંદ આનંદ છે. પરમાત્મા, પૂજ્ય દાદાગુરૂદેવ, પૂજ્ય મોટાગુરૂદેવ અને પૂજ્ય ગુરૂદેવના ઉપકારોમાં આ એક બહુ જ મોટા ઉપકારનો ઉમેરો થયો છે. આ ગ્રંથના વાંચન દ્વારા સૌને સમકિતની પ્રાપ્તિ થઈ આત્મવિકાસ થાય, તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.



લંડન/હાલાર

પારસભાઈ ચુનીલાલ દોઢીયા

શ્રી અર્બુદાચલની તળેટી, ભારજા, વૈ-વ-૬, સં.૨૦૬૬

## પાંચ શુભ સંકલ્પો

(૧) વર્તમાન જૈન સંઘ

પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનો આરાધક બનો.

(૨) વર્તમાન જૈન સંઘ

મૈત્રી આદિ શુભ ભાવનાઓથી વાસિત બનો.

(3) વર્તમાન જૈન સંઘ શ્રી અરિહંત પરમાત્માની સર્વ કલ્યાણકારી ભાવના તથા તેના પ્રભાવે ઉત્પન્ન થયેલ વિશ્વકલ્યાણકારી તીર્થની સાચી ઓળખાણ પામો.

(૪) વિશ્વના નાથ શ્રી અરિહંત પરમાત્મા, તેમની આજ્ઞા અને એ આજ્ઞાનું પાલન કરનાર શ્રી ચતુર્વિધ સંઘ પ્રત્યે આદરવાળા બનો.

(૫) શ્રી અરિહંત પરમાત્માની ભાવના એટલે પરિપાકરૂપ આજ્ઞા અને એ આજ્ઞાને પાળનાર સંઘ વિશ્વમાત્રના હિતની વિશાળ દૃષ્ટિવાળો છે, એવી પ્રતીતિ દૃઢ બનો.

'હું આનંદસ્વરૂપ છું' એટલે સુખ મેળવવાને માટે મારે જગતના પ્રાણી - પદાર્થોની આવશ્યકતા ન હોય. 'હું શરીર નહિ' એટલે જન્મ, મૃત્યુ, જરા કે વ્યાધિ મને પીડા આપી શકે નહીં. 'હું પ્રાણ નહિ' એટલે ક્ષુધા, તૃષા, શીતોષ્ણ મને વ્યાકુળ કરી શકે નહીં. 'હું ઇંદ્રિયો નહિ' એટલે વિષયના સંયોગ - વિયોગ, જન્મ, સુખ અને દુઃખ મને સ્પર્શ કરી શકે નહીં. 'હું અંતઃકરણ નહિ' એટલે શોક - મોહ, રાગ - દ્વેષ, કર્તા - ભોક્તા વગેરે ધર્મો મારા સુધી પહોંચી શકે નહીં.

'હું છું કે નહિ?' એવો સંશય ઉત્પન્ન થતો નહિ. આત્મા પ્રત્યક્ષ છે, અન્યથા 'હું છું' એવો પ્રત્યય ન ઘટે.

કર્તૃત્વાભિમાનનો નિરાસ કરવા એમ વિચારવું કે:

પોતાનું વર્તમાન જીવરૂપ સ્વરૂપ ખોટું છે અને સાચું સ્વરૂપ તો શુદ્ધ આત્માનું રૂપ છે.

'હું શુદ્ધ છું' એ વિચારનું સૂક્ષ્મ અભિમાન પણ દુરુપયોગ કરી ન જાય, તે ખાતર ઈશ્વરાર્પણ વિધિ છે.

જીવને સ્વરૂપ પ્રતીતિ થાય એટલે વિવેક દૃષ્ટિ જાગે.
દૃષ્ટિ જાગે એટલે જીવ, કર્મ અને કર્મના વિપાકના
રૂપમાં થતી અવસ્થાઓને પોતાની માનતા અટકાય.

આવો અટકવો લાગે એટલે આત્મા અને
કર્મજન્ય શરીર, એ બંનેનો ભેદ સમજ આવે નહીં,
સમજે એટલે એની સાધનાની શરૂઆત થાય.

આવી સાધના એ જ ધર્મ.

આત્મ - અનાત્મના વિવેકની વાત બધા ધર્મોએ કરી છે.
એ વિવેક પછીની ધર્મસાધના પણ સૌ દર્શનોમાં છે જ.

તો પછી જૈન ધર્મની આગવી વિશેષતા શી?

જૈન ધર્મમાં રાગ-દ્વેષ એ જે દોષો દૂર
કરવા માટે જ સાધના કરવામાં આવતી હોય છે.
સાથે આત્મ - અનાત્મનો વિવેક સર્વસાધારણ છે, પરંતુ
સાધક કેટલીક નિષ્ઠાઓને લઈને સાધનાપ્રવૃત્ત થાય છે.
એ નિષ્ઠાભેદને રૂપમાં જ ધર્મોમાં ભેદ પડે છે.
એ જુદી નિષ્ઠાનું નામ જ 'જૈન દર્શન' છે.

(૨) શાશ્વત સત્યની ચર્ચા કરતું હોઈ જૈન દર્શન ઈતિહાસાતીત છે. જો ઈશ્વર નથી, તો પછી સંસારમાં જે એક વ્યવસ્થા છે, તેનો આધાર શો છે? ઈશ્વરના સ્થાને જૈનો કર્મને માને છે. જીવોનાં કર્મને કારણે જ સંસારચક્ર ગતિમાન છે. વ્યવસ્થા પણ કર્મને કારણે જ છે. ઈશ્વરને માનનાર પણ જીવોના કર્મને આધારે જ ઈશ્વર કર્મના ફલદાયક છે, એમ સ્વીકારે છે. એ રીતે ઈશ્વરની અપેક્ષાએ જૈનોનો કર્મવાદ જ પ્રબળ બને છે. જૈનધર્મની કોઈપણ વિશેષતા હોય, તો આ કર્મના વિવેચનની છે. કર્મના બળને ઘટાડી આત્મબળ કેમ વધારવું, એની પ્રક્રિયા પણ જૈન ધર્મે બતાવી છે.

(3) જૈનદર્શનની પ્રધાન નિષ્ઠા આત્મૌપમ્યદૃષ્ટિમાં છે. દ્વૈત કે અદ્વૈતનિષ્ઠા, ધર્મ તો અહિંસામાં જ છે. સૂક્ષ્મ જીવોની હિંસા જો પ્રમાદથી થાય, તો તે પણ અધર્મનું જ કારણ છે. નિરપવાદ અહિંસાને સિદ્ધ કરવા આચરણના નિયમો અતિ કઠોર હોવા જોઈએ.

કઠોર આચારો જ જૈન ધર્મનું પૃથક્ અસ્તિત્વ દર્શાવે છે. બ્રહ્મચર્ય આદિ વ્રતો અને નિયમોનું પાલન બધા ધર્મોમાં છે જ પણ એને સભાન કરવું હોય, તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ બાબતો પર પણ વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. વિહાર, ભિક્ષા, નિવાસ આદિ બાબતોમાં એક નિર્ગ્રન્થનો આચાર અહિંસામય છે, જ્યારે બાબાઓનો તેવો નથી. એક નગ્ન ભિક્ષુ ધૂણા તપાવીને ચીપીયો લઈ બેઠો હોય છે. એક શ્રમણ નિર્ગ્રન્થ અગ્નિમાં જીવ માની તેના આરંભથી સર્વથા, નિવૃત્ત હશે. આ અહિંસાની વિવેચના માટે જૈનોનું જીવશાસ્ત્ર બાબાઓ કરતાં જુદું પડી જાય છે.

આચારાંગ સૂત્રમાં સર્વ પ્રથમ શસ્ત્રપરિજ્ઞા છે,
જીવની હિંસા શાથી થાય, તેની જ વિવેચના છે.

તે એક જ વાક્યમાં કહેવું હોય, તો
જીવનમાં સામાયિક અથવા સમતા એ જ એક ધર્મ છે. સામાયિકનો સીધો અર્થ સમતા છે. સામાયિક એટલે...

'आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।'

જૈન ધર્મની, મહાવીરની, તીર્થંકરોની એ મૂળ નિષ્ઠા છે કે:
સંસારમાં બધા પ્રકારના જીવોને જીવવાનો અને
ઉન્નત થવાનો એકસરખો હક્ક છે.
એમની ઉન્નતિમાં બાધક નહીં પણ સાધક થવું,
એ પ્રત્યેકનું કર્તવ્ય છે.

(૪) 'તીર્થંકર' શબ્દ જૈનોનો સ્વતંત્ર છે. સામાન્ય સાધકો પોતાની સાધનામાં કરુણા અને મહાકરુણાને જે સ્થાન નહિ આપી શકતાં, તે સ્થાન તીર્થંકરો આપે છે. સામાન્ય સાધકો માત્ર પોતાનું હિત કરીને સિદ્ધ થવાની ભાવનાવાળા હોય છે. તીર્થંકર નામકર્મના ઉપાદાનમાં કરુણાનો અભ્યાસ પ્રધાન અને મુખ્ય કારણ છે. જૈન ધર્મમાં દયા - દાનને તેથી જ વધારે મહત્ત્વ અપાયું છે. તીર્થંકરોની કરુણા મહાકરુણારૂપે પ્રતિષ્ઠિત થઈ છે.
જગતના સર્વ જીવોના ઉદ્ધાર અર્થે તેમણે જૈન શાસનનો ઉપદેશ આપ્યો છે અને તીર્થંકરપદને પામ્યાં છે. મહાકરુણાનો આદર્શ તીર્થંકરોના ધર્મની મૂળ નિષ્ઠા છે.

(૫) જીવ - કર્મનો સંબંધ અનાદિકાળથી - અનિયત છે.

નિયતવાદીઓ એ સંબંધને નિયત માને છે. જીવના પ્રયત્નને તેમાં અવકાશ જ નથી. નિયતકાળે એ કર્મ આપોઆપ ખરી જશે. જીવે એ માટે વિશિષ્ટ પ્રયત્ન કરવાની જરૂર નથી. જૈન ધર્મ આ સિદ્ધાંતની વિરુદ્ધ છે.

જીવને કર્મનો સંબંધ એ પ્રયત્નનું ફળ છે.

પુરુષાર્થથી જ કર્મ બંધાય - પુરુષાર્થથી જ છૂટકારો થાય. નિયતિવાદના ચક્રમાંથી બચાવવાને પુરુષાર્થ ઉપર ભરોસો રાખતાં પ્રથમવાર જૈન ધર્મે જ કર્યો છે. બધું જ જો નિયત હોય, તો પુરુષાર્થ - સાધના જેવું કાંઈ રહેતું નથી.

જીવને બંધનમાંથી, કર્મ અને કષાયમાંથી છૂટવું જ હોય તો એવી કોઈ તાકાત નથી કે જે તેને તેમ કરતાં રોકી શકે. આ જ પુરુષાર્થવાદ છે અને તેનું પૂરેપૂરું સમર્થન તીર્થંકરોના જીવન અને ઉપદેશોમાંથી મળી રહે છે. કર્મબંધના કારણોનું વિવેચન પુરુષાર્થવાદને મુક્તિ પ્રાપ્ત કરવામાં પ્રબળ કારણ માને છે.

(૬) જીવોની વિવિધતા, સ્થૂળ - સૂક્ષ્મ દેહથી પ્રત્યક્ષ છે. સ્વરૂપે બધા સરખાં છે અને અવસર મળે, તો સિદ્ધાવસ્થામાં સમાન બનવાની શક્યતા ધરાવે છે. દેહનું કારણ કર્મ છે. કર્મ સાથે સંબંધ ધરાવવા માત્રથી જીવ સ્વસ્વરૂપમાં વૈવિધ્યને પ્રાપ્ત કરે છે તથા સંસારના પ્રપંચની રચના થાય છે. જૈનોની આ સંબંધી સ્વતંત્ર માન્યતા છે. તેનું નામ '<u>અનેકાન્તવાદ</u>' છે. કેટલાક દાર્શનિકો જીવ અને શરીરનો સંબંધ છતાં જીવમાં કશો જ વિકાર માનતાં નથી. જે વિકારો છે, તે જીવ સંબદ્ધ અચેતન પ્રકૃતિમાં છે. પુરુષ પ્રકૃતિનું ભેદજ્ઞાન થતાં જ પ્રકૃતિ અલગ થઈ જાય છે ને તે જ પુરુષનો મોક્ષ છે. જડ પ્રકૃતિના સંસાર અને મોક્ષનો આરોપ પુરુષમાં થાય છે. પુરુષ અપરિણામી નિત્ય છે.

આથી વિરુદ્ધ કેટલાક દાર્શનિકો જડ પદાર્થોનાં સંમિશ્રણથી જીવની ઉત્પત્તિ માને છે અને મૃત્યુની સાથે જ જીવની સમાપ્તિ માને છે.

પુનર્જન્મ કે સંસાર રહેતો જ નથી,
તો પછી મોક્ષની તો વાત જ ક્યાં ?

જૈનદર્શન કહે છે કે : જીવને એકાંત નિત્ય માનતાં તેમાં વિકલ્પની સંભાવના જ રહેતી નથી. 'જે વિકારી હોય અને આત્માના જ અનુભવાય છે, તે આત્માના નહીં' એમ કહેવાનો કશો જ અર્થ નથી. જડ પ્રકૃતિ પુરુષાર્થ કરે અને પુરુષ કેવલ દ્રષ્ટા બન્યો રહે, તો પછી એવા પુરુષને પૃથક્ માનવાની આવશ્યકતા જ શી ? એટલે પુરુષને જ વિકારસંપન્ન માનવો જોઈએ. બીજી બાજુએ જન્મ અને મૃત્યુ પર્યંત જ જીવની સ્થિતિ હોય, તો પછી જીવોની જન્મજાત જે વિવિધતા હોય છે, તેનો ખુલાસો શો ? એ ખુલાસો કર્મ માનવાથી જ થાય છે. તે કર્મ પૂર્વજન્મની વાસનારૂપ છે, તેને કારણે જન્મજાત વૈવિધ્ય જીવોમાં હોય છે. જીવને પુનર્જન્મના ચક્રમાં ફરતો માનવો જ જોઈએ અને એ માનવામાં જીવની નિત્યતા પણ સ્વીકારવી જોઈએ.

કર્મ એક કર્યું, ફળ કાલાન્તરે મળ્યું નહીં, બીજું કર્મ નહિ કર્યું, તેને ફળ મળ્યું - આવા અવ્યવસ્થા ઊભી થાય.

જીવમાં નિત્યતા માનવાથી જ તે દૂર થઈ શકે.

વિકારી જો સ્વાભાવિક નહિ પણ કર્મજન્ય છે, તે જીવથી દૂર કરાય, તો જ મોક્ષપુરુષાર્થને અવકાશ મળે છે.

જે વસ્તુ એક જીવ વિષે - તે વસ્તુ સમગ્ર જીવ વિષે, સમગ્ર દ્રવ્યો વિષે, પછી તે જીવ હો કે અજીવ.

જીવની એક કર્મને ય વિકારી, પરિણામી માનવું જોઈએ, તો જ આપણે જે કર્મ જીવસંબદ્ધ છે, તે કાલે છૂટું પડી શકે, તેથી ધર્મસાધના અને મોક્ષપુરુષાર્થને અવકાશ રહે છે.

(૭) આત્મા શરીર પ્રમાણ છે. વ્યાપક માનીએ તો જીવની ગતિ કે પુનર્જન્મ ઔપચારિક બને. વ્યાપક વસ્તુની ગતિ તો સંભવે જ નહીં. વળી વ્યાપકમાં વિકારનો સંભવ રહેય જ નહીં. જીવની સાથે શરીર સંબદ્ધ થાય તો જ તેના પુનર્જન્મો કહેવાય. આત્મામાં કશો વિકાર થાય નહીં, તો તેને જન્મ કેવા રીતે કહેવાય?

આદિ જીવ એ શરીર પરિમાણ અને કર્મો સાથે ઓતપ્રોત હોઈ વિકારી માન્યો એટલે પરલોક જાય અન્યત્રગતિ અને જન્મ ઘટી જાય. ગતિ અને દેહપરિમાણ આત્મા આ બેના કારણે ધર્મ - અધર્મ સ્વતંત્ર તત્ત્વો માનવા પડ્યા - એક ગતિને બીજું સ્થિતિ સહાયક. જીવગતિ સ્વભાવ દ્રવ્ય છે. સિદ્ધાવસ્થામાં કર્મ નથી, તેથી તેની સ્વાભાવિક ગતિ ઊર્ધ્વ હોય, સદા ગતિની આપત્તિ આવે. તેથી ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું અસ્તિત્વ કેવળ લોકાકાશમાં જ માન્યું. લોકના છેડે જીવ સ્થિર હોય છે. જીવોની ગતિશીલતા, ધર્માસ્તિકાય, લોકાકાશ, સિદ્ધસ્થાન, શરીરપરિમાણ એ બધા કલ્પના પરસ્પર અન્વિત છે. એક વિના બીજી નિરર્થક બને.

જૈનદર્શનની આ સ્વતંત્ર નિષ્ઠા છે.

(૮) મોક્ષ સંસારપૂર્વક છે. સંસાર જ ન હોય તો મોક્ષની કલ્પના નિરર્થક કરે. વિશ્વમાં કેવળ જીવો જ હોય અને બીજું કશું જ ન હોય તો સંસાર કેવી રીતે ઘટે?

ઉપનિષદ્ કહે છે કે અવિદ્યાથી સંસાર છે.

અવિદ્યા સ્વતંત્ર તત્ત્વ નથી - જીવનું જ મિથ્યાજ્ઞાન છે.
આને લીધે અનાત્મ - આત્મા એવો ભેદ દેખાય છે.
વસ્તુતઃ આત્મા સિવાય કશું જ નથી. જ્યારે અજ્ઞાન
નષ્ટ થાય, ત્યારે અદ્વૈતાત્માની પ્રતીતિ થાય છે ને
આત્મભિન્ન કશાની જ પ્રતીતિ નથી. આ જ મોક્ષ છે.

જૈનદર્શન કહે છે : જીવનો સ્વભાવ જો જ્ઞાન હોય,
તો તેનું અવિદ્યા - અજ્ઞાનરૂપ પરિણામ કેમ બને?

એ પરિણામ અકારણ હોય નહીં.

અવિદ્યા પરિણામનું કારણ તે જ કર્મ.

તેનું સ્વરૂપ આત્માથી જરૂર ભિન્ન જ હોવું જોઇએ.
જીવ ઉપરાંત અજીવ - પુદ્ગલની કલ્પના અને
જીવ તથા પુદ્ગલ - એ બે નો સંપર્ક જ
અવિદ્યા પરિણામનો ઉત્પાદક છે, એમ નિશ્ચિત થયું.

એ સંબંધને દૂર કરવામાં જ
જીવના મોક્ષપુરુષાર્થની સાર્થકતા છે.

(૯) આજના વૈજ્ઞાનિકો પરમાણુ વિષે જેટલે હદે પહોંચ્યા છે, તેથી વધારે સૂક્ષ્મ વિચાર જૈનોએ પરમાણુ વિષે કર્યો છે. સંસારનો ખુલાસો અજીવ તત્ત્વથી જ થાય છે અને વિશ્વનો સમગ્ર પ્રપંચ એ અજીવ તત્ત્વથી જ ઘટે છે. પરમાણુ, વર્ગણા, કર્મ, ભાષા, મન, ઇંદ્રિય આદિ પદાર્થ પરમાણુઓની જ રચના છે.

(૧૦) જૈન તત્ત્વજ્ઞાનને જીવનમાં સાક્ષાત્કાર કરવા મથતાં સાધકોનો સમુદાય એ 'જૈન સંઘ' છે.

જૈન સાધના એ વ્યક્તિગત સાધના છે.

એ સાધકોએ સ્વના ઉદ્ધાર સાથે પરના ઉદ્ધારની પ્રક્રિયા કરી, તેમાંથી જ જૈન સંઘ અસ્તિત્વ થયો. ભાવિકોની તપશ્ચર્યા અને ઉત્કટ સાધનાનું અનુકરણ એ સંઘમાં થયું. મંદિરો, મૂર્તિઓ, આચાર્યપદવી, આંતરિક જ્ઞાનને વિકસાવનાર આગમો અસ્તિત્વમાં આવ્યાં. વેદનિષ્ઠા, બુદ્ધનિષ્ઠાથી વેદ અને બૌદ્ધ ધર્મો રચાયાં છે, જ્ઞાતિ આચારની દૃષ્ટિએ એકવાક્યતા રહી નહિ.

# જૈન ધર્મ

જૈન ધર્મ એટલે જીતવાનો ધર્મ. શું જીતવાનો? અનાદિથી પોતે જ પોષેલા જીવના સ્વરૂપ વિષેની ભ્રમણા કે ઊંધી માન્યતા છે, તે અને તે ભ્રમણાના કારણે થતી પરવસ્તુ પ્રત્યેની ઈષ્ટ - અનિષ્ટપણાંની કલ્પના, જીવે પોતે જ જીતવાની છે. તે કલ્પના વિગેરે જીવના જે દોષોને જીતવાના છે, તેને જ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રના નામથી ઓળખવામાં આવે છે. તે દોષોને જીતનારો આત્માનો 'જ્ઞાયક સ્વભાવ' તે જૈન ધર્મ. તે કોઈ સંપ્રદાય કે વાડો હોઈ શકે નહીં. એમ કે આત્માનું જીવનું શુદ્ધ સ્વરૂપ તે જ જૈન ધર્મ છે. આત્માનો સ્વભાવ તેનું નામ જૈન ધર્મ. આત્મા એક અખંડ જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ દ્રવ્ય છે. તેનો એક અખંડ જ્ઞાયક સ્વભાવ છે. તે સ્વભાવનો આશ્રય લઈને જીવના દોષો ટાળવા અને સંપૂર્ણ પવિત્રતા પ્રગટાવવા, તે જ છે જૈન ધર્મ.

## ટૂંકમાં - જૈન ધર્મ

કોઈ વ્યક્તિના કથન કે કોઈ પુસ્તક,
મતાંતર અથવા વિશિષ્ટ વ્યક્તિ ઉપર નિર્ભર નથી.
તે તો સત્યનો અખંડ ભંડાર છે, વિશ્વનો ધર્મ છે.
અનુભવ તેનો આધાર છે, યુક્તિવાદ તેનો આત્મા છે.
જૈન ધર્મને કાળની મર્યાદામાં કેદ કરી શકાય નહીં.
પદાર્થોના સ્વરૂપનો તે પ્રદર્શક છે. ત્રિકાળ અબાધિત
સત્યરૂપ છે. વસ્તુઓ અનાદિ - અનંત છે, તેથી તેનું સ્વરૂપ
પ્રકાશક તત્ત્વજ્ઞાન પણ અનાદિ - અનંત છે અને તે
તત્ત્વજ્ઞાનના લક્ષે થતું આચરણ પણ અનાદિ - અનંત છે.

## સાચો જૈન કોણ ?

જૈન એટલે જીતનાર. પરભાવને ન માને, તે જૈન.
ઉદય અને વિભાવની અવસ્થાને
અખંડ દ્રવ્યના આશ્રયે જીતે, તે જૈન.
અખંડ દ્રવ્યની શ્રદ્ધા વગર જૈનપણું ટકતું નથી.
પર્યાયને બધા જાણે છે, દ્રવ્યને જ્ઞાની જ જાણે છે.

## જિનશાસન એટલે શું ?

જેણે પોતાના નિર્મળ, સ્વાધીન સ્વભાવને જાણ્યો, તેણે વીતરાગ પરમાત્માને જાણ્યાં, તેમનો ઉપદેશ જાણ્યો, ઉપરાંત જાણવા યોગ્ય શું, તે પણ જાણ્યું. જિન = જીતવું. કોને જીતવું ? રાગ-દ્વેષ - અજ્ઞાનને. જાણીને 'પરાશ્રયરહિત જ્ઞાનસ્વભાવ સ્વતંત્ર છે' એમ જાણીને તેની શ્રદ્ધા કરવી, તે જ રાગ-દ્વેષ, મોહ અને પાંચ ઇંદ્રિયના વિષયોની વૃત્તિનું જીતવું થયું. એ જીતવાનો ઉપદેશ આપનાર તે જિન કે વીતરાગશાસન.

## જૈનત્વનો સુંદર સાર

'જે તું તારા માટે ઇચ્છે છે, તે બીજા માટે પણ ઇચ્છ.
જે તું પોતાના માટે નહિ ઇચ્છતો,
તેવી બીજાના માટે પણ ઇચ્છા ન કર.'

જીવનમાં અહિંસા, વિચારોમાં અનેકાંત,
ભાષામાં રાગ-દ્વેષરહિતતા, સર્વ પ્રત્યે સમદર્શિતા,
વ્યવહારમાં નીતિમત્તા અને ન્યાયબુદ્ધિ, એ છે જૈનત્વ.

જૈનદર્શન આત્મદ્રવ્યને વેદાંતની માફક અથવા
સાંખ્ય યા વૈશેષિક પેઠે નિષ્ક્રિય માનતું નથી.

આ જિનધર્મની શ્રેષ્ઠતા, મંગળમયતા, કલ્યાણકારકતા અને
પ્રધાનતાનું કારણ તેના કરુણામાં છુપાયેલું છે.
જિનધર્મ કરુણાપ્રધાન છે. દુઃખિતનાં દુઃખનો નાશ
કરવાની ઈચ્છા અને પ્રવૃત્તિ એ કરુણા છે.
એ મનોવૃત્તિ જૈનની ન હોય કે: 'મારું તે સાચું' યા
'મારું તે સારું.' 'જૈનશાસનમાં ધર્મ, વ્રત કે સામાયિક
આજે નથી જ' એમ તો ન કહેવાય પણ જેટલા અંશે
યતના અને ભક્તિ હોય, તેટલા અંશે ધર્મ માનેલો છે.
શુદ્ધ અનુષ્ઠાનો પ્રત્યે રાગ, બહુમાન, આંતરિકભાવ.
એ જો જ્યાં હોય, ત્યાં જૈનશાસન છે, ન હોય, ત્યાં નથી.
જૈનશાસનમાં 'આત્મશુદ્ધિ પર્વ' આ પર્યુષણા પર્વના ૮
દિવસ રાગ-દ્વેષની પરિણતિ ટાળીને સમત્વની સાધનામાં
જો પસાર થાય, તો જ એના મર્મને ભેદવાનું પવિત્ર
પર્વાધિરાજ આ પર્યુષણા પર્વનું બિરુદ સાર્થક થાય.

## જિનશાસનનો સાર

તે જો એક શબ્દમાં સમજવો હોય, તો સામાયિક.
જો બે શબ્દોમાં સામાયિક અને જિનપૂજા.
ત્રણ શબ્દોમાં સામાયિક, જિનપૂજા, સાધર્મિક વાત્સલ્ય.
ચાર શબ્દોમાં સમજવો હોય, તો ચોથું 'જયણા' ઉમેરવું.

## સઘળા ઉપદેશનો સાર

જેટલું જાણ્યું હોય, તેટલું પાળતાં શીખો.
કેવળ જાણવા માટે જાણવું, એ જ્ઞાનનું અપમાન છે.
જેટલું જાણીએ છીએ, તેટલું જ્યાં સુધી પાળીએ નહીં,
ત્યાં સુધી નવું નવું જાણવાનું શું કામ?
જેટલું જાણ્યું હોય, તેનો એક લઘુઅંશ પણ
આચરણમાં લાવવા પ્રયાસ કરવામાં આવે, તો
'હવે અધિક ઉપદેશ જરૂરી છે' એમ લાગવા કરતાં
'જે ઉપદેશ મળ્યો છે, તે જ અધિક છે' એમ લાગશે.
જૈન મત મુજબ ઋતંભરા પ્રજ્ઞા એ
સામર્થ્યયોગના બળથી થવાવાળું પ્રાતિભ જ્ઞાન છે.

'જૈનશાસન' એટલે જીવમાત્રની કલ્યાણકારી યોજના.

જૈનદર્શન એ જ જીવંતદર્શન છે.

જીવંત એ માટે કે એમાં કોઈ આગ્રહ નથી.
જૈનધર્મનો મુખ્ય વિચાર અહિંસા સાથે મધ્યસ્થદૃષ્ટિ છે,
એ જ સમ્યગ્દૃષ્ટિ છે. આજે એ વિરલ આરો નથી.
જૈનને લાગવું જોઈએ કે ન્યાય-નીતિ જ મારું ધન છે.
અનીતિથી જીવે, તો જૈન અને જૈનેતરમાં ફેર શો?
બાહ્યધનને જો ધન માનીએ અને સંતોષ, સદાચાર
અને નીતિને જો ધન ન માનીએ, તો એ ભ્રમણા છે.
જૈન સાધનામાં ભગવાન પાસેથી કશું જ મેળવવાનું નથી.
ધ્યાનના બળે અંદરથી જ પરમાત્મપણું પ્રગટાવવાનું છે.

ભાવશૂન્ય ક્રિયાને જૈનશાસનમાં સ્થાન નથી.
ભગવાનની કૃપા નહિ, પોતાનો જ ભાવ ફળ આપનારો છે,
એ સિદ્ધાંત ઉપર જૈન સાધનાનું મંડાણ છે.
આ સાધના દ્વારા જગતના જીવો ધર્મ સન્મુખ બનો.
આમારું સર્વસ્વ જૈનશાસનને સમર્પિત થાઓ.

## જૈન ધર્મની વિશેષતાઓ

(૧) જૈન ધર્મ વસ્તુને દ્રવ્યાર્થ અને પર્યાયાર્થ બે બાજુથી જુએ છે: દ્રવ્યાર્થમાં સૃષ્ટિ શરૂઆત - છેડા વિનાની છે, પર્યાયાર્થમાં પ્રત્યેક પળે ઉત્પત્તિ - પ્રલય થતાં રહે છે.

(૨) જૈન ધર્મ બે ભાગમાં છે: શ્રુતધર્મમાં તત્ત્વજ્ઞાન તથા ચારિત્રધર્મમાં ethics અને ઉચ્ચ નીતિનો સમાવેશ છે.

(૩) શ્રુતધર્મમાં ૯ તત્ત્વો, ૬ દ્રવ્યો, ૪ ગતિઓનું વર્ણન છે. જીવ અને અજીવનું પૂર્ણ વિવેચન કરવામાં આવ્યું છે. જીવ તે છે કે જે જાણે - વિચારે - લાગણી બતાવે છે. 'જ્ઞાન, લાગણી, વિચાર કે ઇચ્છા કોઈ સજીવ વસ્તુ ઉપર આધાર રાખે છે અને તે વસ્તુ ચર્મચક્ષુથી ન દેખાતી હોય, તો પણ something real છે.

(૪) જૈન તત્ત્વજ્ઞાન મુજબ આત્મા એક રીતે જ્ઞાનથી જુદો - બીજી રીતે તે જ્ઞાન પોતે જ છે.

(૫) જૈન ધર્મ મુજબ પુનર્જન્મને સાધન જીવાત્મા વિકાસ અને પતનને સાધન છે.

# જૈન મતે મૈત્રીભાવનાનો વિષય

કેવળ સુખી જીવો જ નહીં, પરન્તુ પ્રાણીમાત્ર છે.

જૈનશાસ્ત્ર મુજબ પ્રાણાયામ ચિત્તશુદ્ધિનું મુખ્ય સાધન નથી,
કારણ કે તેને હઠપૂર્વક કરવાનું હોવાથી કેટલીક વાર
મન સ્થિર થવાને બદલે વ્યાકુળ બની જાય છે.
જૈન ધર્મ સર્વ જીવોના સુખની ઉન્નતિ ચાહવાના
કારણે પોતાના ધર્મની ઉન્નતિ ચાહે છે.
એટલે બીજા ધર્મો અને જૈન ધર્મ વચ્ચે તફાવત છે.
જૈનશાસન જેવું દયાનું વિશિષ્ટ સ્થાન બીજે ક્યાંય નથી.
કોઈપણ મનુષ્ય અધર્મ ન પામે, તેની તેમાં વિશેષ કાળજી છે.
બીજાને અધર્મ પમાડનાર બોધિદુર્લભ બને,
કારણ કે પોતાના અયોગ્ય વર્તનથી બીજો ધર્મવિમુખ બને,
તેમાં પોતે બેવડો અપરાધ કરે.
એક તો અધર્મ કર્યો તે અને બીજું બીજાને
અધર્મનું નિમિત્ત બન્યો તે. પરને ધર્મ પમાડવાની ધગશ
જૈન સંઘમાં જળવાઈ છે, તે જીવદયાનું અનન્ય પ્રતીક છે.

## જૈન શાસનમાં સાધનાના બે હેતુ

(૧) પોતાની જાત ઉપર કાબુ મેળવવા.

(૨) શાસનસેવા અને રક્ષા માટે જરૂરી એવી શક્તિ અને સત્ત્વ પેદા કરવા સાધના કરવાની છે.

## જૈન શાસનમાં ૪ શરણાં શેની માટે?

અરિહંતોનું શરણું મંગલભાવનું શરણું છે,
સિદ્ધોનું શરણું પ્રમોદભાવની પુષ્ટિ કરે છે,
સાધુનું શરણું કરુણાભાવને વિકસાવે છે અને
ધર્મનું શરણું માધ્યસ્થભાવને વિકસાવે છે.

## જૈનશાસનની સ્થાપના કરનાર અરિહંતો કહે છે કે:

"મનની એકાગ્રતા કેળવવા માટે 'અહં'ની જરૂર છે અને
મનની નિર્મળતા કેળવવા માટે 'સર્વ'ની જરૂર છે.
'અહં' સાધક બને છે અને બાધક બને છે."

**'જૈનશાસનમાં નિયાણા બંધનનો નિષેધ છે'**
**તેનો અર્થ સ્વસુખની આકાંક્ષાનો નિષેધ છે.**
પરનો વિચાર તો પરમ પદે પહોંચાડનાર છે.

## જૈન ધર્મની વિશાળતા અનંત હોવાથી અનુયાયીઓમાં ધર્મની ધગશ અનંત છે.

જગતમાં ધર્મ અને સુખ પમાડવાની જે લાગણી શ્રી જિનેશ્વર દેવો અને તેમના તીર્થમાં રહેલી છે, તે લાગણી બીજે ન હોવાના કારણે બીજાઓમાં માનવોની સ્થૂળ દયાનો વિચાર હોવા છતાં સૂક્ષ્મ દયાનો વિચાર દેખાતો નથી.

બીજા ધર્મો પોતપોતાના ધર્મની અને અનુયાયીઓની ઉન્નતિ માટે છે.

## જૈન શાસનની એ વિશિષ્ટતા છે કે:

સિદ્ધ થયાં પછી જ પરિભ્રમણની અસરોથી પર થવા માટે સિદ્ધ ભગવંતોને પણ અરિહંતની જરૂર પડે છે.

શ્રી જિનશાસન ત્રિકાળાબાધિત, અવિચ્છિન્ન, પ્રભાવસંપન્ન ઇત્યાદિ છે, તે તેના વિશ્વવાત્સલ્યભાવનાને પ્રભાવે છે.

## જૈન દર્શનનું મૌલિક રહસ્ય

'સર્વના વિચારથી ધર્મની શરૂઆત અને અંતના ધર્મથી સર્વને લાભ' એ વિચારધારા જૈન ધર્મનો પાયો છે.

વિશ્વની વ્યવસ્થા, અબાધિતપણે અહીં કાળ અવિચ્છિન્ન
રીતે ચાલી રહી છે, તે શ્રી જિનશાસનના પ્રભાવે છે.
શ્રી જિનશાસન એટલે શુભ ભાવનું સામ્રાજ્ય અને
શુભ ભાવ એટલે વિશ્વવ્યવસ્થાનું મૂળ. Therefore
shree Jinshasan is Cosmic Order.
'જૈન'ની જે માત્રા એટલે જિનભક્તિ અને નવકાર.
જિનભક્તિ તથા નવકાર એ ભાષા નથી, ભાવ છે.

તે આત્માથી જીવાતું શાસ્ત્ર છે.

ગુણવાન પુરુષ તેના સંપર્કમાં આવનારને ગુણી કરે જ.

મારામાં રહેલો ગુણ જો અન્યને ગુણી ન કરે,
તો તેમાં ગુણનું ગુણત્વ જ રહેતું નથી.

નવકારમાં જૈનત્વનો અંશ છે અને જૈનમાત્રમાં
જિનેશ્વરત્વનો અંશ છે. જિનેશ્વર ભગવાનમાં આપણો
આત્મા રહેલો છે અને આપણા આત્મામાં સર્વ
જિનેશ્વરો રહેલા છે. આ વિચારણા નીચેના મંત્રમાં છે:

'ૐ હ્રીં અર્હં નમો જિણાણં હ્રીં નમઃ સ્વાહા।'

જૈનદર્શનનો ટૂંકસાર ✲ કારતક સુદી ૪

સર્વ જીવો સાથે મૈત્રી અને આત્મસમાન પ્રવર્તન દ્વારા ભવભ્રમણ નિવારવું અને આત્મસ્વરૂપ પામવું તે છે.

વિચાર, આચાર અને પ્રચાર - એ ત્રણ જુદા નહિ,
પરંતુ એકના જ ત્રણ સ્વરૂપો છે.

પહેલાં વિચારની - સમજણની જરૂર છે.

સમજણ પાકી થવાની સાથે વિચાર જ આચાર બનશે
અને આચાર પરિપક્વ થતાં તે પ્રચાર બની જશે.

આચારની મૂંગી પણ પ્રબળ અસર તે જોનારની ઉપર થશે.

જૈન ધર્મ પ્રવૃત્તિ - નિવૃત્તિ ઉભય માર્ગાવલંબી છે.

જ્યાં સેવાવૃત્તિનો પ્રસંગ છે, ત્યાં પ્રવૃત્તિમાર્ગ છે અને
જ્યાં ભોગવૃત્તિનો પ્રસંગ છે, ત્યાં તે નિવૃત્તિ ઉપદેશે છે.

આચારોના નિયમો અહિંસાને આધારે જ ઘડાયા છે.

જૈનોમાં પ્રચલિત સામાયિક કે સમભાવ એ પણ 'સર્વ જીવોને દુ:ખ અપ્રિય છે અને સુખ પ્રિય છે, માટે સૌને સમાન માની કોઈપણ જીવની હિંસા ન કરવી' તે માટે છે.

'સમયા સવ્વ ભૂએસુ, સત્તુમિત્તેસુ વા જગે |'

સર્વ જીવ એટલે માત્ર માનવ નહીં પણ કીટ-પતંગથી માંડીને માનવ, એકેન્દ્રિય જીવથી માંડીને પંચેન્દ્રિય જીવ. સત્તાએ કરી સહુ Potentially સર્વ સમાન છે. માત્ર પર્યાયના વિકાસની દૃષ્ટિએ જીવોમાં ભેદ છે.

એ રીતે જૈન દર્શન તે ખરી રીતે આત્મદર્શન છે.

તેમાં આત્મપ્રેમની વાત મુખ્ય છે.

## પરમાત્મભાવ પામવાનો સાચો માર્ગ

જૈન ધર્મ પરમાત્માને પૂર્ણ અને શુદ્ધ સ્વભાવમય પરમ આત્મભાવને પામેલા માને છે અને જગતને વિશ્વના તત્ત્વનો પ્રકાશ કરી પરમાત્મભાવ પામવાનો સાચો માર્ગ બતાવે છે, જે બહિરાત્મભાવમાંથી નીકળી અંતરાત્મ-ભાવમાં આવવું અને અંતરાત્મભાવમાં સ્થિર થઈને પરમાત્મભાવનું આત્મામાં ભાવન કરવું અને તે માટે તપ, ત્યાગ, સંયમ, મૌન આદિની સાધનામાં નિમગ્ન રહેવું, પરમ ઉપકારી તરીકે હૃદયમાં પરમાત્મને સ્થાપન કરવા.

આ જિનશાસનમાં ધર્મને જ બ્રહ્મ, પ્રભુ કે સત્ય કહે છે.
ધર્મમાં એ ત્રણે કાર્યરૂપે તથા કારણરૂપે પણ ઘટે છે.

'નમસ્કાર એ જિનશાસનનો સાર છે અને
ચૌદ પૂર્વરૂપી શ્રુતજ્ઞાનનો ઉદ્ધાર છે.'

એનો અર્થ એ છે કે જિનશાસનના સમગ્ર શ્રુતમાં જીવોનું
તથા કર્મોનું સ્વરૂપ, તેના બંધ-મોક્ષ તથા તેના હેતુઓનો
વિસ્તારપૂર્વક વિચાર છે. એ તત્ત્વજ્ઞાનનો સાર એટલો જ
નીકળે છે કે સર્વ પ્રકારના દોષોમાં અપરાધી કર્મ છે.
જીવોની એ અવસ્થામાં અપરાધ ન હોય, એ અશક્ય.
તેનાથી પાછા ફરવા વારંવાર અપરાધની ક્ષમાપના જરૂરી છે.

જિનશાસનનું તત્ત્વજ્ઞાન શીખવે છે કે:
જીવોને નહીં પણ કર્મને અપરાધી માનવા.
તત્ત્વજ્ઞાનનો સાર જાણવું અને જણાવવું તે છે.
આચારમાર્ગનો સાર શીખવું અને શીખવવું છે.
'દુષ્કૃતને ગર્હવું અને સુકૃતને અનુમોદવું'
એ આ જિનશાસનના તત્ત્વજ્ઞાનનો નિચોડ છે.

# જૈન ધર્મ - આચાર

જૈનોનું સાહિત્ય સુનિશ્ચિત અર્થ આપતું હોવાને કારણે તેમાં વિચારભેદને અવકાશ નથી એટલે જૈન ધર્મના વિવિધ સંપ્રદાયોનો આધાર વિચારભેદ નથી, કિન્તુ આચારભેદ છે અને જ્યારથી પણ તેનો ઈતિહાસ પ્રાપ્ત થાય છે, ત્યારથી વિચારની એકરૂપતા જળવાઈ રહ્યાનું જાણી શકાય છે.

જૈન આચારના મૂળમાં દ્વૈત નથી,
કિન્તુ ભાવ હોવાથી બાહ્ય આચરણ કરતાં
આંતરનો ભાવ એ આચારમાં મુખ્ય છે.

બાહ્ય આચારનું મહત્ત્વ ત્યાં સુધી છે કે જ્યાં સુધી તે આંતરના ભાવને ઉત્તરોત્તર નિર્મળ કરવામાં સહાયક હોય.

જો આમ બનતું ન હોય,
તો તો પછી બાહ્યાચારનો કશો જ અર્થ રહેતો નથી.

સમગ્ર જૈન આચારનો ભાર આંતરભાવ ઉપર જ છે, કિન્તુ તે કયો ભાવ? એ પ્રશ્ન થાય, તો તેનો ઉત્તર છે:

આત્મૌપમ્યભાવ અથવા સમભાવ.

## જૈન સિદ્ધાંતના ચાર સાર

ક્રિયાએ કર્મ, ઉપયોગે ધર્મ,
પરિણામે બંધ અને રુચિ અનુયાયી વીર્ય.

## જૈન ધર્મનો પ્રાણ

સમત્વની સાધના એ તો જૈન ધર્મનો પ્રાણ છે.
જૈન ધર્મની એક નોંધપાત્ર વિશેષતા પણ છે.
જૈન ધર્મના સાધુઓને 'સમણ' શબ્દથી અને આત્મ
સાધનાને 'સામાયિક' શબ્દથી સંબોધવામાં આવે છે.
શ્રી જિનદર્શનની અનુપમ સામગ્રી એ જૈનશાસનની
જયપતાકા, સંઘનું ગૌરવ, નગરની શોભા તથા જગતનું
કલ્યાણકારક અતિ અદ્ભુત અને અપૂર્વ સાધન છે.
'જેણ મેત્તિં પભાવેજ્જા તં નાણં જિણસાસણે ।' અર્થાત્:
જેના વડે જિનશાસનમાં મૈત્રી પ્રચાર થાય, તે જ્ઞાન છે.
અહીં જ્ઞાનનું ફળ મૈત્રીની પ્રભાવના કહી છે.
માત્ર વૈરાગ્યના ઉપદેશથી શાસનની વ્યવસ્થા શક્ય નથી.
વૈરાગ્ય સાથે મૈત્રી મળીને જ શાસનનાં મૂળ ઊંડા જાય છે.

## જિનભક્તિ - જીવમૈત્રી કઈ રીતે પરસ્પરાશ્રિત ?

'જન' કે 'જૈન' ને જો ઇચ્છાઓ જુદી પડે, તે છે:

જિનભક્તિ - જીવમૈત્રી.

તેની સાથે માધ્યસ્થ્ય જોડાયું છે.

માધ્યસ્થ્યગુણ ચિત્તશુદ્ધિની અપેક્ષા રાખે છે.
ચિત્તશુદ્ધિ ન્યાયબુદ્ધિની, ન્યાયબુદ્ધિ યથાર્થ જ્ઞાનની,
યથાર્થ જ્ઞાન આપ્તવચનની, આપ્તવચન આપ્તપુરુષની,
આપ્તપુરુષનો સમાગમ પુણ્યબળની, તે દેવગુરુભક્તિની,
દેવગુરુની ભક્તિ દીન-દુઃખીની દયાની અને
દીન-દુઃખીની દયા દેવગુરુની ભક્તિની અપેક્ષા રાખે છે,
એમ જિનભક્તિ તથા જીવમૈત્રી પરસ્પરાશ્રિત છે.

પ્રાણીમાત્રની સાથે મિત્રતા - સમતાનો ઉપદેશ આપનાર
જૈન ધર્મ કહે છે કે:

જે વ્યક્તિ કોઈની સાથે એક વર્ષથી અધિક સમય
સુધી શત્રુતા રાખે છે, તે વ્યક્તિને પોતાની જાતને
'જૈન' તરીકે ઓળખાવવાનો અધિકાર નથી.

# જિનચૈત્ય અને વિશ્વ

જેમ એક જિનચૈત્યની પ્રત્યેક વસ્તુ પરમ મંગળ છે,
તેમ વિશ્વની પ્રત્યેક વસ્તુ મંગળ - વિશ્વસ્વરૂપ છે.
જિનચૈત્યમાં જિનબિંબ, તેમ વિશ્વમાં આત્મા મુખ્ય છે.

આ આત્મદેવ એવો છે કે જે
સદા સર્વ ચેષ્ટાઓથી પૂજાઈ રહ્યો છે,
સર્વ શબ્દોથી સદા સ્તવાઈ રહ્યો છે,
સર્વ ચિત્તપરિણામોથી સદા ધ્યેય થઈ રહ્યો છે,
સર્વ ક્રિયાઓથી સદા દંડવત્ પ્રણામ કરાઈ રહ્યો છે.

એવો કોઈ સમય નથી કે જ્યારે
એ પોતે પોતાની પૂજા ન કરતો હોય,
પોતાનું માહાત્મ્ય પોતે પ્રકટ કરતો ન હોય.

આંખો કે કાન બંધ કરીને યોગીઓ તેને પકડવા મથે છે,
કિન્તુ જે આંખ સદા ખુલ્લી છે,
જે કાન ક્યારે પણ બંધ થતાં નથી,
તેના વડે ઉત્તમ યોગીઓને એ સદા સાક્ષાત્ગમ્ય છે.

## જિનશાસનમાં 'નમામિ' અને 'ખમામિ'નું માહાત્મ્ય

આ બે શબ્દો જિનશાસનનું અર્ક છે.

જગમાં રહેલું શુદ્ધત્વ નમનીય - અશુદ્ધત્વ ક્ષમનીય છે.

જીવત્વ આદરણીય છે અને

કર્મના કારણે આવેલું જડત્વ ક્ષન્તવ્ય છે.

જીવરાશિના બે વિભાગ:

ધર્મ પામેલ અને ધર્મ નહીં પામેલ.

ધર્મને પામેલ જીવો સાથે 'નમામિ' શબ્દપ્રયોગ સાર્થક છે.

ધર્મ નહીં પામેલ જીવો સાથે 'ખમામિ' શબ્દ સાર્થક છે.

'ખમામિ' શબ્દમાં શું શું આવી જાય?

કરેલા અપરાધોની ક્ષમાપના અને તે જીવોના પોતાના પ્રત્યે થયેલા સર્વ અપરાધોને પણ સહન કરવાની વૃત્તિ.

જીવમાત્ર પ્રત્યે એક 'નમામિ' અને બીજો 'ખમામિ' એ બે શબ્દોનો જ વ્યવહાર હોવો જોઈએ, એથી ત્રીજા પ્રકારની ભેદબુદ્ધિ અન્ય વૃત્તિ આશાતનામય છે.

શાસ્ત્રોક્ત આરાધકભાવ નમામિ અને ખમામિમાં રહેલો છે.

'નમામિ સવ્વજીવાણં | ખમામિ સવ્વજીવાણં |'

'નમામિ' શબ્દ સુકૃતાનુમોદના અર્થમાં છે અને
'ખમામિ' શબ્દ દુષ્કૃતગર્હા અર્થમાં છે.
ભવ્યત્વપરિપાકના પરમ સાધનો એટલે...
દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનાપૂર્વક ચતુઃશરણાગમન.
ઉપકારના બદલામાં નમામિ અને
અપકારના બદલામાં ખમામિનો પ્રયોગ
જીવો સાથે ઔચિત્યપાલન કરાવે છે.
ઔચિત્યગુણના પાલનપૂર્વક આત્મકલ્યાણમાર્ગ સુલભ બને.

'નમામિ' - 'ખમામિ' સાથે ૬ આવશ્યકો

'નમામિ' પદમાં પ્રથમ 3 આવશ્યકો સમાયાં છે.
દર્શન, જ્ઞાન, ચારિત્રગુણનો વિસ્તાર કરનારાં
સામાયિક, ચઉવિસત્થો અને ગુરુવંદનનું આરાધન
એમ 'નમામિ' પદમાં સમાઈ જાય છે.
'ખમામિ' પદમાં પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને
પચ્ચક્ખાણ એમ પછીના 3 આવશ્યકો સમાઈ જાય છે.

'નમામિ' પદમાં ઉપકારી તત્ત્વો પ્રત્યે
કૃતજ્ઞતા અથવા gratitude છે.
'ખમામિ' પદમાં અપકારી માનવી પ્રત્યે
ક્ષમાપના અથવા forgiveness છે.
'નમામિ' અને 'ખમામિ' જે માનવના જીવનમાં નથી,
તેના જીવનમાં શુભ ધ્યાનનો અભાવ છે.
જેને કૃતજ્ઞતાના સ્થાને કૃતઘ્નતા અને
પરોપકારના સ્થાને પરાપકારનું સેવન ચાલુ છે,
તે બંને આર્તધ્યાનનાં જ નહીં, કિન્તુ
રૌદ્ર ધ્યાનના પણ ઉત્પાદક છે, તેથી
આર્ત તથા રૌદ્ર એમ બંને પ્રકારના અશુભ ધ્યાનને રોકી
ધર્મ તથા શુક્લ એમ બંને પ્રકારના શુભ ધ્યાનનું સેવન
કરાવનાર છ એ પ્રકારના આવશ્યકો અને
પાંચે ય પ્રકારના આચારના સંગ્રહરૂપ
'નમામિ' અને 'ખમામિ' - એ બંને ગુણો
આપણા જીવનમાં ઊંડે ઊંડે આરાધ્ય છે.

In Jain shasan, Forgiveness and Gratitude are the two essentials for the total purification and sublimation of the entire system. The secret of all super personal help is surrender, surrender of the personal power to the central power within one self.

❖

Truth means inclination of the mind towards God in Jain shasan. God opens all ways where human sense there seems to be no way. All things confirm to the right thing. The greatest revelation is stillness.

## જૈન ધર્મના મૂળ અને મુખ્ય સિદ્ધાંતો

(૧) સમતા - ઉપશમ (૨) સંયમ (૩) તપ (૪) કર્મવાદ
(૫) પુરૂષાર્થવાદ અકૃત્રિમ જગત્ અકર્તૃત્વવાદ
(૬) સ્યાદ્વાદ - નિષ્પક્ષપાતતા - સાપેક્ષવાદ - સમન્વયવાદ
(૭) અહિંસા - સત્ય - અસ્તેય - બ્રહ્મચર્ય - અપરિગ્રહ

ઉપરોક્ત ૭ સિદ્ધાંતોના પાયા ઉપર જ જૈન ધર્મની સ્થાપના થઈ છે. આ દરેક સિદ્ધાંતો મહત્વના છે.

અહિંસાનો સિદ્ધાંત સમરસતાને જન્મ આપે છે,
અપરિગ્રહનો સિદ્ધાંત સરસતાને જન્મ આપે છે તથા
અનેકાન્તનો સિદ્ધાંત મધુરતાને જન્મ આપે છે.

## જૈન ધર્મનો અર્થ જિનનો ધર્મ.

જિન કોણ? જિન કોઈ વ્યક્તિનું નામ નથી, કિન્તુ આત્માની એક શુદ્ધ સ્થિતિનું નામ છે.

વીતરાગભાવનાં પૂર્ણ વિકાસનું નામ જિન છે.

કષાય, મોહ, માત્સર્યનો પડદો દૂર થવાની સાથે જિનત્વ પ્રગટ થાય છે. તેનો કહેલો ધર્મ તે જિન ધર્મ.

## જિનધર્મ એટલે અશરણાનુપ્રેક્ષા.

દયાવાન હોય, તે પરોપકારની બુદ્ધિવાળો અવશ્ય હોય.
પરોપકારની બુદ્ધિવાળો હોય, તે દયાવાન અવશ્ય હોય.
સમ્યક્ત્વ સહિત જિન ધર્મ જ જન્મ - જરા - મરણનાં
દુઃખ નિવારવા સમર્થ છે, બીજું કોઈ શરણ સમર્થ નથી.
જૈન ધર્મ = દયાપ્રધાન પરોપકાર, મૈત્રીપ્રધાન કરૂણા.

સર્વાત્મભાવની સાધના જનરૂપે છે તથા
પરમાત્મભાવની સાધના બાજનરૂપે છે.

એક પરાર્થભાવના રૂપ છે, બીજો પરમાર્થભાવના છે.
વિશ્વાત્માનો વિચાર = પરાર્થ. એ સ્વાત્મા માટે છે.

સ્વાત્માનો વિચાર = પરમાર્થ.
પરમાર્થ એ વિશ્વાત્મભાવથી સિદ્ધ થાય છે.

## જૈનદર્શનના મતે ધર્મનું લક્ષણ

જૈન દર્શનના મતે પુણ્યોપાર્જન અને કર્મનિર્જરા -
જે ક્રિયાથી થાય, તે 'ધર્મ' છે.
તેને શુભાશ્રવ - સંવર - નિર્જરા શબ્દથી સંબોધે છે.

## જૈન ધર્મ શું નથી અને શું છે?

રાગ-દ્વેષાદિ દોષો ઉપર સ્વયં આક્રમણ ન કરવું અને
રાગ-દ્વેષાદિ દોષોથી આક્રાન્ત થવું, તે જૈન ધર્મ નથી.

જૈન ધર્મ તો સહેલો છે...

રાગાદિ દોષોથી આક્રાન્ત ન થવું અને
રાગાદિ દોષો ઉપર આક્રમણ કરવું તેમાં.
તેમાં જેટલી શિથિલતા રહે,
તેનું પ્રતિક્રમણ કરવું, તે પણ જૈન ધર્મ છે.

આ વીતરાગનો ધર્મ તો તે જ હોઈ શકે કે જે વડે
રાગદ્વેષાદિ મટે પીગળતા આત્મામાં શાન્તિ અનુભવાય.
જે ઉપાયોથી શાંતિ, આત્મજ્ઞાન, સમાધિ અને આત્માનંદ
થાય, તે ઉપાયોનું આરાધન - સાધન તે જ જૈન ધર્મ છે.

'જિન' એટલે રાગ - દ્વેષને જીતનાર,
તેમણે પ્રતિપાદન કરેલો ધર્મ તે જૈન ધર્મ.
જૈન આચારનું ધ્યેય મુક્તિ છે.
સાચું જૈનત્વ એટલે સમભાવ અને સત્ય દર્શન.

જૈન દર્શન અખંડ ચેતનાનું દર્શન છે.

તે ચૈતન્યમાત્રને અખંડ નહીં, અભેદ દૃષ્ટિથી દેખે છે.

ચૈતન્ય પ્રત્યે તેની અભેદ-અદ્વૈતભાવની ઉદાત્ત દૃષ્ટિ છે.

જૈન દર્શન 'એગો આયા'ની ઉદ્‌ઘોષણા કરે છે.

પ્રાણીમાત્રમાં એકસમાન આત્મતત્ત્વનું જ દર્શન કરે છે.

તે કહે છે કે વિશ્વનું સમગ્ર ચૈતન્યતત્ત્વ એકસરખું છે,

ગુણધર્મથી તેના શુદ્ધ સ્વરૂપમાં એક અને અભિન્ન છે.

જૈન દર્શન ઈશ્વરને શક્તિ અને

શાસનનું પ્રતીક નહિ પણ શુદ્ધિ પ્રતીક માને છે.

આત્મા જ્યારે પૂર્ણ શુદ્ધિની ભૂમિકા પર પહોંચે છે,

ત્યારે તે સિદ્ધ થાય છે અને

આત્મા મટી પરમાત્મા થઈ જાય છે.

'જિન' એટલે શુદ્ધ આત્મદશાની નિધિ,

જયને અને જિનને જે ભજે, તે જૈન.

જ્યાં કષાય, ત્યાં જૈનત્વ નહિ.

કષાયરહિત થવું, તે જ વીતરાગનો ધર્મ.

જૈનશાસનની મુખ્ય બે વસ્તુ : આચાર અને વિચાર.

(૧) આચારમાં અહિંસામય પ્રવૃત્તિ.

(૨) વિચારમાં સાપેક્ષવાદ, સ્યાદ્વાદ અને અનેકાંતવાદ.

જૈન ધર્મનું મૂળ અર્થાત્ સાચું જૈનત્વ શેમાં રહેલું છે?

તે દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી કે તેરાપંથીપણાંમાં નહિ,
કિન્તુ વ્યવહારશુદ્ધિ, આચારશુદ્ધિ,
વિચારશુદ્ધિ તથા આત્મશુદ્ધિમાં રહેલું છે.

સાચું જૈનત્વ અહિંસા, સમતા, સત્યને પાળવાની અને
ગમે ત્યાંથી ગુણોને સ્વીકારવાની તત્પરતા તથા
આ ૨૪ તીર્થંકરોના સર્વ જીવ પ્રત્યેના
સમભાવ - મૈત્રીભાવ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે.

આપણી ધાર્મિક પ્રવૃત્તિઓ
આ આંતરિક ગુણોને જેટલા પ્રમાણમાં આવકારે, તેટલા
પ્રમાણમાં જ જૈનત્વની સમીપ આપણો આત્મા પહોંચી શકે.

સાચા નવતત્ત્વની શ્રદ્ધામાં જ
દેવ - ગુરુ - શાસ્ત્રની ઓળખાણ આવી જાય છે.

# <u>જૈન દર્શન શેનું પ્રતીક ?</u>

જૈન દર્શન જડતાનું પ્રતીક કે જડતાનું ઉપાસક નથી.
એ તો છે ચૈતન્યનો અસ્ખલિત પ્રવાહધોધ અને તેની
ઉપાસનાનો પરમ સ્રોત, પછી તે ચૈતન્ય એકેન્દ્રિયનું હો કે
પંચેન્દ્રિયનું હો, ચૈતન્ય મહાસાગરની ઉપાસનાનું ફૂલ છે.

જેની આદિ છે અને અંત નથી, એવા
સુખનાં સાગરના સાગર, તે પણ અવ્યાબાધ, દુઃખનાં
લેશ વિનાના અને જેનાથી અધિક કોઈને પણ ન હોય,
તેવા ચૈતન્ય મહાસાગરની ઉપાસનાનું ફૂલ.

<u>જિનશાસન એ વિશ્વશાસન છે, તેમાં જોડે રહેવું હોય,</u>
<u>તેણે જિનની સાથે અભેદ સંબંધ સાધવો જ રહ્યો.</u>

ભારતની સાથે મારાંપણાંનો સંબંધ છે, તે <u>ભારતીય</u> છે,
તેમ જિનની સાથે મારાંપણાંનો સંબંધ છે, તે <u>જૈન</u> છે.

સકલ પ્રાણીઓની પીડાને નિવારણ કરનાર
જે મોક્ષ છે, તે માટેનું સર્વશ્રેષ્ઠ કારણ તથા
સર્વને સુલભ - અપક્ષપાતી એવું <u>જૈનશાસન</u> છે.

## જિનનું શાસન - આરાધના ક્યાં નહિ?

જ્યાં ક્યાંય પણ જિનાલયનો ડંકા છે, ત્યાં તેની શિક્ષા કાયમ જ છે, તેમ જિનશાસન વિશ્વવ્યાપી છે, તેની સાથે તાદાત્મ્ય સાધવું, એ પ્રાણીમાત્રનું કર્તવ્ય છે. તેમાં જ તેનું હિત છે. સર્વહિતકારી શાસનની અવગણના કરી સુખ મેળવવું આકાશકુસુમવત્ છે. જિનનો સંબંધ છોડીને સુખ સાથે સંબંધ સ્થાપિત કરવો અશક્ય છે, તેમ સુખના અર્થીએ સુખનિધાન એવા પાંચે પરમેષ્ઠિઓને પોતાનું સર્વસ્વ સમર્પણ કરવું જોઈએ અને તે સ્વભાવ રૂપ પણ બનવું જોઈએ.

વિશ્વના કોઈપણ સ્થાને આ જિનશાસનની ગેરહાજરીની માન્યતા જ ભ્રમરૂપ છે. રાજાની ગેરહાજરીથી રાજ્યમાં જેમ અંધકાર વ્યાપી જાય છે અને રાજાની હાજરીથી સમગ્ર રાજ્યમાં શાંતિ છવાઈ જાય છે, તેમ વિશ્વના પ્રભુ અરિહંત અને વિશ્વમાં તેમની આરાધનાનું સામ્રાજ્ય જ વિશ્વમાં વસતાં પ્રાણીમાત્રને આશ્વાસનનું સ્થાન છે.

પ્રકાશની ગેરહાજરીમાં અંધકાર અનુભવાય છે, તેમ વિશ્વના કોઈપણ ખૂણામાં આર્હંત્યની ગેરહાજરીની માન્યતા જ ભયરૂપ છે. એમના સાર્વલૌકિકત્વનો વિચાર અને સ્યાત્કાર ભાષા અને આશ્વાસનનું સ્ત્રોત કિરણ છે. પ્રકાશના કિરણને તેના મૂળસ્ત્રોતથી વિછૂટું પડ્યાં પછી જેવી સ્થિતિ થાય છે, તેવી જ સ્થિતિ આ સંસારમાં આર્હંત્યની શ્રદ્ધાથી રહિત જીવની થાય છે, સર્વત્ર અંધકાર અને અશુભ દેખાય છે. શુભની ગેરહાજરીની માન્યતા જ ભયરૂપ છે, તેથી પરમ શુભ, સર્વના શુભરૂપ અને હિતકારક એવા આર્હંત્યની શ્રદ્ધા - વિશ્વાસથી જીવ જ્યારે વંચિત થાય, ત્યારે તે અસહાયતા અનુભવે છે. આર્હંત્યને સાચી રીતે ઓળખવા માત્રથી જ ભય અદૃશ્ય થઈ જાય છે. આર્હંત્યનો પ્રકાશ ત્રાણરૂપ છે.

## જૈન ધર્મના પ્રાણ

વાણીમાં સાપેક્ષવાદ, વિચારમાં અનેકાન્ત તત્ત્વજ્ઞાન અને આચારમાં અષ્ટપ્રવચન માતા - એ જૈનધર્મના પ્રાણ છે.

## 'જન' એટલે 'જૈન' બને ?

જન ઉપર એક માત્રા સ્વાર્થ ઉપસર્જનની અને બીજી માત્રા પરાર્થસર્જન - પરાર્થકરણની, એમ બે માત્રા આવે, ત્યારે તે જનમાંથી બને છે જૈન.

## સાચો જૈન કોણ ?

'જનકલ્યાણમાં સ્વકલ્યાણ' એમ માનનારો સાચો જૈન.

## જૈન ધર્મની વિશિષ્ટતાઓ

(૧) કર્મ અને પુનર્જન્મ (અન્ય ધર્મ સાથે common)
(૨) અહિંસા, સત્ય, મૈત્રી, કરુણા આદિ ( " )
(૩) ઉકાળેલું પાણી (૪) રાત્રિભોજનનો ત્યાગ
(૫) ક્ષમાપના (મિચ્છામિ દુક્કડં)
(૬) ઉપવાસ - તપ (૭) શીલ - બ્રહ્મચર્ય
(૮) દાન - ઉદારતા (૯) ધ્યાન - જપ - કાયોત્સર્ગ
(૧૦) સામાયિક - પ્રતિક્રમણ (૧૧) પાદવિહાર - માધુકરી
(૧૨) રજોહરણ - મુહપત્તિ તથા તીર્થયાત્રા - દેવપૂજા અને સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકાથી બનેલ ચતુર્વિધ સંઘ.

## સંઘપૂજાની મહત્તા

(a) સંઘપૂજાનો વિષય મોટો હોવાથી તે બહુ ગુણવાળી છે. તીર્થંકર પછી તીર્થ સંઘથી ચાલે છે, માટે સંઘ મહાન છે.

(b) સંઘ એ અનેક જીવોમાં રહેલ સમ્યગ્દર્શન આદિ ગુણરૂપ હોવાથી ગુણનો સમુદાય 'સંઘ' કહેવાય છે. પ્રવચન, તીર્થ, સંઘ - એ બધા જ એકાર્થક શબ્દો છે.

(c) તીર્થંકરપણું શેનું ફળ છે? શાસ્ત્રોમાં કહ્યાં પ્રમાણે એ તીર્થરૂપ પ્રવચનમાં કહેલા અનુષ્ઠાનની આરાધનાનું ફળ છે.

(d) સંઘના આદર્શ સત્ય હોવાથી સંઘના ગુણો એટલે કે વિનય તથા કૃતજ્ઞતાગુણનું આદર્શ રીતે પાલન થાય છે.

(e) સંઘને પૂજવાથી પૂજનીય સર્વ વસ્તુની પૂજા થાય છે. સંઘથી ચઢીયાતી પૂજનીય વસ્તુ 3 ભુવનમાં બીજી છે નહીં.

(f) સંઘપૂજાનો પરિણામ મહાન વિષયવાળો છે, કેમકે સંઘ મહાન છે. સર્વ સંઘની પૂજા ન થઈ શકે, તો દેવાધિદેવના ચરણરૂપી એક અંગની પૂજાના દૃષ્ટાંતે આ સંઘના એક ભાગને પૂજનારો પણ પુણ્યવાન - ભાગ્યશાળી ગણાય છે.

શિરોહી, ભાદરવા સુદ ૫, શુક્રવાર

શ્રી સંઘશાંતિ માટે અને ઉપદ્રવોના નિવારણ માટે
પંન્યાસ શ્રી ત્રિલોચનવિજયજી ગણિવરે સૂચવેલ
નીચેની વિધિની આરાધના કરવા યોગ્ય છે:

(૧) 'ૐ સંતિ સંતિ પસંતિ ઉવસંતિ
સવ્વં પાવં ઉવસમેઉ ઠઃ ઠઃ સ્વાહા ।' - વર્ણ ૨૫
આ મંત્ર અનુભવસિદ્ધ છે.

સમસ્ત સંઘ મળીને આયંબિલપૂર્વક ૧૨૫૦ માળા સહિત સવા લાખ મંત્રનો જાપ કરે.

એક દિવસે પૂરો ન થાય, તો બે કે ત્રણ દિવસમાં આ જાપ પૂરો કરે, ત્યાં સુધી આયંબિલ ચાલુ રાખવા.

(૨) એક દિવસ સકલ શ્રી સંઘમાં
સામુદાયિક આયંબિલપૂર્વક સામુદાયિક સ્નાત્ર ભણાવીને
૧૦૮ વાર (એક પૂરી માળા) નવકાર,
ઉવસગ્ગહરં, લોગસ્સ - એમ દરેક પારાએ વારાફરતી
ત્રણે સૂત્રો સંઘમાં સૌએ એકસાથે ગણવા.

(૩) વ્યાખ્યાન બાદ નીચેના ૪ સ્તોત્રો સંભળાવવા:

જૈન રક્ષા મહાસ્તોત્ર (જિનપંજર સ્તોત્ર),

આત્મરક્ષા સ્તોત્ર, તિજયપહુત્ત સ્તોત્ર, ભક્તામર સ્તોત્ર.

(૪)નીચેના ત્રણ સ્તોત્રની એક એક માળા ગણવાની છે:

સિદ્ધાણં બુદ્ધાણં, સંતિકરં તથા

લઘુશાંતિ - એ ત્રણે સ્તોત્રોનો પ્રકાર મુખપાઠ બોલે.

આ પ્રકાર મુખપાઠ એક વ્યક્તિથી ન બને,

તો ૪ વ્યક્તિ ૨૭ - ૨૭ વાર બોલે.

(૫)ત્રિગડામાં ચૌમુખજી ભગવાનને પધરાવવા અને

તેમને ૧૦૮ સફેદ ફૂલ ચઢાવવા.

એક સ્તોત્ર પૂરું થાય, ત્યારે એક ફૂલ ચઢાવતાં જવું.

ધૂપ - દીપ પ્રગટેલાં રાખવા, ત્યાર બાદ આયંબિલ કરવું.

(૬)આટલું કરી બપોરે અંતરાયકર્મની પૂજા ભણાવવી.

(૭)એ પછી નીચેના ૩ સ્તોત્ર શુદ્ધ ઉચ્ચારપૂર્વક બોલવા:

નમિઊણ સ્તોત્ર, કલ્યાણમંદિર સ્તોત્ર, મોટી શાંતિ સ્તોત્ર.

સંઘના સર્વ ઉપદ્રવો શમન કરવાનો અમોઘ ઉપાય છે.

'જૈન' શબ્દની ભાષા વિજયની અને જીતની છે.

'ક્ષત્રિય'નો અર્થ છે વિજય મેળવનાર.

જિન = જીતનાર, વીર = પરાક્રમ કરનાર.

વિજય મેળવનાર સંપ્રદાય, તે જૈન સંપ્રદાય.

બ્રાહ્મણની ભિક્ષુવૃત્તિ તે નમ્રતાનું પ્રતીક છે,

ક્ષત્રિયની વીરવૃત્તિ તે વિજયનું પ્રતીક છે.

ક્ષત્રિય માંગશે નહિ પણ જીતશે. પરમાત્મા સમક્ષ પણ તે હાથ લાંબો નહીં કરે, તે તો જીતશે જ, વિજય મેળવશે.

અસહાયનું પ્રકરણ તે ભિક્ષુમાર્ગ છે.

સંરક્ષણનો વિશ્વાસ તે ક્ષત્રિયમાર્ગ છે. ભીખના માર્ગે મહાવીર જેવા વ્યક્તિ થવાની કોઈ સંભાવના નહોતી.

જીતે તે જૈન તથા બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ.

જૈન ધર્મનું તત્ત્વ ઈંદ્રિયો - મનોવિકારોને જીતવામાં અને બ્રાહ્મણધર્મનું વિશ્વની વિશાળતા આત્મામાં ઉતારવામાં છે. સાચા જૈન થયાં વિના બ્રાહ્મણ - સાચા બ્રાહ્મણ થયાં વિના જૈન થવાતું નથી. જૈન અને બ્રાહ્મણ પર્યાય શબ્દો છે.

'જૈન' શબ્દની ભાષા દીનની કે આરાધકની નહીં પણ
રક્ષકની ઉપરાંત જીતનારની ભાષા છે.

'પ્રસાદ કે ભાગ્યની મહેરબાનીથી મળશે' વાળી ભાષા નથી.
બ્રાહ્મણ છે માંગવાવાળો, ક્ષત્રિય છે જીતવાવાળો. એક
દયા - દાનથી જીવશે, બીજો દુશ્મનને ખતમ કરીને જીવશે.

સ્વામી સમંતભદ્રે કાવ્યમાં કરેલ જૈનશાસનની વ્યાખ્યા:
'સર્વાપદામન્તકરં નિરન્તરં સર્વોદયં તીર્થમિદં તવૈવ ।'
અર્થાત્: સર્વ આપત્તિઓનો અંત કરનારું,
નિરન્તર સર્વ ઉદયવાળું તીર્થ તમારું જ છે.
આ 'જિનશાસન'નો એક અર્થ 'જયશાસન' છે.
કર્મ ઉપર જયનું પ્રભુત્વ સ્થાપન કરવા માટે
બધા જીવોનું સ્વામિત્વ પોતા પર પ્રથમ સ્થાપન કરવું
જોઈએ અને પછી પોતાના અંગ-પ્રત્યંગો ઉપર અને
તેના કારણરૂપ કર્મસત્તા ઉપર દરેક જીવને પ્રભુત્વ
પ્રાપ્ત થાય છે. સમસ્ત સત્ત્વ ઉપર સ્નેહપરિણામથી
આપણું જિનશાસન ઠાંસી ઠાંસીને ભરેલું છે.

જૈન ધર્મ એટલે... વિભાવમય બનેલાં
આત્માને સ્વભાવમય બનાવવાની પ્રક્રિયા.

જૈન ધર્મ 'પ્રધાનં સર્વ ધર્માણાં' શા માટે ?

ધર્મ વિશ્વવત્સલ છે, ગુરુ સકલ સત્ત્વહિતાશયી છે
તથા દેવ પરમોપકારી હિતકારક છે.
સર્વ ધર્મોમાં પ્રધાન ધર્મ જૈન ધર્મ છે,
કેમકે જૈન ધર્મ પરમાર્થવત્સલ છે.
સર્વ ગુરુઓમાં પ્રધાન ગુરુ સુસાધુઓ છે,
કેમકે તેઓ પરમોપકારિતાના ધારક છે.
સર્વ દેવોમાં પ્રધાન દેવ વીતરાગ જિનેશ્વર દેવ છે,
કેમકે તેઓ વિશ્વહિતકર ઉપદેશના દાતા છે.
ધર્મનું લક્ષણ વાત્સલ્ય છે, જેમાંથી ક્ષમાદિ ધર્મો બને છે.
ક્ષમાદિ ઉત્તમ ધર્મોને ધારણ કરનાર ગુરુઓ છે અને
ક્ષમાદિ ઉત્તમ ધર્મનું ફળ મુક્તિ છે. મુક્તિ, મુક્તિમાર્ગ
અને મુક્તિસાધક - ત્રણે ય નવકારમંત્રમાં ગૂંથાય છે.
જે ધર્મમાં ઉપયોગ મુખ્ય છે, તેનું નામ જૈન ધર્મ છે.

# ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય
# શ્રી યશોવિજયજી ગણિવર

શ્રી જૈનશાસન રૂપી નભોમંડળમાં પ્રકાશને પાથરનાર
અગણિત તારલા થઈ ગયાં, તેમાં
વર્તમાન શાસનને સૌથી વિશેષ પ્રભાવિત કરનાર
છેલ્લી મહાન વિભૂતિ તે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી.
પરમાત્મા મહાવીરના શાસનને
તેમણે સાચી રીતે ઓળખ્યું અને જગતને ઓળખાવ્યું.
અનેકાંતગર્ભિત જૈન સિદ્ધાંતને સાચી રીતે ઓળખવો
અને ઓળખાવવો, એ કાંઈ બાળકનો ખેલ નથી જ,
છતાં બાળક યશોવિજયે એ ખેલ ખેલી બતાવ્યો છે.
બાલ્યવયમાં દીક્ષા લઈ, મન - વચન - કાયાથી ગુરુને
સમર્પિત થઈ, શુદ્ધ સાધુધર્મને પાળી, પોતાના સમયમાં
વિદ્યમાન જૈન - અજૈન સઘળાં શાસ્ત્રોના પારંગત બની,
સ્યાદ્વાદ સિદ્ધાંતના સારને નૂતન ગ્રંથોમાં ગુંથીને, દેવી-
તર્ક અને કાવ્ય ઉપર અદ્ભુત પ્રભુત્વ પ્રાપ્ત કરીને,

જિનશાસનની મહાન પ્રભાવના કરીને,
અનેક મનનીય ગ્રન્થરત્નોનું સર્જન કરીને,
લબ્ધિના પ્રભાવે સમ્યગ્જ્ઞાનનો અદ્વિતીય-
અમૂલ્ય વારસો આપી જવો, એ કાર્ય નાનું-સૂનું નથી.
ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ એવું એક કાર્ય
કરી ગયા છે કે જે વડે સમ્યગ્જ્ઞાનનો ભૂખ્યો કોઈપણ
માનવ તેમના ગ્રન્થો વડે પોતાની ભૂખ ભાંગી શકે છે,
સમ્યગ્દર્શનનો તરસ્યો તેમની વિવિધ પ્રકારની કૃતિઓ
રૂપી જળનું પાન કરીને પોતાની તરસ છીપાવી શકે છે
તથા સમ્યક્ચારિત્રનો રસિયો કોઈપણ મુનિ
તેમના આદર્શ સંયમજીવનના આદર્શ દ્વારા
પોતાના સંયમને ઉજ્જ્વળ બનાવી શકે છે.
ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના જીવનની ખરેખરી
મહત્તા અને ઉપકારકતા વળી બીજી પણ છે અને તે
આજના જિજ્ઞાસુ જીવોને પ્રભુનો સત્ય માર્ગ શું છે,
તે જાણવા માટે તેમની કૃતિઓની સર્વ માન્યતા છે.

એક વિશ્વસનીય સ્થાન - ઉપાધ્યાયજી મહારાજ

એક જાણકાર માંડીને વિદ્વાન પર્યંત સર્વ કોઈને
ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના વચનોની
ટંકશાળીતામાં લેશ પણ સંદેહ હતો નહિ.
આજે સર્વ કોઈ માર્ગ ભૂલેલાને માર્ગ પામવાનું
એકનું એક વિશ્વસનીય સ્થાન ઉપાધ્યાય
શ્રી યશોવિજયજી મહારાજની વિદ્યમાન ગ્રન્થકૃતિઓ છે.
પૂર્વધરો અને અતીન્દ્રિય જ્ઞાનીઓના આ વિરહકાળમાં
સાચો જૈન ધર્મ અને સાચો મોક્ષમાર્ગ શું છે,
તેને યથાસ્થિતપણે જો કોઈ સાધકને જાણવો હોય,
તેને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની
કોઈપણ કૃતિનું અધ્યયન સાધકને કોલ આપે છે કે:
'હું તને સત્ય માર્ગ જણાવીશ.'
આજના માનવીને ઉપાધ્યાયજીની કૃતિઓનો આધાર
લીધા વિના જો જૈન શાસ્ત્રનું સત્ય સમજવું હોય,
તો તે અશક્ય નહીં તો પણ દુઃશક્ય તો છે જ.

જૈન ધર્મનો સાર - સાધનાનો પ્રાણ શું ?

'નાના - મોટા બધા જીવો મારા મિત્ર છે,
મારે કોઈની સાથે વૈર કે વિરોધ નહિ.'
આ સમતા જૈન ધર્મનો સાર છે, સાધનાનો પ્રાણ છે.
સમતાને સાધો અને મોક્ષને મેળવો.
શુદ્ધ આત્મસ્વરૂપનું લક્ષ્ય રાખી અહિંસાદિ સાધનોમાં
સતત ઉદ્યમ કરવો, એ જ શ્રી જિનશાસનનો મર્મ છે.
શ્રી જિનશાસન ખરેખર અદ્ભુત છે!
વીતરાગ, સર્વજ્ઞ, કરુણાસિન્ધુ અને
અચિન્ત્યશક્તિસંપન્ન પરમાત્મા શ્રી જિનેશ્વરદેવ તથા
એમણે બતાવેલી અનેકાન્તમય વિચારપદ્ધતિ,
સ્યાદ્વાદમય ભાષાપદ્ધતિ અને નિશ્ચય - વ્યવહાર,
જ્ઞાન - ક્રિયા તથા ઉત્સર્ગ - અપવાદમય
શુદ્ધ ધર્મની સાધનાપદ્ધતિ અદ્ભુત છે.
જે એને જાણે છે, સમજે છે, સ્વીકારે છે,
તેનું જીવન ધન્ય બની જાય છે.

## જૈન ધ્વજ કઈ રીતે બની શકે ?

પંચવર્ણ એ પંચપરમેષ્ઠિના પ્રતીક, સ્વસ્તિકના ૪ પાંખડાં એ ૪ ગતિના પ્રતીક, 3 બિંદુઓ એ 3 રત્નના પ્રતીક, ધર્મચક્ર એ અહિંસા અને પરસ્પરોપગ્રહો જીવાનાં । એ સૂત્રનું પ્રતીક, પાંચ આંગળીઓ વડે અભયપ્રદતાનું પ્રતીક - આ બધા મળીને જૈન ધ્વજ બની શકે.

## જિનશાસનનું ધ્યેય શું ?

પરસ્પરોપગ્રહના કારણે સંસાર વાત્સલ્યસભર છે અને ઇચ્છાના વિરોધના કારણે સંસાર મોહસ્વરૂપ છે. ઇચ્છા, આશા અને તૃષ્ણાથી રહિત થવું, એ જ શ્રી જિનશાસનનું ધ્યેય છે, તેને જ વીતરાગતા કહી છે. હૈયામાં વિષયરાગ હોય, તો જિનશાસનમાં પ્રવેશ નહીં. હૈયામાં જિનશાસન - જિનશાસનમાં હૈયું, એ જ છે. જિનશાસનરૂપી નગરમાં - રાજ્યમાં પ્રવેશ થાય, ત્યારે ત્યાં રહેલાં જ્ઞાન - દર્શન - ચારિત્ર રૂપી રત્નોના ઢગલાં દેખાય છે. ત્યાં ગણધરો - સૂરિવરોરૂપી દિવાનો છે,

દુર્નિવારી રૂપી સુભટો - લડવાની છે,
સિદ્ધાંતોનો અહીં ખજાનો છે, ધર્મસ્થાનો રૂપી મહેલાતો છે.
ધર્મબોધકર આચાર્ય એ manager છે,
ઉત્કાટ - દાહને શમાવનારું તત્ત્વરૂચિકર અમૃત છે,
નજરને સ્વચ્છ કરનાર વિમલાલોક અંજન છે,
જિનશાસનરૂપી નગરમાં ચારિત્રરૂપી પરમાન્ન છે,
તે રાગાદિ સર્વ રોગોને દૂર કરી ભાવારોગ્ય અર્પે છે.
સંસારશેરીઓમાં રહેલા વિષયોરૂપી એંઠવાડના ભિખારીને
જિનશાસનરૂપી મહેલમાં પ્રવેશ મળવો અતિ દુર્લભ છે.
કીડીને નિધાન જેને મળ્યું હોય, તેને ખાડો પૂરવાના
પત્થરના ટૂકડા વાંકાચૂંકા મળ્યાં, એનું શું દુઃખ થાય?
અગાઉનું દુઃખ નહિવત્ લાગે,
તો જિનશાસન પામ્યાનો આનંદ અનુભવો ગાઢ.
જો તમારે દુઃખને ભૂલવું હોય,
તો જૈનશાસનને પામ્યાંનો અનહદ આનંદ અનુભવો.
શાસનને મહાનિધાન, મહાસમૃદ્ધિ, મહાશ્રીમંતાઈ માનો.

આ જિનશાસનની ઉન્નતિ સાથે
સ્વપર ઉભયને બોધિલાભની પ્રાપ્તિ કરાવે છે.
'स्याद्वादो वर्तते यस्मिन् पक्षपात न विद्यते ।
नाऽस्त्यन्यपीडनं किंचित् जैनधर्मः स उच्यते ॥१॥'
અર્થાત્: જેમાં સ્યાદ્‌વાદ છે, પક્ષપાત નથી તથા બરાબર
બધાને પીડા અપાતી નથી, તે 'જૈન ધર્મ' કહેવાય છે.

ભગવાનનો સંઘ સર્વ ગુણોનો ભંડાર છે.
તીર્થંકર સમાન કહ્યો છે, આપણે તીર્થંકર સમાન એ
સંઘના અંશરૂપ છીએ, એટલે જવાબદારી મોટી છે.
સંઘમાં રહેલાં બધા સૌને સુખ જોઈને સુખ દેવું.

જૈન ધર્મનો પ્રચાર નહીં, પાળો પ્રખર આચાર.
જો પ્રખર આચાર હશે, તો પ્રચાર પોતાની મેળે થશે.
એ કારણે આવશ્યકતા બધાને જૈન બનાવવાની નથી,
કિન્તુ પોતે જૈન બનવાની, જિન બનવાની, જિનેશ્વર
બનવાની આવશ્યકતા છે. એકવાર જિનેશ્વર બનવાથી
સંપૂર્ણ વિશ્વ ચરણોમાં આળોટશે અને જૈન બનશે.

સંખ્યાનો મોહ છોડી અને સામર્થ્યનો મોહ રાખો.
પ્રચારનો મોહ છોડી અને પ્રભાવ ઉપર ધ્યાન કરો.
ધર્મને માટે અને વિશેષે કરીને જૈન ધર્મ માટે પ્રચારની
નહિ પણ આચાર-વિચારની સુવિશુદ્ધિ આવશ્યકતા છે.

## શ્રી જિનશાસનના પર્વોની યોજના શા માટે?

અનાદિ કાળથી જીવને કર્મના બંધનમાં જકડી રહેલાં
ક્રોધ, માન, માયા અને લોભ -
એ ચાર કષાયોને પાતળાં પાડી નાશ કરવા માટે
શ્રી જિનશાસનના પર્વો યોજાયેલાં છે તથા
એ માટે જ આચારમાં અહિંસા અને
વિચારમાં અનેકાન્તની પ્રરૂપણા કરી છે.

## જિનશાસનને ખરેખર કોણ દેખે છે?

જે આત્માને અબદ્ધ - સ્પૃષ્ટ (કર્મબંધ અતીત),
અનન્ય (અન્યથી રહિત), અવિશેષ (વિશેષથી રહિત)
તથા આદિ-મધ્ય અને અન્તવિહીન (નિર્વિકલ્પ) દેખે છે,
તે સમગ્ર જિનશાસનને દેખે છે.

## શું જૈન ધર્મ સ્થિર જ રહેનાર છે?

તીર્થંકરોને કરાતાં સ્તવન અથવા નમનમાં
કોઈક લાલસાથી હોતી નથી - હોવા પણ ન જોઈએ.
પોતાના ભૂતકાળના પતનનું ભાન, ભાવિ વિકાસની સર્વ
આશાઓ અને વર્તમાનમાં તેઓની મદદની અપેક્ષા -
એવી વિચાર વાતાવરણમાં હોય છે.

હમણાંના નવા તીર્થંકરોને નગાનગા ભૂલા રહ્યાં છે.
તીર્થંકરોના ઉદાત્ત જીવનો કોઈપણ માનવના દિલને
હલબલાવશે, ત્યાં સુધી ગમે તેવા આફતો વચ્ચે પણ
જૈન ધર્મ સ્થિર જ છે, એમ સમજવું.

માનવને પ્રત્યપરાધ આડે આવે છે તથા તેનાથી જ
માનસના વધા છે - મનનો વિસ્તાર વધારી દીધો છે.
આત્મોદ્ધાર એ જૈન ધર્મનું મુખ્ય ધ્યેય છે. અરિહંતોની
પ્રરૂપણામાં મુખ્યત્વે હેય, શેય, ઉપાદેયનો વિવેક છે.
જે ધર્મનો તત્ત્વવાદ અશુદ્ધ હોય છે,
તેનો જ્ઞાનવાદ કે ક્રિયાવાદ પણ અશુદ્ધ હોય છે.

મહેસાણા, માગસર સુદી 3

જૈન ધર્મની વિશિષ્ટતા અને જગતની કલ્યાણકારકતા દર્શાવે તેવાં તથા નીચે દર્શાવેલ પાંચ વિષય ઉપર અર્થગંભીર છતાં સંક્ષિપ્ત વાક્યોમાં જ દર્શાવી શકે, તે રીતે બોધક - સચોટ - રોચક સુભાષિતો તૈયાર કરવા પ્રભુનું નામ અને શ્રદ્ધા લઈ પ્રયત્ન કરવાનો છે:

(૧) અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મ, અપરિગ્રહ.

(૨) ૧૮ પાપસ્થાનકોની ગર્હણીયતા અને ભયંકરતા.

(3) કષાયજય, ઇંદ્રિયજયની આવશ્યકતા - શ્રેષ્ઠતા.

(૪) જગતમાં અનેકાન્તવાદ તથા સ્યાદ્વાદની અસાધારણ મહત્તા અને અત્યંત ઉપયોગિતા.

(૫) સ્યાદ્વાદનું સ્વરૂપ.

આમ કરવાથી પછી જૈન હોય કે અજૈન હોય, ભગવાન મહાવીરના જીવનની ભવ્યતા અને ઉદારતા કરતાં પણ તેમની ભવ્ય અંતર્મુખી સાધના વાંચવાથી તથા તેમના ઉપદેશની સત્યતા અને દિવ્યતા જાણીને

સામાન્ય માનવના રોજના જીવનમાં પણ
શાંતિ અને સન્માર્ગનો પ્રકાશ મળ્યાનો લાભ જાગે,
તો એ બહુ મોટું કામ થયું ગણાશે.

આજે આ સંઘમાં જે આરાધનાઓ થાય છે, તેમાં જે
આત્મવિશ્વાસનો અભાવ - સત્ત્વની ન્યૂનતા દેખાય છે,
તેમાં મુખ્ય કારણરૂપે આપણે મહાવીર પ્રભુને ફક્ત
એક ઐતિહાસિક સત્ય માનવાને કારણે જ દેખાય છે.

મહાવીર પ્રભુ ૨૫૦૦ વર્ષ પહેલાં થઈ ગયા,
ક્ષત્રિયકુંડમાં જન્મ્યાં, દીક્ષા લઈને ખૂબ કષ્ટ વેઠ્યાં,
કેવળજ્ઞાન પામ્યા શાસન સ્થાપ્યું, નિર્વાણ પામ્યાં વગેરે
અને હવે તો ભગવાન નથી, માટે તેમની મૂર્તિનું જ
અવલંબન લઈને તેમણે બતાવેલા આરાધના કરીને
આપણે આપણાં કર્મ ખપાવવાના છે, વગેરે વિષયક
વિચારોથી પ્રભુ સાથે પરોક્ષ સંબંધ જોડીએ છીએ.

વાસ્તવમાં તો આરાધના એ
ભગવાન સાથે પ્રત્યક્ષ સંબંધ જોડવાની વાત છે.

ઉપાસનાનો માર્ગ ઉપાસકને ભગવાનના
પ્રત્યક્ષ સાંનિધ્ય વગર સંતોષ આપી ન શકે.
ભગવાન આજે પણ છે, પ્રત્યક્ષ છે, શબ્દાતીત છે.
'ભગવાન એક ideal Reality છે, તેમને શબ્દો
જ્યાંથી આપણાં આરાધનાનાં સૌ કાર્ય સિદ્ધ થાય છે'
એવો આત્મવિશ્વાસ અને શ્રદ્ધા જોઈએ.
'આજે પણ પ્રભુ આપણું યોગક્ષેમ કરી જ રહ્યાં છે,
તેમનું ચૈતન્ય સર્વજ્ઞ - સર્વદા - સર્વશક્તિમાન છે અને
આ ચૈતન્ય જ આપણી વૃત્તિમાં મૂર્ત થયું છે'
એમ જાણવાથી ભગવાનનું સાંનિધ્ય પ્રત્યક્ષ બને છે.
આ ભાવથી આપણે સ્થળ - કાળના ઉત્પન્ન થતાં
ઔદયિક ભાવોથી મુક્ત બનીને
અનંત ચૈતન્યજગત સાથે તદ્રૂપ બનીએ છીએ.
પ્રભુને વિદ્યમાન સત્ય માનવાથી કોઈપણ આપત્તિ
વગર ઈશ્વરના કર્તૃત્વવાદનો સ્વીકાર થઈ શકે છે.

- રાજકોટ, માગસર સુદ ૧૫

## જૈન દર્શનમાં 'સ્નાન' શબ્દનો અર્થ

જૈન દર્શનમાં 'સ્નાન' શબ્દનો અર્થ એટલો જ સંકુચિત કરવામાં આવ્યો નથી કે માત્ર શબ્દાર્થ ભાવાર્થ જણાવે! 'સ્નાન' શબ્દ વિશાળ અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે. 'સ્નાન' શબ્દનો પરિપૂર્ણ અને સ્વરૂપ અર્થ એ છે કે:

વિધિપૂર્વક સમ્યગ્જ્ઞાનથી જાણવું અને
જાણેલાંને જીવનમાં ઉતારવું.

કર્મો આત્માના ગુણોને ઢાંકે છે, જિનશાસન તેને ઉઘાડવાનું કામ કરે છે. શાસન એટલે સંવર - નિર્જરા.

## જિનધર્મની પ્રાપ્તિ શેનાથી થાય?

જિનધર્મ વંદન, પૂજન, સત્કાર, સન્માનથી પ્રાપ્ત થાય.
<u>વંદન</u> કાયા વડે, <u>પૂજન</u> ચંદન - પુષ્પાદિ વડે,
<u>સત્કાર</u> વસ્ત્ર - અંગરચના - આભૂષણાદિ વડે,
<u>સન્માન</u> સ્તુતિ - સ્તોત્રાદિ - ગીત - નૃત્ય - વાજિંત્રાદિ વડે
જિનધર્મની પ્રાપ્તિ થાય છે અને
પરંપરાએ ઉપદ્રવરહિત મોક્ષસુખ મળે છે.

## 'જિન' શબ્દનો પ્રયોગ કોની કોની માટે થાય છે?

'જિન' શબ્દનો પ્રયોગ કેવળી, અવધિજ્ઞાની, જિનકલ્પી, ચૌદપૂર્વી અને દશપૂર્વી આત્માઓ માટે થાય છે.

જિન = જેતા = વિજેતા.

આત્મા પર વિજય મેળવનાર જિનનો અનુયાયી તે જૈન.

જિનમાર્ગનું અનુસરણ કરનાર અને

સ્વધર્મનું પાલન કરનાર સમ્યક્ત્વી - સમદૃષ્ટિ તે જૈન.

હરિકેશી ચાંડાલ હતો, અર્જુનમાલી - રોહિણેય ચોર હતાં, ઇન્દ્રભૂતિ બ્રાહ્મણ અને શ્રેણિક બિંબિસાર ક્ષત્રિય હતાં તથા ચંદના નારી હતાં. જન્મથી નહીં, કર્મથી જૈન બનીને કુંભકાર અને માળીના સ્થાનોમાં મહાવીરે ચાતુર્માસ કરેલ.

તે જિનશાસન ચિરકાળ સમૃદ્ધ રહી.

## 'જૈનશાસન જયવંત છે' તેનો અર્થ:

જિનેશ્વરની આજ્ઞાની આરાધના કરનાર ઉર્ધ્વગતિ - વિરાધના કરનાર અધોગતિ પામે છે. વિશ્વમાં પ્રભુની ઇચ્છાનું, પ્રભુઆજ્ઞાનું સામ્રાજ્ય સર્વત્ર ફેલાયેલું છે.

# <u>વિજયવંત જિનશાસનનો મહિમા</u>

તીર્થંકરો ઉપદેશ વડે શાંતિથી મોક્ષમાર્ગને સમજાવે છે,
જેઓ તે ગ્રહણ કરે છે, તેઓ સિદ્ધિનાં સુખ પામે છે,
જેઓ શાંતિ વડે ગ્રહણ કરતાં નહિ, તેઓને
ચક્રવર્તી પ્રભુતિક્રાંતિ દ્વારા તે જ માર્ગ સમજાવે છે.
સર્વજ્ઞ જિનશાસન જ વિજયવંત છે.
શાંતિથી કે ક્રાંતિથી -
તેને ગ્રહણ કર્યા વિના કોઈનો પણ છૂટકો હતો નહિ.

## <u>મનુષ્યભવ રૂપી નગરી</u>

૮૪ લાખ યોનિરૂપી ચૌટામાં ફરી ફરીને
મનુષ્યભવ રૂપી આ મહાનગરીમાં
જૈનશાસન રૂપી બજારમાં, સુવિહિત સદ્ગુરુની દુકાને,
સાચા રત્નોનો વેપાર કરતાં આવડે,
તો નફો જ નફો મળે,
નુકસાન થાય નહીં અને ગુણરત્નોના ભંડાર ભરાય.
ક્ષયોપશમભાવ = ગુણરત્નો.

## જૈન ધર્મની વિશેષતાઓ : લેખક : Bondman

(૧) જૈન ધર્મ દરેક વસ્તુને બે બાજુથી જુએ છે:
દ્રવ્યાર્થ અને પર્યાયાર્થ. પહેલી રીતમાં સૃષ્ટિ શરૂઆત
અને છેડા વિનાની છે, બીજી રીતમાં જૈન ધર્મ જુએ
છે કે: ઉત્પત્તિ અને પ્રલય પ્રત્યેક પળે થતો રહે છે.

(૨) જૈન ધર્મ બે ભાગમાં વહેંચાયેલો છે:
શ્રુતધર્મ અને ચારિત્રધર્મ.

પ્રથમ શ્રુતધર્મ - જેમાં *philosophy* આવે છે અને
બીજો ચારિત્રધર્મ - જેમાં *Ethics* - નીતિ આવે છે.

(૩) શ્રુતધર્મમાં નવતત્ત્વો, ષટ્કાયો, ચાર ગતિ આવે છે.
જીવ તે છે, જે જાણે - વિચારે - લાગણી બતાવે છે.
જ્ઞાન, લાગણી, વિચાર કે ઇચ્છા - કોઈ અન્ય વસ્તુ
ઉપર આધાર રાખે છે અને તે અન્ય વસ્તુ તે
*something real* છે, એમ કહે છે.

(૪) જૈન ધર્મ કહે છે: એક રીતે આત્મા જ્ઞાનથી જુદો
અને બીજી રીતે આત્મા પોતે જ જ્ઞાન છે.

(૫) પુનર્જન્મને આધારે રહેલો જીવાત્મા
વિકાસ અને પતન - એમ બન્નેને આધીન છે યાને
subject to evolution and involution.
(૬) આત્મા પછી અનાત્મા આવે છે, જે ફક્ત પદાર્થ
(matter) નહિ પણ ઘણું વધારે છે. અનાત્મામાં જે
ઘણું આત્મા નહિ (nonsoul), તે સમાઈ જાય છે.

જગતમાં સારભૂત જૈનશાસન અને જૈનસંઘ છે.
તે બન્ને જો ન મળ્યાં હોત,
તો આ જીવ મોક્ષમાર્ગ સુધી કઈ રીતે પહોંચી શકત?

જૈનદર્શનમાં એકાંતવાદનો વિરોધ-સાપેક્ષવાદનું સમર્થન છે.
જૈનદર્શનનું નિરૂપણ અનેકાંતિક છે,
અકૃત્રિમ છે તથા સર્વજ્ઞ પ્રરૂપિત છે.
જૈન ધર્મ આત્માને એકાંત નિત્ય કે અનિત્ય,
બદ્ધ કે મુક્ત, વિભુ કે અણુ માનતો નહિ,
કિન્તુ દરેક અવસ્થાને સાપેક્ષરૂપે અને
પરસ્પર અબાધિતરૂપે માને છે.

નિજવાણી નહીં પણ જિનવાણી જ પ્રમાણભૂત છે.

જિનવાણીને આગળ કરીને કથન કરવાથી
વિનયગુણનું પાલન અને વિનયગુણનો વિસ્તાર થાય છે.
સત્યને કહેનાર આત્મા સત્યનો જાણનાર, સદ્દહનાર
અને આચરનાર - એ ત્રણ ગુણવાળો હોવો જોઈએ.

અનુભવવાણી પણ બે પ્રકારની છે:

એક જિનવાણીના મહત્ત્વને સ્થાપનારી - ઉત્કૃષ્ટ છે,
બીજી સ્વવ્યક્તિત્વને મહત્ત્વ આપનારી - જઘન્ય છે.
જિનવાણી રૂપી સૂત્રવાંચન ઉપર મંદ આદર કરે, તેવી
અનુભવવાણી પણ જઘન્ય છે. થોડો લાભ પણ ઘણું
નુકસાન. વિનયને ગૌણ વસ્તુ પર આધિપત્ય કરાવે છે.
પ્રથમ મહત્ત્વ અરિહંત દેવનું, બીજું સૂત્રદૃષ્ટિવાળા
અનુભવી ગુરુનું, ત્રીજું મહત્ત્વ સૂત્રવાણી સંભળાવનાર
અનુભવરહિત પણ ગુરુનું અને ચોથું સ્વયં સૂત્રવાંચનનું.

વાંચન પણ ન થઈ શકતું હોય, તો
અંતરમાં સૂત્રનું બહુમાન ધારણ કરવું, તે પાંચમું મહત્ત્વ છે.

## <u>આગમની વાણી એટલે...</u>

આગમને જે શરૂ, મધ્ય, અંતમાં વ્યાપીને રહે છે, તે
હૃદયમાં ઉલ્લસિત થતું અરિહંતોનું પ્રકાશમાન નામ બિંદુ છે.

'હું જિનભાષિત કહું છું'

એમ સુધર્માસ્વામી કહે છે, તેનું કારણ શું?
તેનું કારણ ગૌતમસ્વામી કેવળી થઈ ગયાં હતાં અને
બાકી નવ ગણધરો તે પૂર્વે નિર્વાણ પામી ગયાં હતાં.

'જિનભાષિત' શબ્દ કહેવા વડે
અપૌરૂષેયવાદ અને ધ્વનિવાદનો નિરાસ થાય છે.

'તથ્યવાણી' એટલે સત્યનું વર્ણન કરનારી વાણી,
અસત્ = ખર શૃંગનું નહીં. વળી વસ્તુ જેવા સ્વરૂપવાળી
હોય, તેવા સ્વરૂપે તેનું વર્ણન કરનારી વાણી, જેમ કે:
અગ્નિ ઉષ્ણ છે - 'અગ્નિ શીત છે' એમ નહીં.
તેમ મોક્ષ અને મોક્ષમાર્ગ એ સત્ય છે.

<u>જિનદેવ અને જિનશાસન પ્રત્યે પ્રજામાં સદ્ભાવ
જાગ્રત કરવો, તે એક મહત્વની સત્યની ઉપાસના છે.</u>

## <u>શ્રી જિનવાણી કેવી છે?</u>

પોતાના અને પરના આત્મતત્ત્વની પ્રકાશિની,
સર્વ જીવો પ્રત્યેના વિભાવની વારિણી અને
શ્રી જિનવાણી સદા જયવંતી વર્તો છે
અસ્તિ
શ્રી જિનવાણી આત્માનો જય કરાવનારી છે.

## <u>શ્રી જિનવાણીનો સાર - મર્મ</u>

શ્રુતજ્ઞાનના સતત અભ્યાસ દ્વારા
પરપુદ્ગલ વસ્તુમાત્રની પ્રીતિ તજી
આત્માના સહજ સુખનો અનુભવ કરવો,
એ જ શ્રી જિનવાણીનો સાર, શાસ્ત્રોનું રહસ્ય,
મોક્ષપ્રાપ્તિનો સહજ તથા સરલ સદુપાય છે.
શ્રુત દ્વારા જ્ઞાન, જ્ઞાન દ્વારા ધ્યાન અને
ધ્યાન દ્વારા આત્માનુભવ થાય છે.
મનને જેથી સુખ હોતું નથી,
તેથી કાયાને અને વચનને પણ સુખ ન હોય.

## જિન આગમ

જિન આગમ સ્યાદ્વાદના ચિહ્ન દ્વારા ઓળખાય છે. ન્યાયમાર્ગ અવિરુદ્ધ છે, માટે પ્રામાણિક છે. જીવોને તત્ત્વજ્ઞાનનું કારણ છે, માટે પરમ ઉપકારી છે. જિનચૈત્યાદિ અને ચતુર્વિધ સંઘ રૂપી દ્રવ્ય, કલ્યાણક ભૂમિ આદિ તીર્થભૂમિરૂપ ક્ષેત્ર, કલ્યાણક તિથિ, પર્વ દિવસાદિ કાળ તથા રત્નત્રયાદિ ભાવ વંદનીય - ઇષ્ટ - ઇષ્ટસિદ્ધિનો હેતુ છે.

## જિનાગમનું સ્વરૂપ શું છે?

તે ઉપશમ સ્વરૂપ છે. ઉપશમ સ્વરૂપ એવા પુરુષોએ ઉપશમને અર્થે પ્રરૂપ્યા છે, તે ઉપશમ આત્માર્થે છે.

તે અન્ય કોઈ પ્રયોજન અર્થે નહિ.

એ અર્થે જો એનું આરાધન ન થયું, તો તેનું શ્રવણ - વાંચન નિષ્ફળરૂપ છે, એમ નિઃસંદેહ જાણવું.

સત્સંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નહિ. તેમાં નિરંતર નિવાસ ઇચ્છવો અને અસત્સંગનું વિપરિણામ ક્ષણે ક્ષણે ચિંતવવું, એ શ્રેયરૂપ છે.

## જિનાગમનું કથન

જ્ઞાની પુરુષોની વિશિષ્ટ શિક્ષામાં વૈરાગ્ય અને ઉપશમ પ્રતિબોધતી જોવામાં આવે છે. 'સિદ્ધાંત બોધ' એટલે જીવાજીવ પદાર્થનું વિશિષ્ટપણે કથન. તે આગમમાં જેટલું કર્યું છે, તે કરતાં વિશિષ્ટ - વિશિષ્ટપણે વૈરાગ્ય અને ઉપશમ કથન કર્યાં છે, કેમકે તેની સિદ્ધિ થયાં પછી વિચારની નિર્મળતા સહેજે થશે અને વિચારની નિર્મળતા સિદ્ધાંતરૂપ કથનને સહેજે કે ઓછાં પરિશ્રમે અંગીકાર કરી શકે છે, એટલે તેની પણ સહેજે સિદ્ધિ થશે. જો જીવને આરંભ - પરિગ્રહનું પ્રવર્તન વિશેષ રહેતું હોય, તો વૈરાગ્ય અને ઉપશમ હોય, તો પણ ચાલ્યા જવા સંભવે છે, કેમકે આરંભ અને પરિગ્રહ તે અવૈરાગ્ય અને અનુપશમનાં મૂળ છે તથા વૈરાગ્ય અને ઉપશમ માટે કાળ છે.

શ્રી ઠાણાંગ સૂત્રમાં આરંભ અને પરિગ્રહનું બળ જણાવી પછી તેથી નિવૃત્ત થવું યોગ્ય છે, એવો ઉપદેશ બે વાર કર્યો છે.

જૈન ધર્મના સર્વ દર્શનોનું મૂળ જિનાગમ છે.

આગમો તો રત્નાકરતુલ્ય છે.

માટે તેમાં કહેલ પદાર્થની અવગણના એ તો
સકલ સુખનાં મૂળભૂત ભગવદ્ આજ્ઞાની જ અવગણના છે.

અન્ય દર્શનકારોએ જે પાપાશ્રવ નિરોધ કહેલ છે, તે
શુભ ભાવરૂપ છે, તેથી અયુક્ત છે, એમ ન કહેવાય.
શબ્દથી ભિન્ન હોય, પરંતુ અર્થથી અભિન્ન હોય,
તો તે જિનાગમ કથિત જ ગણાય.

તેમાં અરુચિ એ આગમકથિત અર્થોમાં
અરુચિ રૂપ 'દૃષ્ટિસંમોહ' નામનો દોષ છે.

આખું જૈન શાસન માત્ર આગમમાં અંતર્ગત છે.

સદાશયવાળા ગુરૂપારતંત્ર્યથી મોક્ષ મળે છે.

'આગમ વચન એ સર્વસ્વ છે' એ ધર્મનું ગુહ્યવચન છે.

જેના અંતરમાં આગમ છે, તેના અંતરમાં સર્વજ્ઞ છે.

સર્વજ્ઞને અંતરમાં ધારણ કરે, તેને સર્વ અર્થની સિદ્ધિ થાય.

સર્વજ્ઞના ઉપયોગવાળો જીવ પરમાર્થથી સર્વજ્ઞ સ્વરૂપ છે.

## (૧) 'આગમ'થી ભાવનિક્ષેપ

જ્ઞાતા અને ઉપયુક્ત અરિહંતને જાણનાર તથા
અરિહંતના જ્ઞાનમાં ઉપયોગવાળો.

## (૨) 'નોઆગમ'થી ભાવનિક્ષેપ

જ્ઞાન-ક્રિયાયુક્ત એવ પદાર્થ - સમવસરણસ્થ અરિહંત.

## (3) 'આગમ'થી દ્રવ્યનિક્ષેપ

જ્ઞાતા અને અનુપયુક્ત અશુદ્ધ ઉપયોગયુક્ત
મિથ્યાદૃષ્ટિ, અભવ્ય આદિ તથા ઉપયોગશૂન્ય અને
અન્યોપયોગવાળા સમ્યગ્દૃષ્ટિ અરિહંતના જાણકાર જીવ.
અહીં 'દ્રવ્ય' શબ્દ 'અનુપયોગ'નાં અર્થમાં છે.

## (૪) 'નોઆગમ'થી દ્રવ્યનિક્ષેપ

'જ્ઞ' શરીર - જ્ઞાતાનું મૃત શરીર.
'ભવ્ય' શરીર - ભવિષ્યમાં જાણનારનું શરીર.
તદ્વ્યતિરિક્ત - નિમિત્તકારણ. અહીં 'દ્રવ્ય' કારણતાના,
'જ્ઞ'-'ભવ્ય' શરીર ઉપાદાનકારણના અર્થમાં તથા
તદ્વ્યતિરિક્ત નિમિત્તકારણના અર્થમાં છે.

૪૫ આગમપૂજામાં કહ્યું છે કે:

'જિનવર જિનઆગમ એક રૂપે, સેવંતા ન પડો ભવકૂપે.'

આગમપુરુષનાં અંગો છે:

ચૂર્ણિ, ભાષ્ય, સૂત્ર, નિર્યુક્તિ, વૃત્તિ, પરંપરાગત અનુભવ.

સૂત્રોનો સ્વાધ્યાય શું કરે ?

જેમ મોતીની માળામાં મોતીના બધા દાણા સ્પષ્ટ દેખાય,
તેમ સૂત્રોના અક્ષરો સ્પષ્ટ દેખાવા જોઈએ.
મનને સુધારે અને પાપના વિચારોથી બચાવે,
એવાં સૂત્રોનો સ્વાધ્યાય અતિ આવશ્યક છે.
સૂત્રો રાગ-દ્વેષનાં ઝેર ઉતારી ભવના ફેરાં ઘટાડી દે છે
અને દુર્ગતિના અસંખ્ય દુઃખોનો અંત લાવે છે.
ભારે કર્મી જીવ પણ આવશ્યક સૂત્રોના શ્રવણ, મનન,
પઠનાદિ દ્વારા જલ્દીથી દુઃખોની અંતક્રિયા કરે છે.

એટલે જ વંદિતા સૂત્રની ગાથા ૪૨માં કહ્યું છે કે:

'आवस्स एण एएण सावओ जइवि बहुरओ होइ ।
दुक्खाणमंतकिरिअं काही अचिरेण कालेण ॥ १॥'

ડુહાવા, સં. ૨૦૨૮, ચૈત્ર વદી ૫

'જ્ઞાનં નિર્ગ્રંથં।' મહારાજ જ્યારે ગ્રન્થિ
સમભાવ વધે છે, ત્યારે જ્ઞાનમાં પ્રવેશ કરે છે.

મૈત્ર્યાદિ ભાવના એ શુદ્ધ ભાવના છે,
દેહવાસના, લોકવાસના, શાસ્ત્રવાસના એ મલિન વાસના છે.
પહેલી બે મલિન વાસનાઓ છોડવાનું કામ દુષ્કર છે,
તો પણ લોકો મહારાજ તેને છોડી શકે છે, કિન્તુ
શાસ્ત્રવાસના છોડવાનું કાર્ય લોકોને પણ કઠણ છે.
લોકોનું પોષણ શાસ્ત્ર રૂપી દૂધ ઉપર થાય છે.
શાસ્ત્ર એ માનું દૂધ છે, તે એકદમ છૂટતું નથી.
તે છૂટે, ત્યારે સમજવું કે હવે તે પગભર થયો છે.
જ્ઞાન જ્યારે અનુભવાત્મક બને છે, ત્યારે ગ્રન્થ પણ
છૂટી જાય છે અને સાચા અર્થમાં નિર્ગ્રન્થતા આવે છે.

સાધર્મ્ય આદિ જાતિઓ અનંત છે.

આગમ આપ્તોક્ત છે, હેતુવાદરૂપ આગમ યુક્તિસિદ્ધ છે.
બે અંશમાં પ્રમાણ છે, માટે અહેતુવાદ આગમ પણ પ્રમાણ છે.

## જિનાગમ કેવું છે?

સમગ્ર ઐશ્વર્ય આદિથી યુક્ત છે જિનાગમ.

'શ્રુત એ સિદ્ધ છે - પ્રતિષ્ઠિત છે' એનો અર્થ છે:

(૧) ફલાવ્યભિચાર: શ્રુત જે કહે ફળ અનુષ્ઠાનોનાં બતાવે છે, તેમાં પ્રવર્તનારને તે ફળ અવશ્ય મળે છે.

(૨) પ્રતિષ્ઠિતતા : સર્વ નયોથી વ્યાપ્ત છે.

(૩) ત્રિકોટિ પરિશુદ્ધિ : આદિ - મધ્ય - અંત ત્રણેયમાં અવિસંવાદ છે, ઉપરાંત કષ, છેદ, તાપ ત્રણેથી શુદ્ધ છે.

## જિનવચન શું શીખવે છે?

જિનવચનનો રંગ એટલે દિલને દુન્યવી સંયોગ સાથે નહીં, પરન્તુ મનને જિનવચન સાથે બાંધવું.

આગમોમાં રહેલાં જિનવચનો શીખવે છે કે:

આ દુનિયામાં જીવને સારું - નરસું થવામાં પોતાના સારાં - નરસાં કર્મ જ કારણભૂત છે.

આ જિનવચન એ વિષયસુખનું વિરેચન છે, જરા - મરણાદિ વ્યાધિઓ અને દુઃખોનું રસાયણ છે.

દેવતાઈ ઋદ્ધિ મળવા સહેલા, જિનવચન પ્રાપ્તિ દુર્લભ છે.

અમૃતમય જિનવચનનું આરાધન ભવચક્રમાં મળવું, તે અત્યંત દુર્લભ છે. અપાર એવા આ સંસારસાગરમાં જિનવચનની અને જિનધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. જિનવચન અતિસૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સુધીની ઓળખાણ કરાવીને એની દયાનો ઉપદેશ આપી દયાના પરિણામ નિપજાવે છે. વળી જણાવે છે કે સ્થાવરની કાયસ્થિતિ અસંખ્ય કાળચક્ર છે, અનંતકાયની અનંત પુદ્ગલપરાવર્ત છે,

વિકલેન્દ્રિયપણાંની સંખ્યાતા વર્ષ છે,

પંચેન્દ્રિયપણાંની ૧૦૦૦ સાગરોપમ વર્ષ છે તથા

ત્રસપણાંની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ૨૦૦૦ સાગરોપમની છે.

દુર્લભ જિનવચનો જણાવે છે કે:

પ્રમાદ અને અધિકરણથી બાહ્ય જીવોની હિંસા થાય છે, વિષય - કષાયોના વિકારોથી સ્વાત્માની હિંસા થાય છે. જન્માંતરમાં ધર્મની માંગણી તો જ સફળ થાય, જો આ જન્મમાં પણ ધર્મનું આરાધન શક્તિ મુજબ ચાલુ રહે.

જિનવચન એ જ અર્થ-પરમાર્થ, શેષ સર્વે અનર્થ છે,

એ જ ઇષ્ટ, પરમ ઇષ્ટ, શેષ અનિષ્ટ તથા અહિત છે.

જીવનો નિસ્તાર ભગવાન થકી જ છે.

આરાધનાર્થે અવશ્ય શ્રી જિનેશ્વર ભગવાનના

વચન જ એકમાત્ર પ્રમાણભૂત છે.

આરાધનાના પરિણામમાં કૃતજ્ઞતા છે, બધા લાભનું મૂળ જિનવચન છે, તેથી જિનેશ્વરો પ્રત્યે પ્રીતિ કેળવાય.

## જિનવચનમાં શેની ઓળખાણ?

જિનવચનમાં જીવની, કર્મની, ભવભ્રમણની, તેનાં કારણોની, મોક્ષની, મોક્ષના ઉપાયની સાચી ઓળખાણ છે.

તેમાં નય - નિક્ષેપ - ભંગ - પ્રમાણનું યથાર્થ જ્ઞાન છે.

વિષયો અને કષાયોના વિચારો અને વિકારોથી

મન રજોગુણી - આવેશવાળું અને તમોગુણી -

તામસ ભાવવાળું કૂડું, અપવિત્ર અને નિર્બળ બને છે.

આવેશથી વિચાર કરવાની શક્તિ અને

સાધકની સ્થિરતા નાબૂદ થાય છે.

આ જિનાગમમાં સૂર્ય, ચંદ્ર અને સાગરો અસંખ્યાતા બતાવ્યાં છે. આત્મપ્રદેશો પણ અસંખ્યાતા બતાવ્યાં છે. સંખ્યાની સમાનતા હોવાથી - આત્માનો એક એક પ્રદેશ એક એક ચંદ્ર - સૂર્ય અને સાગરના નિર્મળ પ્રકાશ, ઉત્કટ તેજ અને અતિ ગંભીર જળરાશિ સમાન સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રાદિ અનંત ગુણોનું ધામ છે.

## જિનાગમોનો શાસ્ત્રાભ્યાસ કરવો કેમ જરૂરી?

દરેક પદાર્થોનું જ્ઞાન સૌ પ્રથમ શબ્દ દ્વારા થાય છે, તેથી શબ્દબ્રહ્મમાં નિષ્ણાત થવા માટે સર્વ પ્રથમ સદ્ગુરુ પાસે વિનયબહુમાનપૂર્વક શાસ્ત્રાભ્યાસ કરવો જરૂરી છે.

## ગીતાર્થ ગુરુભગવંતોના મુખે

આ જિનાગમોનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવાથી સાક્ષાત પ્રભુદેશના શ્રવણ જેવો અમોલ લાભ - આનંદ થાય. તે પ્રભુવચનોનો જ સંગ્રહ હોવાથી જિનેશ્વર ભગવંતોના વિરહમાં જિનપ્રતિમાની જેમ ભવ્ય જીવોને જિનાગમ પણ પ્રભુના સાક્ષાત્કાર જેટલો જ આનંદ જન્માવે છે.

## વિવિધ નયો = View points

Nayas = approach & observation.

નૈગમ = Figurative or
The way of pantoscopic observation.

સંગ્રહ = common - general or
The synthetic approach & observation.

Distributive = વ્યવહારનય.

Present condition = ઋજુસૂત્રનય.

Descriptive = શબ્દનય.

Usage - specific = સમભિરૂઢનય.

Active = એવંભૂતનય.

સત અને અસત પદ્ધતિના સ્વરૂપમાં...

(૧) પ્રયોજનવશ પરસ્પર ભેદ ન માની બંનેને વસ્તુનું સ્વરૂપ માનવું, તે નૈગમનય છે.

(૨) સતના અંતર્ભેદોમાં ભેદ ન ગણવો, તે સંગ્રહનય છે.

(3) સતમાં અંતર્ભેદ માનવા, તે વ્યવહારનય છે.

# ૭ પ્રકારના નયની ટૂંકી સમજણ

નૈગમ = ભૂતકાળની પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે અથવા ભવિષ્યની પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે તથા પર્યાયમાં કાંઈક નિષ્પન્ન અને કાંઈક અનિષ્પન્ન -રૂપ સંકલ્પ કરે, તે જ્ઞાનને 'નૈગમનય' કહેવાય છે.

સંગ્રહ = સમસ્ત વસ્તુઓને - સમસ્ત પર્યાયોને સંગ્રહે, જેમ કે: સત્, દ્રવ્ય ઈત્યાદિ.

વ્યવહાર = સંગ્રહિત પદાર્થોને ભેદે તે, ઉદાહરણ તરીકે: બે પ્રકારે, જીવ ૧૪ - અજીવ ૫ પ્રકારે ઈત્યાદિ.

ઋજુસૂત્ર = વર્તમાન પર્યાય માત્રને જે ગ્રહણ કરે તે.

શબ્દનય = વસ્તુને જે લિંગ વગેરે ભેદથી જાણે તે.

સમભિરૂઢ = જુદા જુદા અર્થોને ઉલ્લંઘી એક અર્થને રૂઢિથી ગ્રહણ કરે, જેમ કે: ગાય. અથવા પર્યાયના ભેદથી અર્થને ભેદરૂપ ગ્રહણ કરે, જેમ કે ઈન્દ્ર - પુરંદર - શક્ર.

એવંભૂત = શબ્દના ક્રિયારૂપ અર્થને ગ્રહણ કરે, જેમ કે પૂજારી પૂજા કરે, ત્યારે પૂજારી માને, અન્ય સમયે નહીં.

## 'નય' એટલે શું ?

નયો એ કોઈ પદાર્થ સંબંધી અધ્યવસાય વિશેષો છે.

અહીં એક પ્રશ્ન થાય કે: એક જ પદાર્થને વિષે ભિન્ન ભિન્ન અધ્યવસાયો ગ્રહણ કરવાથી વિરોધ નહિ આવે?

ઉત્તર છે: નહિ આવે.

જેમકે: સર્વ વસ્તુ એક છે = સત્ત્વાત્ ।
સર્વ વસ્તુ બે છે = જીવાજીવાત્મકત્વાત્ ।
સર્વ વસ્તુ ત્રણ છે = દ્રવ્ય - ગુણ - પર્યાયત્વાત્ ।
સર્વ વસ્તુ ચાર છે = ચાર દર્શનનો વિષય છે, માટે.
સર્વ વસ્તુ પાંચ છે = પંચાસ્તિકાયાત્ ।
સર્વ વસ્તુ છ પ્રકારે છે = ષટ્ દ્રવ્યાત્ ।

જેમ આમાં વિરોધ નથી, તેમ નયવાદમાં છે અથવા મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાનો વડે ધર્માસ્તિકાયાદિને અધિક અધિક વિશુદ્ધિ વડે જાણવા તેમાં વિરોધ નથી અથવા પ્રત્યક્ષાદિ ચાર પ્રમાણ વડે એક જ વસ્તુને પોતપોતાના વિષયાનુસાર જાણવી તેમાં વિરોધ નથી.

અભિપ્રાયો જે રીતે પ્રવર્તે છે : અર્થ અને શબ્દ દ્વારા.
અર્થ જે પ્રકારના છે : સામાન્ય રૂપ અને વિશેષ રૂપ.
શબ્દ જે પ્રકારે : રૂઢિથી પ્રવર્તનારા, વ્યુત્પત્તિથી પ્રવર્તનારા.
વ્યુત્પત્તિ જે પ્રકારની : સામાન્ય નિમિત્તપ્રયુક્ત, તત્કાલ.

ભાવિ નિમિત્ત પ્રયુક્ત વ્યુત્પત્તિમાં

જેટલાં અર્થ નિરૂપણમાં તત્પર અભિપ્રાયો છે,

તે પ્રથમ ચાર નયોમાં અંતર્ભૂત થાય છે.

નૈગમ ઉભયને ઈચ્છે તથા સંગ્રહ કેવલ સામાન્યને ઈચ્છે. શાસ્ત્રીય સામાન્ય-વિશેષની અપેક્ષા વિના કેવલ લૌકિક વ્યવહાર ચાલતાં ઘટપટાદિ પદાર્થોને ઈચ્છે, તે વ્યવહારનય. કેવલ ક્ષણક્ષયિ પરમાણુ લક્ષણ સ્વલક્ષણને ઈચ્છનાર ઋજુસૂત્રનય છે. શબ્દનય રૂઢિથી શબ્દોની પ્રવૃત્તિને તથા સમભિરૂઢ વ્યુત્પત્તિથી શબ્દોની પ્રવૃત્તિને ઈચ્છે છે. કેવલ વર્તમાનકાલ ભાવિ વ્યુત્પત્તિ નિમિત્તને ઉદ્દેશીને જ શબ્દોની પ્રવૃત્તિને જે ઈચ્છે, તે એવંભૂતનય છે.

. સાત નયો = સર્વ અભિપ્રાયોનો સંગ્રહક.

ન્યાય અને વૈશેષિક - નૈગમનયના અભિપ્રાયે છે.
અદ્વૈત અને સાંખ્ય - સંગ્રહનયના અભિપ્રાયે છે.
ચાર્વાક - વ્યવહારનયે તથા બૌદ્ધ - ઋજુસૂત્રના અનુસારે છે.
મીમાંસક - શબ્દનયના અનુસારે અને
વૈયાકરણ આદિ સમભિરૂઢ - એવંભૂતથી પ્રવર્તેલાં છે.

## શ્રુતરક્ષણનો શ્રેષ્ઠ ઉપાય કયો ?

'નાણ પરમ ગુણ જીવનો, નાણ ભવાર્ણવ પોત;
મિથ્યામતિ તમ ભેદવા, નાણ મહાઉદ્યોત.'

તે ગુણને પ્રગટ કરવાના પરમ સાધનરૂપ આગમરત્નોને લખવા, લખાવવા, સાચવવા, યોગ્ય રીતે ભણવા, ભણાવવા, પ્રચારવાનો યથાશક્તિ ઉદ્યમ કરવો, એમાં સાફલ્ય છે. જીર્ણ શ્રુત એકઠું કરીને વ્યવસ્થિત લખાવી, શુદ્ધ કરાવી ઘણાં કાળ સુધી ટકે - એ રીતે રક્ષણ કરવું જોઈએ. લોખંડમાં પ્રવેશેલા ઠંડી કે ગરમી જલ્દી નીકળી ન શકે, માટે લાકડાના કબાટો યા ડાબડાઓમાં પુસ્તકો ગોઠવાય, એ શ્રુતરક્ષણનો શ્રેષ્ઠ ઉપાય છે.

## વર્તમાન જૈન આગમનું પ્રમાણ

૪૫ આગમના મૂલ શ્લોક ૧ લાખ,
નિર્યુક્તિના શ્લોક ૫ હજાર,
ભાષ્યના શ્લોક ૨૭ હજાર,
ચૂર્ણિઓના ૧ લાખ, ૩૦ હજાર.
કુલ શ્લોક = ૨ લાખ - ૬૨ હજાર.

દરેક આગમની એક એક ટીકા લઈએ તો:
૩ લાખ ૨૫ હજાર એટલે પંચાંગનું કુલ શ્લોક પ્રમાણ
૬ લાખ શ્લોક પ્રમાણ થવા જાય છે.
કલ્પસૂત્ર ઉપર નાની - મોટી ૩૦ ટીકાઓ છે.
ઉત્તરાધ્યયન ઉપર ૩૨ ટીકાઓ છે અને આચારાંગ,
ભગવતી સૂત્ર, આવશ્યક સૂત્ર, દશવૈકાલિક સૂત્ર ઉપર
બે બે તથા ત્રણ ત્રણ ટીકાઓ છે.
એ બધી ટીકાઓ, સંગ્રહણીઓ, અવચૂર્ણિઓ વગેરે
પંચાંગને લગતું સંસ્કૃત તથા પ્રાકૃત સાહિત્ય -
બધું મળીને ૧૨/૧૩ લાખ શ્લોક ઉપલબ્ધ છે.

અંતિમ તાત્પર્ય પામ્યાં વિના શાસ્ત્રોનો કેવળ પાઠ
કરવો, તે તો માત્ર અને માત્ર મતાર્થિતા જ પોષે છે.
જીવોની ગતિ - આગતિના પ્રકારો, કર્મોદના ભાંગાઓ
વગેરેના વર્ણનો એ શાસ્ત્રનું અંતિમ તાત્પર્ય નથી.

અંતિમ તાત્પર્ય તો રાગ-દ્વેષ-કષાય વગેરે
સર્વ આંતર વૃત્તિઓનો વિલય નીપજાવવો, તે જ છે.

સુવિચારણા, આત્માર્થ દશા,
નિશ્ચય તથા વ્યવહારનો સંબંધ, બેનું અંતર,
સદ્વ્યવહારની સમજણ વગેરે શાસ્ત્રાભ્યાસનું ફળ છે.
તેના પુષ્ટિ અર્થે આત્માને લગતાં છ પદોનું વર્ણન છે.

## વૈશેષિકમત

ઈચ્છાને પ્રયત્ન નામનો ગુણ, ધિષણાને ભાવના સંસ્કાર
ગુણ કરે છે પણ જ્ઞાનથી પૃથક્ સ્વતંત્ર ગુણરૂપ નથી.
જ્ઞાનનો સાધક તમઅંશ પ્રમાણ તથા પ્રમાત્મઅંશ ફળ છે.
એ રીતે અવગ્રહાદિ પ્રમાણરૂપ અને ફળરૂપ પણ છે.
પૂર્વ પૂર્વ જ્ઞાન પ્રમાણ, ઉત્તરોત્તર જ્ઞાન ફળ.

# જૈન પ્રમાણશાસ્ત્રની વિશેષિતા

(૧) અનેકાન્તવાદ

(૨) પ્રમાણના બે જ વિભાગ: પ્રત્યક્ષ તથા પરોક્ષ.

(૩) પ્રત્યક્ષ - તાત્ત્વિક, ઇન્દ્રિયપ્રત્યક્ષ નહીં - આત્મપ્રત્યક્ષ.

(૪) ઇન્દ્રિય વ્યાપારનો ક્રમ અવગ્રહાદિ.

(૫) પરોક્ષના પ્રકારમાંથી એક પણનો અનિન્કાર. વ્યવહાર ચલાવવાને સમર્થ. સ્મૃતિપ્રત્યભિજ્ઞાનાદિમાંથી કોઈનું પણ ન માનવું, તેમ નહીં. ઊલટું કોઈમાંથી એકનો ઇન્કાર કરવા જતાં બધાનો પણ થઈ જતો ઇન્કાર.

(૬) હેતુનું રૂપ એક જ તાત્ત્વિક રૂપ, અન્યથાનુપપત્તિ.

(૭) અવયવોના પ્રયોગની વ્યવસ્થા, એકથી માંડી દસ સુધી.

(૮) કથામાંથી જલ્પવિતંડાદિનો અપલાપ.

(૯) જય તથા પરાજયની વ્યવસ્થા, સ્વપક્ષ - સિદ્ધિ.

(૧૦) પ્રમેય અને પ્રમાતાનું સ્વરૂપ અનેકાન્તાત્મક છે.
સામાન્યવિશેષ - નિત્યાનિત્ય.

(૧૧) સર્વજ્ઞત્વ સમર્થન.

શ્રી હેમચંદ્રસૂરિજી રચિત શબ્દાનુશાસન, છન્દોનુશાસન, કાવ્યાનુશાસન, યોગશાસ્ત્ર, વીતરાગ સ્તોત્રાદિ સ્તોત્રો, ત્રિષષ્ટિશલાકા પુરુષ, પ્રમાણમીમાંસાદિ આજે પણ મળે છે.

વિક્રમ સં. ૮૦૨માં અણહિલ્લ નામના જૈન ગોવાળીયાએ પસંદ કરેલ પ્રદેશ ઉપર ચાવડા વંશના વનરાજ ચાવડાએ અણહિલપુર પાટણ નગર સ્થાપન કર્યું. ત્યાં કલિકાલ સ. હેમચંદ્રસૂરિનો સં. ૧૧૪૫ની કાર્તિક પૂર્ણિમાએ જન્મ થયો.

દીક્ષા સં. ૧૧૫૪માં, આચાર્ય પદ સં. ૧૧૬૬માં.

ચંગદેવમાંથી સોમચંદ્ર અને સોમચંદ્રમાંથી હેમચંદ્ર બન્યાં. સ્વર્ગવાસ સં. ૧૨૨૯માં. કુમુદચંદ્રવાદ સં. ૧૧૮૧માં થયો.

પ્રમાણ : સામાન્ય વિચાર - પ્રમાકરણં પ્રમાણમ્।

(૧) નૈયાયિકો કહે છે: કરણ સન્નિકર્ષ અને જ્ઞાન છે.

(૨) બૌદ્ધો કરણના સ્થાને સારૂપ્ય કે યોગ્યતાને માને છે.

(૩) જૈનો કહે છે: સ્વપરાવભાસિ જ્ઞાન કરણ છે.

અવભાસની જરૂરિયાત વ્યવસાય. અવિસંવાદિ - સંશય વગેરે સમારોપથી રહિત. અનધિગતાર્થ અપૂર્વાર્થબોધક.

# પ્રમાણ સંપ્લવ

અજ્ઞાતાર્થપ્રકાશ - અનધિગતાર્થગ્રાહી શબ્દ મૂકવાથી
બૌદ્ધોએ આ પ્રમાણ સંપ્લવનો નિષેધ કર્યો છે.
પદાર્થ ક્ષણસ્થાયી હોવાથી એક અર્થમાં
બે જ્ઞાનોને પ્રવૃત્ત થવાનો અવસર જ નથી.
બૌદ્ધના મતે પદાર્થજ્ઞાનમાં કારણ છે.

પદાર્થ - પ્રમેય બે પ્રકારના છે:

વિશેષ - સ્વલક્ષણ ક્ષણ. સામાન્ય - અન્યાપોહ રૂપ.
વિશેષને જાણનાર પ્રત્યક્ષ જ્ઞાન તથા
સામાન્યને જાણનાર અનુમાનાદિ વિકલ્પ જ્ઞાન.
વિષય દ્વૈવિધ્યથી પ્રમાણ દ્વૈવિધ્ય છે. વિજાતીય પ્રમાણની
એક સ્વનિયત વિષયથી ભિન્ન પ્રમેયમાં પ્રવૃત્તિ નથી
થઈ શકતી, તેમ સજાતીય પ્રમાણાન્તરનો પણ સંપ્લવ થઈ
શકતો નથી, કેમકે દ્વિતીય ક્ષણમાં તે પદાર્થ રહેતો જ નથી.
જૈનો પદાર્થને એકાંત ક્ષણિક પણ નથી માનતાં અને
વિષય દ્વૈવિધ્ય પણ નથી માનતાં.

જૈનો - તેઓ સર્વ પ્રમાણોનો વિષય
સામાન્ય વિશેષાત્મક અર્થ માને છે.

જૈનોના મતે પ્રમાણ સંપ્લવની જરૂર અનિશ્ચિતાંશના નિશ્ચયમાં અને નિશ્ચિતાંશના વિશિષ્ટ ઉપયોગમાં છે અથવા વસ્તુ અનંત ધર્મવાળી છે, અમુક જ્ઞાન દ્વારા વસ્તુના અમુક અંશોનો નિશ્ચય થવા છતાં પણ અગૃહીત અંશો જાણવા માટે પ્રમાણાન્તરને અવકાશ છે.

<u>જ્ઞાનના સ્વપર સંવેદનવાદ</u>

(૧) મીમાંસક : પરોક્ષ જ્ઞાનવાદ.

(૨) નૈયાયિક : જ્ઞાનાન્તર - વેદ્ય જ્ઞાનવાદ.

(3) સાંખ્ય: પ્રકૃતિ - પરિણામાત્મકજ્ઞાનનું પુરુષ વડે સંવેદન.

(૪) બૌદ્ધ : સાકાર સ્વસંવેદન જ્ઞાનવાદ.

(૫) જૈન : નિરાકાર સ્વસંવેદન જ્ઞાનવાદ.

<u>પ્રત્યક્ષના ત્રણ ભેદ</u> : (૧) ઇન્દ્રિય પ્રત્યક્ષ - અવગ્રહાદિ.

(૨) અનિન્દ્રિય પ્રત્યક્ષ - સ્મૃતિસંજ્ઞાદિ શબ્દયોજના.

(3) અતીન્દ્રિય પ્રત્યક્ષ - કેવલાદિ.

પ્રત્યક્ષના લક્ષણ : વિશદ - અધિક વિશેષ પ્રતિભાસ.
સાકાર - નિરાકાર નિર્વિકલ્પનો નિરાસ કરવા.
સંજ્ઞા - પરમાર્થરૂપથી વિશદ છે, સંવ્યવહારરૂપથી નથી.

પ્રત્યક્ષના વિષયભૂત દ્રવ્ય - સ્વલક્ષણ.

વિકલ્પના વિષયભૂત વિકલ્પ - સામાન્ય.

આરોપરૂપ અનિત્યાધ્યાસ કરીને પ્રવૃત્તિ કરવાથી સ્વલક્ષણ જ પ્રાપ્ત થાય છે. વિકલ્પજ્ઞાન સ્વયં તો વિશદ નથી, સંવ્યવહારથી વિશદ છે. પ્રત્યક્ષની ઉત્પત્તિનો ક્રમ છે :

(૧) સન્નિકર્ષ : ઇન્દ્રિય અને અર્થનો યોગ્ય દેશાવસ્થાનરૂપ સંબંધ (૨) નિર્વિકલ્પ : સામાન્યાવલોકન (3) સવિકલ્પક જ્ઞાન : અવગ્રહ (૪) વિશેષ જિજ્ઞાસા : ઇહા (૫) વિશેષ નિશ્ચય : અવાય (૬) સંસ્કાર : ધારણા.

## મુખ્ય પ્રત્યક્ષ

(૧) ઇંદ્રિય અને મનની સહાય વિના (૨) વ્યવસાયાત્મક (3) સમસ્ત પદાર્થોને વિષય કરનાર (૪) અક્રમ અવ્યવહિત - અલૌકિક (૫) વિશદ - સત્ય સાચી (૬) અસાધારણ.

જૈનો પરમેશ્વર જ ત્રિકાલ - ત્રિલોકવર્તી સમસ્ત લોકોનું
પ્રત્યક્ષ દર્શનસ્વરૂપ - સર્વદર્શીપણું માને છે.

'જે એગં જાણઇ સે સવ્વં જાણઇ |'

## વિશ્વસ્વરૂપવિષયક માન્યતા

(૧) કેવલ નિત્યવાદ - વેદાંતી, અનિત્યત્વ - આભાસિક.

(૨) કેવલ અનિત્યવાદ - બૌદ્ધ.

(૩) પરિણામી નિત્યવાદ - સાંખ્યયોગ, ચેતનભિન્ન જગતાદિ.

(૪) નિત્યાનિત્ય ઉભયવાદ - ન્યાય તથા વૈશેષિક.
કેટલાંક પદાર્થ નિત્ય - કેટલાંક પદાર્થ અનિત્ય.

(૫) નિત્યાનિત્યાત્મકવાદ - જૈનદર્શન.

## સત્ત્વની વ્યાખ્યાઓ

(૧) સત્તાયોગ રૂપ સત્ત્વ - ન્યાય.

(૨) પ્રમાણવિષયત્વ રૂપ સત્ત્વ - સાંખ્ય.

(૩) અર્થક્રિયાકારિત્વ રૂપ સત્ત્વ - બૌદ્ધ.

(૪) ત્રિકાલાબાધિત્વ રૂપ સત્ત્વ - જૈન.

(૫) દ્રવ્ય - પર્યાય રૂપ સત્ત્વ - વેદાંતી.

## કયો વાદી શું જુએ છે?

શૂન્યવાદી : શૂન્યવાદનું જ્ઞાન છે કે નહીં?

અદ્વૈતવાદી : અદ્વૈત પ્રતિપાદક વચન છે કે નહીં?

પરમાણુપુંજવાદી : ચાક્ષુષ સ્કંધ છે કે નહીં?

ભિન્નાવચ્છેદિવાદી : વચન વધે છે કે નહીં?

નિત્ય સામાન્યવાદી : સત્તાસામાન્ય વિના પણ સામાન્યાદિ સત્ છે કે નહીં?

અન્યાપોહવાદી : વિજાતીયથી વ્યાવૃત્તિની જેમ સજાતીયથી પણ વ્યાવૃત્તિ થાય છે કે નહીં?

ભૂતચૈતન્યવાદી : ચૈતન્ય એ ભૂતનો ધર્મ કે કાર્ય હોય, તો ભૂતના વિરહથી ચૈતન્યનો વિરહ થાય છે કે નહીં?

## 'અનુમાન' એટલે શું?

અવિનાભાવી સાધનથી સાધ્યનું જ્ઞાન તે અનુમાન છે.

અનુમિતિનું કરણ તે અનુમાન.

પરામર્શજ્ઞાન : ધૂમ અગ્નિથી વ્યાપ્ત છે અને પર્વતમાં છે.

સાધન = સાધ્ય સાથે જેનો અવિનાભાવ નિશ્ચિત છે.

એક ધર્મનો બોધ કરાવવા ઇચ્છે અને શેષ ધર્મો પ્રતિ ઉદાસીન રહે, તો તેનું વાક્ય 'નયવાક્ય' કહેવાય છે. જ્ઞાતા જ્યારે શબ્દો દ્વારા જાણવાથી ઉપર પોતાનું જ્ઞાન પ્રગટ કરવા તત્પર થાય છે, ત્યારે તેનું તે શબ્દાધાન અસ્પષ્ટ જ્ઞાન 'સ્વાર્થશ્રુત પ્રમાણ' કહેવાય છે અને

જ્ઞાતા જે વચન બોલે છે,

તે વચનને 'પરાર્થશ્રુત પ્રમાણ' કહેવાય છે.

શ્રુતપ્રમાણના ભેદને જ 'નય' કહે છે.

'સત્' શબ્દ કેવળ અસ્તિત્વ ધર્મને કહે છે.

'દ્રવ્ય' શબ્દ કેવળ દ્રવ્યત્વ ધર્મને કહે છે. 'ઘટ-પટ' આદિ શબ્દ ઘટપટત્વ ધર્મોને કહે છે, શેષ ધર્મો પ્રત્યે મૂક છે.

સત્વ - દ્રવ્યત્વ ધર્મો સંગ્રહનયના વિષય છે અને

ઘટત્વ - પટત્વાદિ વ્યવહારનયના વિષય છે.

વિશ્વના સ્વરૂપ સંબંધી ખોટી માન્યતાઓ:

(૧) પ્રકૃતિવાદી : બાહ્ય વિશ્વજન્ય છે, પરન્તુ આવિર્ભાવ તિરોભાવરૂપ છે, દૂધમાંથી માખણનો આવિર્ભાવ થાય છે.

કાષ્ઠમાંથી વહ્નિનો પણ માત્ર આવિર્ભાવ છે.
સમસ્ત વિશ્વ તેના સૂક્ષ્મ કારણમાં અસ્તિત્વ ધરાવે છે,
તે કારણને અવ્યક્ત, પ્રધાન અથવા પ્રકૃતિ કહે છે.
(૨) <u>પરમાણુવાદી</u> : બાહ્ય વિશ્વ કોઈ એક કારણથી નહીં
પણ સ્વભાવથી જ ભિન્ન એવા અનેક કારણોમાંથી
ઉત્પન્ન થાય છે અને તે કારણોમાંથી પણ વિશ્વ દૂધમાં
માખણની જેમ છુપાયેલું નહિ પણ વિભિન્ન કાષ્ઠખંડોના
સંયોગથી જેમ એક નવીન ગાડી તૈયાર થાય છે, તેમ
મૂળ કારણોના સંશ્લેષણ-વિશ્લેષણથી બાહ્ય વિશ્વ તદ્દન
નવીન ઉત્પન્ન થાય છે. આત્મતત્ત્વ - આંતરિક જગત
સંબંધી પરત્વે અને બંને સમાન માન્યતા ધરાવે છે.
અહં નામનું આત્મતત્ત્વ અનાદિ છે, તે કોઈનું પરિણામ
નહિ કે ન કોઈ કારણમાંથી ઉત્પન્ન થયું છે. જે રીતે તે
આત્મતત્ત્વ અનાદિ છે, તે રીતે દિશા અને કાળ-
બંને દૃષ્ટિથી અનંત છે - દેહભેદથી ભિન્ન ભિન્ન છે,
વાસ્તવિક રીતિએ એક નહિ.

(3) <u>પ્રકૃતિવાદી</u> : બાહ્ય વિશ્વ અને આંતરિક જીવજગત
બંને કોઈ એક અખંડ સત્તતત્ત્વનું પરિણામ છે અને
મૂળમાં બાહ્ય કે આંતરિક જગતની પ્રકૃતિ
અથવા તો કારણમાં તાત્ત્વિક પ્રકારનો ભેદ નહિ.

આર્ય તત્ત્વજ્ઞાનની 3 શાખા: વૈદિક - બૌદ્ધિક - જૈન.

ત્રણેમાં સમાન રીતે જ વિશ્વચિંતન સાથે
જીવનશોધનનું ચિંતન પણ સંકલિત છે.

વિશ્વના સ્વરૂપ સંબંધી જૈન માન્યતા

પરમાણુવાદની ભૂમિકા ઉપર પ્રકૃતિવાદના પરિણામની
માન્યતા તરફ જૈન મતનો ઝુકાવ છે.

જૈન મતના તમામ ફિરકાઓ આચારભેદના
ઉપર અવલંબિત છે, કિન્તુ તત્ત્વચિન્તન એક જ છે.

માનવીય તત્ત્વચિન્તનના સમગ્ર ઈતિહાસમાં
આ એક જ દૃષ્ટાંત છે કે આટલા બધા લાંબા સમયનો
ઈતિહાસ ધરાવવા છતાં તત્ત્વચિન્તનના પ્રવાહમાં
એકસરખી અખંડિતતા જાળવી રહી છે.

## અન્ય દર્શનો સાથે જૈનદર્શનની સત્તત્ત્વવિષયક માન્યતા

(૧) માયાવાદીની જેમ જૈનદર્શન જગતને કેવળ ભાસ યા કાલ્પનિક નહિ માનતું પણ જગતને સત્ય માને છે.

(૨) ચાર્વાકના મતની જેમ સત્તત્ત્વ એ કેવળ જડ અથવા સહજ ચૈતન્યરહિત નહિ.

(૩) સાંખ્ય કે વેદાંતની જેમ સત્તત્ત્વ એ કેવળ ચૈતન્ય માત્ર પણ નહિ, કિન્તુ અનાદિસિદ્ધ જડ તથા ચેતન - એવા બે સ્વતંત્ર પ્રકૃતિ સ્વીકારે છે.

(૪) સાંખ્યયોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા, બૌદ્ધો માને છે કે જડ અને ચેતન દ્રવ્ય અને કાળના પ્રવાહમાં સાથે રહેવા છતાં મૂળમાં બિલકુલ સ્વતંત્ર છે.

(૫) ન્યાય-વૈશેષિક-યોગની જેમ જૈનદર્શન જગતની રચના પાછળ ઈશ્વરીય સત્તાનો સ્વીકાર કરતાં નહિ.

(૬) પ્રાચીન સાંખ્ય, પૂર્વમીમાંસા અને બૌદ્ધોની જેમ જડ અને ચેતન - એ બે સત્પ્રવાહ ત્રીજી વિશિષ્ટ શક્તિના હસ્તક્ષેપ વિના જ પોતાની મેળે ચાલે છે.

તેની ઉત્પત્તિ અથવા વ્યવસ્થાને માટે ઈશ્વર જેવી સ્વતંત્ર અનાદિસિદ્ધ વ્યક્તિનો સ્વીકાર કરતાં નથી.

(૭) જૈનદર્શન ન્યાય, વૈશેષિક અને બૌદ્ધોની જેમ જડ સત્તત્ત્વને અનાદિસિદ્ધ - અનંત વ્યક્તિરૂપ સ્વીકાર કરે છે, તો પણ સાંખ્યની જેમ તેને એક વ્યક્તિરૂપ નહીં છતાં પ્રકૃતિગામી સહજ પરિણામવાદને અનંત પરમાણુ નામક જડ સત્તત્ત્વોમાં સ્થાન આપે છે.

(૮) વિશ્વની જે જે ઘટનાઓ કોઈની બુદ્ધિ યા પ્રયત્નને આભારી છે, તેની પાછળ ઈશ્વરનો નહીં તો પણ તે ઘટનાઓના પરિણામમાં ભાગીદાર થનાર સંસારી જીવનો હાથ માને છે. જાણતાં કે અજાણતાં કોઈને કોઈ સંસારી જીવની બુદ્ધિ - પ્રયત્નનો હાથ રહ્યો છે. પ્રાચીન સાંખ્ય - બૌદ્ધદર્શન પણ આની સમાન જ વિચારધારા ધરાવે છે.

(૯) વેદાંતની જેમ જૈન ચેતન તત્ત્વને એક અને અખંડ નહીં પણ સાંખ્યયોગ, ન્યાય, વૈશેષિક, બૌદ્ધની જેમ ચેતન તત્ત્વને અનેક વ્યક્તિરૂપ માને છે.

(૧૦) જૈનદર્શન માને છે કે બૌદ્ધોની જેમ સચેતન તત્ત્વ કેવળ પરિવર્તન પ્રવાહરૂપ નથી અને સાંખ્ય યા ન્યાય આદિની જેમ કેવળ કૂટસ્થ પણ નથી. મૂળમાં ધ્રુવ છતાં અનાદિ તથા અનંત હોવા છતાં દેશ અને કાળની અસર ઝીલ્યા કર્યા વિના રહેતો નથી, તેથી જડની જેમ જીવ પણ પરિણામીનિત્ય છે.

(૧૧) ઈશ્વર જેવી સ્વતંત્ર વ્યક્તિ ન માનવા છતાં જૈનો જીવાત્મામાં ઈશ્વરના સમગ્ર ગુણોનો સ્વીકાર કરે છે. પ્રત્યેક જીવમાં ઈશ્વરત્વ છે, જીવ જો યોગ્ય દિશામાં પ્રયત્ન કરે, તો તેનો પ્રકટરૂપે વિકાસ કરી શકે છે. ઈશ્વરતત્ત્વને ભિન્ન સ્થાન ન હોવા છતાં જૈનદર્શન ઈશ્વરત્વની માન્યતા - ઉપાસનાનો સ્વીકાર કરે છે. જે જે જીવ કર્મવાસનાઓથી પ્રકટરૂપે મુક્ત થયાં છે, તે બધા સમાનભાવથી ઈશ્વર છે.

(૧૨) સાંખ્ય તથા વેદાંતની જેમ જૈનદર્શન માને છે કે: જીવ સ્વયં બ્રહ્મ છે, સ્વયં ઈશ્વર અથવા પરમાત્મા છે.

અન્ય કહે છે: જીવનો બ્રહ્મભાવ અવિદ્યાથી આવૃત્ત છે,
કિન્તુ જૈન મતાનુસાર તે બ્રહ્મભાવ કર્મથી આવૃત્ત છે.
તે આવરણ ખસવાથી પ્રકટિત થયેલ બ્રહ્મભાવની જેમ
પરમાત્મભાવ આવિર્ભાવ પામે છે.

(૧૩) જૈનમાન્ય ૭ તત્ત્વોમાં જીવ, અજીવ તથા નિર્જરા
ઉપરાંત આસ્રવ - સંવર - બંધ - મોક્ષ, એ ૪ તત્ત્વ છે.
તેને 'ચારિત્રીય તત્ત્વ' કહે છે.

બૌદ્ધો તેને જ દુ:ખ, દુ:ખહેતુ, માર્ગ અને નિર્વાણ -
એમ ચાર આર્ય સત્યો કહે છે.

સાંખ્યયોગ તેને જ હેય, હેયહેતુ, હાન, હાનોપાય અને
ન્યાય - વૈશેષિક તેને સંસાર ઉપરાંત
મિથ્યાજ્ઞાન, અપવર્ગ અને તત્ત્વજ્ઞાન કહે છે તથા
વેદાંત દર્શન તેને જ
સંસાર - અવિદ્યા - બ્રહ્મસાક્ષાત્કાર - બ્રહ્મભાવના કહે છે.

(૧૪) યોગવાશિષ્ઠ ૭ અજ્ઞાન - ૭ જ્ઞાનની ભૂમિકા કહે છે.
સાંખ્યયોગ ક્ષિપ્ત - મૂઢ - વિક્ષિપ્ત - એકાગ્ર - નિરુદ્ધ કહે છે.

બૌદ્ધદર્શન આધ્યાત્મિક વિકાસક્રમને
પૃથગ્જન સ્રોતાપન્ન આદિ પાંચ સ્તર રૂપે વર્ણવે છે.
જૈનો તેને ચૌદ ગુણસ્થાનક કહે છે અથવા તો
બહિરાત્મ - અંતરાત્મ - પરમાત્મ, ૩ અવસ્થા કહે છે.
(૬૫) એવો એક પ્રશ્ન થાય કે સંસારથી મોક્ષ પર્યંતની
સ્થિતિ, તેનો ક્રમ અને કારણો સંબંધી ઐકમત્ય હોવા
છતાં પંથ પંથ વચ્ચે ભેદ શાથી? તેના મુખ્ય બે કારણઃ
તત્ત્વજ્ઞાન અને આચારની વિભિન્નતા.
આત્માને કોઈ એક માને કે અનેક, ઈશ્વરને કોઈ માને
યા ન માને, એ બધું તત્ત્વવિજ્ઞાન સંબંધી વિચારણાના
ભેદબુદ્ધિના તર-તમભાવ ઉપર નિર્ભર છે.
બાહ્ય આચારો અને નિયમોનો ભેદ આપણી બુદ્ધિ,
રૂચિ અને પરિસ્થિતિના ભેદમાંથી ઉત્પન્ન થયેલ છે.
કોઈ ગંગાસ્નાન - વિશ્વનાથના દર્શનમાં પવિત્રતા માને,
કોઈ બોધિગયા અને સારનાથમાં કૃતકૃત્યતા માને,
કોઈ શત્રુંજયની યાત્રામાં સફળતા માને,

કોઈ મક્કા અને કોઈ જેરૂસલેમમાં ધન્યતા માને, કોઈ
અઠ્ઠાઈના ઉપવાસને, કોઈ અષ્ટમી - ચતુર્દશીના વ્રતને
અને કોઈ તપના બદલે દાન ઉપર ભાર આપે!
બધો ભેદ પરંપરાગત ભિન્ન ભિન્ન સંસ્કારોના
પોષણના, પ્રકૃતિ અને રુચિભેદના માનસિક
વાતાવરણના લીધે અનિવાર્ય છે, તેથી બાહ્યાચાર અને
બાહ્ય પ્રવૃત્તિનો ભેદ મટવો અશક્ય છે.
ભેદની ઉત્પત્તિ અને પોષણ આટલી
સામગ્રી હોવા છતાં જીવનનું સત્ય કદી ખંડિત થતું નથી.
તે તો જુદી જુદી રીતે, જુદી જુદી ભાષામાં અથવા તો
જુદા જુદા રૂપમાં છે એ દર્શનોના અનુભવી તત્ત્વજ્ઞોના
સર્વ અનુભવમાં એકસમાન રીતે જ પ્રગટ થાય છે.
(૨૬) સત્ય તો વસ્તુતઃ એક જ છે, છતાં
મનુષ્યની દૃષ્ટિ તેને એકરૂપથી ગ્રહણ કરી શકતી નથી.
તે કારણે પરમ સત્યનું દર્શન કરવા માટે
માણસે પોતાની દૃષ્ટિમર્યાદાને વિકસિત કરવી જોઈએ.

તેમાં સત્યગ્રાહકોની સંભવિત સર્વ દૃષ્ટિઓને સ્થાન આપવું જોઈએ. આ ઉદાત્ત અને વિશાળ ભાવનામાંથી અનેકાંત વિચારસરણીનો જન્મ છે. એની યોજના વાદ-વિવાદમાં જય મેળવવા, વિતંડાવાદની સાઠમારી કે દાવપેચ ખેલવા કે શબ્દછલની શતરંજ ખેલવા માટે નહિ, કિન્તુ જીવનશોધના એક ભાગસ્વરૂપ વિવેકશક્તિને વિકસિત કરવા માટે છે. અનેકાંતનો સાચો અર્થ સત્ય દર્શનને લક્ષ્યમાં રાખી તેના સર્વ અંશો - ભાગોને એક વિશાળ માનસ વર્તુળમાં યોગ્ય રીતે સ્થાન આપવું તે છે. અનેકાંતને જીવનમાં વાસ્તવિક સ્થાન આપવા માટે

સંકુચિતતાઓ અને વાસનાઓની સાથે
વિગ્રહ ખેલવો પડે છે તથા તેનું જ નામ ધર્મ
અર્થાત્ અહિંસા - સંયમ અને તપનો આચાર છે.

(૨૭) વિવેકશક્તિના વધવા સાથે દૃષ્ટિમર્યાદા વધે છે, પોતાની અંદર રહેલા સંકુચિતતાઓ અને વાસનાઓના
દબાણોની સામે થવું પડે છે.

અનેકાંત વિચારની રુચિ અને વૃદ્ધિના પ્રમાણની સાથે અહિંસાનો પ્રશ્ન ઊભો થાય છે. કોઈપણ વિચાર કે વાસના કે સંકુચિતતા ઊઠે, ત્યારે તેનાથી પરાભવ પામ્યાં વિના બળપૂર્વક સામનો કરવો, એ અહિંસાનું તાત્પર્ય છે. એનું જ બીજું નામ સંયમ, તપ, ધ્યાન, અધ્યાત્મ છે.

તે બધાં અહિંસાના જ પ્રકારો છે.

અહિંસા કેવળ આચાર જ નહિ, કિન્તુ શુદ્ધ વિચારના પરિપાકરૂપે અવતરિત જીવનોત્કર્ષક શુદ્ધ આચાર છે. અનેકાંતના સૂક્ષ્મ - વાસ્તવિકરૂપમાં કોઈપણ બાહ્યાચાર શુદ્ધ આચાર છે. તેનો સંબંધ જેની સાથે નહિ, તેવા આચાર - વ્યવહારને જૈનદૃષ્ટિએ અહિંસાનું સ્થાન નહિ.

## જૈનદર્શન પ્રમાણે આત્મપોષક તત્ત્વો ક્યાં?

અનેકાંતના વિચારમાંથી વાસનાઓને વશ કરવા માટે

ઉત્પન્ન થયેલા વિવિધ આચારોને

જૈનશાસ્ત્રમાં આસ્રવ, નિરોધ, સંવર, સકામ નિર્જરા આદિ આત્મપોષક તત્ત્વો તરીકે કહેવામાં આવેલ છે.

અધ્યાત્મ કલ્પદ્રુમ, ૭ : શાસ્ત્રગુણાધિકારનો અનુવાદ

શાસ્ત્રનો અભ્યાસ કર્યો ન હોય, તો પણ કેટલાક જીવો ભાવના જેવા ઉપદેશથી મુશ્કેલીથી સાધી શકાય, તેવાં શુભ અનુષ્ઠાનો તરફ આદરવાળા થઈ જાય છે અને શ્રદ્ધાપૂર્વક શુભ આશયવાળા બની જાય છે. કેટલાક આગમના અભ્યાસી હોય અને તેના પુસ્તકો પાસે રાખતાં હોય, છતાં આ લોક-પરલોક હિતકારી કાર્યોમાં આળસુ થઈ પરલોકને હણનારાં થાય છે.

અધ્યયન કરવા યોગ્ય શાસ્ત્રોનાં નામો

(૧) કર્મગ્રન્થ (૨) નવતત્ત્વ (૩) વૈરાગ્યશતક
(૪) જ્ઞાનસાર (૫) શાંત સુધારસ (૬) ધર્મબિન્દુ
(૭) અધ્યાત્મસાર (૮) યોગબિંદુ
(૯) મોક્ષમાર્ગ પ્રકાશ (૧૦) આનંદઘન પદો
(૧૧) અધ્યાત્મ કલ્પદ્રુમ (૧૨) ઇંદ્રિય પરાજયશતક
(૧૩) યોગદૃષ્ટિ સમુચ્ચય (૧૪) ઉપમિતિ ભવપ્રપંચ કથા
(૧૫) આત્માનુશાસન.

## નિમ્નલિખિત મહાપુરુષોના ગ્રન્થો ભવિજીવોને મોક્ષપંથે જવા ખૂબ ઉપકારક છે:

પૂજ્યપાદ દેવનંદિ - સર્વાર્થસિદ્ધિ.

અકલંક - રાજવાર્તિક, વિદ્યાનંદી - શ્લોકવાર્તિક.

કુંદકુંદ - સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય.

સમંતભદ્ર - રત્નકરંડ શ્રાવકાચાર, આપ્તમીમાંસા.

મલ્લવાદી - દ્વાદશાર નયચક્ર, સં. ૪૨૪.

સન્મતિ ટીકા - શ્લોક ૭૦૦.

જિનભદ્ર - વિશેષણવતી, વિશેષાવશ્યક.

હરિભદ્ર - શાસ્ત્રવાર્તા, ષડ્દર્શન,
અનેકાંત જયપતાકા તથા ધર્મસંગ્રહણી.

## ચાર વેદના ચાર મહાવાક્યો:

(a) તત્ત્વમસિ - તે તું છે.

(b) અહં બ્રહ્માસ્મિ - હું બ્રહ્મ છું.

(c) પ્રજ્ઞાનં બ્રહ્મ - બ્રહ્મ જ્ઞાનમય છે.

(d) અયમાત્મા બ્રહ્મ - આ દેહમાં રહેલ આત્મા બ્રહ્મ છે.

## જૈન ન્યાયના પાંચ વર્ષનો અભ્યાસક્રમ

**પ્રથમ વર્ષ** : (૧) ન્યાયાવતાર (૨) રત્નાકરાવતારિકા (૩) નયપ્રદીપ (૪) પ્રમાણમીમાંસા (૫) સ્યાદ્વાદ મંજરી.

**બીજું વર્ષ** : (૧) ન્યાય કુમુદચંદ્ર (૨) સ્યાદ્વાદરત્નાકર (૩) પ્રમેયકમલ માર્તંડ (૪) નયરહસ્ય.

**ત્રીજું વર્ષ**

(૧) નયોપદેશ (૨) શાસ્ત્રવાર્તા (૩) જ્ઞાનબિન્દુ (૪) સમ્મતિ તર્ક (૫) અનેકાંત જયપતાકા.

**ચોથું વર્ષ** : (૧) અષ્ટક (૨) ષોડશક (૩) યોગબિન્દુ (૪) યોગદૃષ્ટિ સમુચ્ચય (૫) ઉપદેશપદ.

**પાંચમું વર્ષ**

(૧) અધ્યાત્મસાર (૨) અધ્યાત્મોપનિષદ્ (૩) દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા (૪) મહાનિશીથ (૫) પંચકલ્પ ભાષ્ય મૂળ.

**નવ્યન્યાય**: તર્કસંગ્રહ, મુક્તાવલિ દિનકરી, પંચ લક્ષણ, સિદ્ધાંત લક્ષણ, વ્યુત્પત્તિવાદ સામાન્ય નિરુક્તિ, દશાશ્રુત સ્કંધ સટીક, જિતકલ્પ ટીકા - તિલકાચાર્ય.

શાસ્ત્ર એ ભગવાનનું જ વાઙ્મય સ્વરૂપ છે.

તત્ત્વજ્ઞાન અને જીવન જુદું છે, એવું નથી પરન્તુ
તત્ત્વજ્ઞાન અને જીવન વચ્ચે તો સીધો સંબંધ છે.
દ્વાદશાંગીના અર્થનો સાર આ આત્માનું આરાધન જ છે.

## ઈતર ધર્મોની સાધનામાં મુખ્યત્વે ઉપયોગી ગ્રન્થો

(૧) શ્રવણ માટે વેદાન્ત ગ્રન્થો ખાસ યોગ્ય મનાયા છે.
(૨) મનન માટે ન્યાય અને વૈશેષિક ગ્રન્થો ભણવા.
(૩) નિદિધ્યાસન માટે સાંખ્ય અને યોગ ગ્રન્થો ભણવા.
(૪) ધર્મજિજ્ઞાસા માટે પૂર્વમીમાંસા ગ્રન્થોનો અભ્યાસ કરવો.
(૫) બ્રહ્મજિજ્ઞાસા માટે ઉત્તરમીમાંસાનો અભ્યાસ કરવો.

## જૈનાગમોમાં ભરેલો તત્ત્વખજાનો

જૈનાગમોમાં ધ્યાનયોગના વિશાળ, ગંભીર અર્થો ભર્યા છે.
આ કાળમાં 'ધ્યાનવિચાર' જેવા જે ગ્રન્થો મળે છે,
તે સાક્ષાત તીર્થંકરોની ભેટનો લાભ કરાવે છે.

સત્ બે પ્રકારે: જડ-ચેતન. જડ બે પ્રકારે: રૂપી-અરૂપી.
ચેતન બે પ્રકારે : સંસારી અને સિદ્ધ.

સંસારમાં સર્વોત્તમ શ્રેષ્ઠ વસ્તુ કઈ? જિનાજ્ઞાનું પાલન.

જિનાજ્ઞા સ્યાદ્વાદમય છે, તે સપ્તનયમય છે.

## ભગવાનની આજ્ઞાનું સ્વરૂપ

"आस्रवो भवहेतुः स्यात्, संवरो मोक्षकारणम्।
इतीयमार्हती मुष्टि - रन्यदस्याः प्रपञ्चनम्॥"

અર્થ: આશ્રવ સર્વથા હેય અને સંવર ઉપાદેય છે. આશ્રવ ભવનો હેતુ છે અને સંવર મોક્ષનું કારણ છે. શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાનું સંક્ષેપમાં આ પરમ રહસ્ય છે. બાકી બધો આનો જ વિસ્તાર છે.

## આજ્ઞાનું સામ્રાજ્ય

પરમેષ્ઠિ નમસ્કારમાં પરમાત્માની આજ્ઞાનું બહુમાન છે, જેથી આજ્ઞાપાલનનો અધ્યવસાય તીવ્ર બને છે તથા આજ્ઞાની વિરાધનાનો અધ્યવસાય નિરનુબંધ બને છે. પરમેષ્ઠિ નમસ્કાર પ્રભુઆજ્ઞા સાથે અનુકૂળ સંબંધ કરાવે છે. પ્રભુઆજ્ઞાનું સામ્રાજ્ય ત્રણ ભુવનમાં પ્રવર્તે છે. સમગ્ર વિશ્વનું પ્રવર્તન આજ્ઞાને આધીન છે.

આજ્ઞા એ દીવો છે, આજ્ઞા એ ત્રાણ છે,
આજ્ઞા એ શરણ છે, આજ્ઞા એ જ ગતિ છે અને
આજ્ઞા એ જ દુર્ગતિમાં પડતાં જીવોને આલંબન છે.

પ્રભુની આજ્ઞાનો વિરાધક શિક્ષાને પાત્ર બને છે અને
પ્રભુની આજ્ઞાનો આરાધક ઉન્નતિને પામે છે.
આજ્ઞાને શરણે રહેલો નિર્ભય બને છે.

પરમેષ્ઠિ નમસ્કારનો આરાધક આજ્ઞાનો આરાધક બને છે
અને આજ્ઞાનો આરાધક શિવસુખને પામે છે.

આદિ પંચમંગલનું નિત્ય આરાધન કરનારો પ્રભુઆજ્ઞાનો પરમ આરાધક બને છે. પ્રભુની આજ્ઞા છે કે જીવનિકાયનું હિત કરનારી હોવાથી, પંચમંગલનું સેવન કરનારો તેમનો હિત ચિંતવનારો થાય છે. જીવરાશિ ઉપર હિતનો પરિણામ એ મૈત્રી છે. મૈત્રીભાવ ધારણ કરનારો
પરમાત્માની આજ્ઞાનો આરાધક થાય છે.

પરમાત્માની આજ્ઞા હેયનું હાન, ઉપાદેયનું ઉપાદાન
અને ઉપેક્ષણીયની ઉપેક્ષા સ્વરૂપ છે.

# પ્રભુની આજ્ઞા શું છે ?

પ્રભુની આજ્ઞા આશ્રવોના ત્યાગની અને
સંવરોના સ્વીકારની છે.

જે જે ક્રિયાથી આત્મામાં કર્મ આવે, તે આશ્રવ છે
અને આવતાં કર્મ રોકાય, તે સંવર છે.

આજ્ઞાનું આરાધન મોક્ષ માટે થાય છે અને
આજ્ઞાનું વિરાધન સંસાર માટે થાય છે.

પંચમંગલ એ પરમાત્માની આજ્ઞાનું મૂર્તિમંત સ્વરૂપ છે.

પ્રભુની આજ્ઞાનો વિચાર તે આજ્ઞાવિચય ધર્મધ્યાન.

સર્વ જીવને આત્મસમ ગણવારૂપી પ્રભુની આજ્ઞાથી જ પદાર્થમાત્ર ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ધારણ કરી રહ્યાં છે. કરૂણાનો એ પ્રભાવ છે કે વસ્તુ પોતાના સ્વરૂપથી ચ્યુત થતી નથી, અન્ય સ્વરૂપને પામતી નથી. એ રીતે પ્રભુના વચનનો વિચાર કરવો, તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે. વસ્તુનું સ્વરૂપ જેવું છે, તેવું જ વિચારવું, એ ધ્યાનની સ્થિરતા માટે ઉપયોગી છે.

# જિનાજ્ઞા એટલે જિનાગમ.

આત્માનો અનુભવ કરવો, તો તીર્થંકરની આજ્ઞાનો ય તીર્થંકરના આપ્તવાક્યનો અનુભવ કરવો જાણવો.

પ્રભુની આજ્ઞાની આરાધના એટલે પ્રભુના વચનની આરાધના, પ્રભુના વિચારની આરાધના, પ્રભુના વર્તનની આરાધના. પ્રભુના વચન, વિચાર અને વર્તનની આરાધના એ જ પ્રભુની આજ્ઞાની આરાધના.

આજ્ઞા = વચન, વિચાર, વર્તનની સમગ્રતાનો સરવાળો.

જે આજ્ઞાનો આરાધક હોય, તે વચનનો - વિચારનો અને વર્તનનો આરાધક હોય જ. વચન, વિચાર કે વર્તનથી છૂટી પડેલી આજ્ઞા આજ્ઞારૂપે રહેતી જ નથી. 'आ, समंतात् ज्ञायन्ते अनेन इति आज्ञा ।' જે વડે પ્રભુનું વચન, વર્તન અને પ્રભુનો વિચાર સમગ્રપણે જાણી શકાય, તેનું નામ 'આજ્ઞા'. આજ્ઞાના નામે પ્રભુના વચનની, વિચારની અથવા વર્તનની જો ઉપેક્ષા થાય, તો આજ્ઞા એક પ્રાણ વિનાનું કલેવર બની જાય.

આજ્ઞાપાલન = શરણાગતિ.

તે શિષ્યનો પ્રયત્ન એ આક્રમણ છે.

આક્રમણનો નાશ શરણાગતિ વડે થાય છે.

શરણાગતિ આજ્ઞાપાલનના અભ્યાસ વડે આવે છે.

આજ્ઞાનું પાલન કરવાનો અભ્યાસ 'હું કાંઈ કરું છું'
એવા આક્રમણના સ્થાને શરણાગતિ લાવે છે.

આજ્ઞાનું પાલન કરવાથી Effortless effort બને છે.

Effort = શક્તિ, Effortless effort = ભક્તિ.

Effort = આક્રમણ, Effortless effort = શરણાગતિ

આજ્ઞાપાલનનો અભ્યાસ વિશ્વમુક્તિની કામના વડે
અને મુક્તિની કામના વિશ્વહિતની ભાવના વડે આવે છે.

વિશ્વહિતની ભાવના તીર્થંકરોની કરુણા વડે આવે છે.

તીર્થંકરોની કરુણા સ્વભાવસિદ્ધ છે, તેથી
પ્રત્યેક મુમુક્ષુ આત્માને માટે તીર્થંકરોની ભક્તિ
પરમ કર્તવ્યરૂપ થઈ પડે છે.

Cosmic cause is the happiness of all.

Cosmic cause is an eternal law.

તેની વિરુદ્ધ જવું, તે સ્વવિનાશ સર્જવા બરાબર છે.

આજ્ઞા ઉથાપનાર છે, તેનો ભંગ કરનાર છે.

આજ્ઞા તો Cosmic cause ઉપર ખડી થયેલ છે, તેથી વિરુદ્ધ વર્તનારને તે સાંખી શકતી નથી. તેને અનુકૂળ વર્તનારનું જ કલ્યાણ થાય છે. એ નિયમ સનાતન છે.

નીચેની ક્રિયાઓ આજ્ઞા - બહુમાનયુક્ત ન ગણાય:

(a) જે ક્રિયા લબ્ધ્યાદિ અપેક્ષાથી થતી હોય.

(b) ફળની લજ્જા - દાક્ષિણ્યતાદિ વિના થતી હોય.

(c) ગુરુ - લાઘવના પર્યાલોચન વિના થતી હોય.

(d) મૈત્ર્યાદિ ભાવનાં શુદ્ધ સંવેદન વિના થતી હોય.

આજ્ઞાના બહુમાનવાળી ક્રિયાથી જ
સાનુબંધ અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે.

o

Cosmic Order is an other word for 'આજ્ઞા'. Law of Sacrifice is 'પરાર્થરસિકતા'.

## આજ્ઞા શું છે? શા માટે છે?

'આજ્ઞા' એટલે આગમ, જેમાં જીવ - કર્મ - કર્મબંધના હેતુઓ - નિર્જરા અને મોક્ષતત્વનું સ્વરૂપ યથાસ્થિત બતાવેલું હોય તે. તેનું અધ્યયન, અધ્યાપન અને પાલન અનાત્મભાવનો નાશ કરી આત્મભાવને પ્રગટાવે છે.

## આજ્ઞાપાલનનો હેતુ

તે Cosmic evolutionને સહાય કરવાનો છે. તેના ઉપેક્ષા સર્વ દુઃખ - ક્લેશ - આપત્તિઓનું કારણ બને છે.

પરાર્થભાવ એ મુક્તિનો પરમ ઉપાય છે, કારણકે તેથી પરમાર્થભાવ પ્રગટે છે, જેમાં જ્ઞાન - દર્શન - ચારિત્ર ગુણોનું મિલન થાય છે - ત્રણે એકત્ર થાય છે.

સમગ્ર વિશ્વ તીર્થંકરની આજ્ઞા નીચે પ્રવર્તી રહ્યું છે, તેથી સમગ્ર વિશ્વ તેમની પ્રજાના સ્થાને છે.

અરિહંતાદિની આજ્ઞા સમજવા આગમનું અધ્યયન-શ્રવણ કરવું જોઈએ. જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તેનું નિત્ય પાલન કરવું જોઈએ.

આજ્ઞાને દર્શાવનાર બીજો શબ્દ 'શાસન' છે.

શાસન એટલે આજ્ઞા અભિધાયક છે.

જૈન એ કેવળ દર્શન, તત્ત્વજ્ઞાન, આચાર કે ક્રિયાનું નામ નહિ પણ એક શાસનનું નામ છે.

'શાસન' એટલે શિખામણ કે હિતશિક્ષા આપનાર. તેનાથી વિરુદ્ધ જનારને શિક્ષા - અનુકૂળ વર્તનારનું રક્ષણ કરનાર છે.

'શાસ્' ધાતુ 'શાસન' અથવા શિક્ષા અર્થમાં છે.

જૈન એ શિક્ષા કરનારું, 'શાસન' કરનારું, અપ્રતિહત આજ્ઞા ચલાવનારું તત્ત્વ છે, તેથી તે સ્વચ્છંદતા છોડી આજ્ઞાપરતંત્ર બનવાની શિખામણ આપે છે. 'આજ્ઞાને પરતંત્ર બન્યાં વિના સ્વતંત્ર થઈ શકાતું નથી' એવી હિતશિક્ષા આપે છે. પોતાને આધીન રહેનારનું રક્ષણ કરનાર અને આધીન ન રહેનાર અનર્થનો ભાગી થાય છે, એ પણ સૂચવે છે.

જેણે જૈન ધર્મના અનુયાયી બનવું છે,
તે સ્વચ્છંદતા છોડી, સ્વમતિ કલ્પનાને અવગણી,
શાસ્ત્રાજ્ઞા મુજબ બને, તો જ આરાધક બની શકે.

આજ્ઞાપ્રધાન જીવનથી બેવડો લાભ થાય છે:

સ્વચ્છંદતા મટે છે અને અતીન્દ્રિય વસ્તુનું
ગ્રહણ થાય છે, અહંકાર છૂટે છે અને અર્હંકાર આવે છે.

વળી સ્વના પક્કડમાંથી મુક્ત થઈ
સર્વહિતનું કાર્ય શરૂ થાય છે. 'હું' મટીને 'આપ' અને
'આપ' મટીને 'તે' સુધી પહોંચાય છે.
ત્યાં સુધી પહોંચવાનો બીજો કોઈ માર્ગ છે જ નહીં.

આજ્ઞાપારતંત્ર્ય, શાસનવાત્સલ્ય, સ્વમતિવિસર્જન,
સર્વમતિસર્જન, અર્હંમતિમાં વિલીનતા આવશ્યક છે.

'હું કરું છું' વૃત્તિ જ્યાં સુધી બેઠી છે, ત્યાં સુધી બંધ છે,
'હું આજ્ઞા પાળું છું' એ વૃત્તિ આવી, એટલે નિર્જરા છે.

એકમાં 'અહંકાર' છે - બીજામાં 'ભક્તિ' છે.
અહંકારનો નાશ 'હું કર્તા નથી' એ ભાવના વડે શક્ય નથી,
'હું આજ્ઞા પાળું છું' એ બુદ્ધિ વડે નાશ પામે છે.

તીર્થંકરોની આજ્ઞા પાળવી, એ પરમ ધર્મ છે...
અને એ જ ધર્મ છે, બીજો કોઈ ધર્મ નથી.

## ધર્મ શેમાં છે? ધર્મ આજ્ઞાપાલનમાં છે.

સાત્ત્વિક પણ જો આજ્ઞાપાલનની બુદ્ધિ નહિ, તો તે મુક્તિ હેતુ વિશુદ્ધ નહિ, કિન્તુ અહંકારમિશ્રિત મલીન ધર્મ છે, મોક્ષનો માર્ગ અતીન્દ્રિય છે, તેથી મન - ઇંદ્રિય કે બુદ્ધિ વડે પકડી શકાતો નથી, માત્ર આજ્ઞા વડે ગ્રાહ્ય બને છે.

ધર્મ કરતી વખતે તીર્થંકરની આજ્ઞાનું પાલન કરવાનો નિર્મળ આશય હોય, તેથી માયાશલ્ય ટળે છે. પોતાની ભૂમિકાને યોગ્ય ભિન્નભિન્ન પ્રકારનો ધર્મ કરતી વખતે પોતે તીર્થંકરદેવની આજ્ઞાપાલન કરવારૂપ પરમ કર્તવ્ય બજાવી રહેલ છે, તેનું પ્રણિધાન આવશ્યક છે. ધર્મનું મૂળ તીર્થંકર દેવ છે, ધર્મનું ફળ મોક્ષનું સુખ છે, ધર્મનું સ્વરૂપ આજ્ઞાપાલન છે. સર્વ તીર્થંકરોની આજ્ઞા આરાધ્ય છે. આજ્ઞારાધનથી જ તીર્થંકરત્વ સાધ્ય છે. 'ધર્મ આજ્ઞાથી પ્રતિબદ્ધ છે' એનો અર્થ છે કે ધર્મમાં નમસ્કાર મુખ્ય છે, આજ્ઞાકારક અને આજ્ઞાપાલક ઉભય આજ્ઞાપ્રતિબદ્ધ છે, માટે ધર્મ નમસ્કારથી બંધાયેલો છે.

આજ્ઞાપાલન બે પ્રકારનું છે: દ્રવ્યથી અને ભાવથી.
ભાવથી એટલે બહુમાનપૂર્વક અને દ્રવ્યથી એટલે
અબહુમાનપૂર્વક. જેમાં આજ્ઞાકારકનું બહુમાન છે,
તેમાં આજ્ઞાપાલકનું અભિમાન છે.

આજ્ઞાયોગ ઉપર સુવૈદ્યનું દૃષ્ટાંત

રોગીને નિરોગી થવા ઔષધ નહિ પણ સુવૈદ્યની આજ્ઞા
એ જ પ્રમાણ છે. કઈ દવા કેટલા પ્રમાણમાં, કેટલી વાર,
કયા અનુપાન સાથે, કયા સમયે, કેવા રીતની પરેજીપૂર્વક,
કેટલા દિવસ અને નિરોગી થયા પછી પણ કેમ વર્તવું,
એ બધો આજ્ઞાયોગ છે.

લોકોત્તરોની આજ્ઞાનું પાલન કરનારને શુભ બદલો,
વિરુદ્ધ વર્તનારને અશુભ શિક્ષા કરવા સમસ્ત પ્રકૃતિ સહજ
રીતે જ આજ્ઞૈશ્વર્યે અસ્ખલિત વર્તી રહ્યું છે.

આજ્ઞાપાલક અને વિરુદ્ધ વર્તનાર - ઉભય પ્રત્યે
વિશ્વપ્રેમી એવા અરિહંતો પ્રેમ દર્શાવનાર, જગાડનાર,
રક્ષણ કરનાર, વિશોધન કરનાર રીતે જગતની માતા છે.

# આજ્ઞાબહુમાનશૂન્ય ક્રિયાની ઓળખાણ

(૧) વસ્ત્ર, પાત્ર, કીર્તિ આદિ લબ્ધિ-લાભની અપેક્ષાએ થતી,
(૨) સ્વજનાદિના અપરોધથી કે કુળની લજ્જાદિથી થતી,
(૩) પ્રવૃત્તિથી ગુણ કે નુકસાન વધુ છે, એની વિચારણાશૂન્ય,
(૪) મૈત્ર્યાદિ વિનાની ક્રિયા આજ્ઞા બહુમાનશૂન્ય ક્રિયા છે.

આજ્ઞા બહુમાનશૂન્ય ક્રિયા કરનારને પર્વ દિવસના ઉપવાસ, દાન, અતિથિસત્કાર, તીર્થસ્નાનાદિ ધર્મક્રિયાથી નિરનુબંધ ફળ મળે. તેને માત્ર ક્રિયાજન્ય પુણ્ય થાય પણ નિરનુબંધ રહે. આજ્ઞાબહુમાનયુક્ત તીર્થંકર, ગુરુ અને શ્રુતચારિત્રરૂપ ધર્મ ઉપર પણ બહુમાનવાળો સાધક છે, તો તે પોતાનું હિત સાધે - મેળવે છે. કેવળ ક્રિયાથી વિશિષ્ટ ફળ મળતું નથી. ગુરુની આજ્ઞા ન સમજાય, તો પણ તેનું પાલન અનિવાર્ય છે, કેમકે કેરીના ઝાડ પર નાના ફળ અને કોળાના વેલા પર મોટાં ફળ આવે, તેનું કારણ બુદ્ધિથી સમજાય નહીં, કિન્તુ જ્યારે તે માથે પટકાય, ત્યારે સમજાય છે.

## શાસ્ત્રકારોએ શેની ઉપર ભાર મૂક્યો ?

શાસ્ત્રકારોએ અહિંસા, સંયમ અથવા
તપ, સત્ય, બ્રહ્મચર્ય કે વૈરાગ્ય ઉપર ભાર ન મૂક્યો,
પરંતુ તેમણે આજ્ઞા ઉપર ભાર મૂક્યો.

## પંચપરમેષ્ઠિની આજ્ઞાનો મહિમા

અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓની
આજ્ઞાને કરેલો નમસ્કાર સર્વ પાપનો સમૂળ નાશ કરે.
એ નમસ્કાર સર્વ મંગળોમાં પહેલું મંગળ છે.
આજ્ઞા તે આજ્ઞા છે, તેમાં તર્ક કે દલીલને અવકાશ નહિ.
જે આજ્ઞાની મર્યાદામાં રહે, તેનું કલ્યાણ છે.
એ આજ્ઞાનો ભંગ કરનારને શાસન છે, શિક્ષા છે.
આજ્ઞા ત્રાણ પ્રદાન કરે અને શાસન પ્રદાન કરે છે.
આજ્ઞાપાલન કરનારનું ત્રાણ કરે છે તથા
વિરુદ્ધ વર્તનારનું શાસન કરે છે.
'આજ્ઞા' એટલે સમગ્રતાની relatedness અને
એ જેમાં જળવાઈ રહે છે, તે Cosmic order.

## પરમાત્માની આજ્ઞા કેવી છે?

પ્રભુઆજ્ઞા અકૃત્રિમ, અનાદિનિધન, ભૂતહિતકર,
ભૂતભાવન, સત્ય, અવિતથ અને અમિશ્ર છે.
તેનાથી સર્વ પદાર્થો જણાય છે અને
યથાર્થરૂપ આચરણ થાય છે.
આજ્ઞાને આધીન સમગ્ર વિશ્વ છે,
ઇંદ્રાદિ દેવોને પણ તે આજ્ઞા માનનીય છે.
આજ્ઞા પ્રત્યેનો આદર પણ પાપનાશક છે,
અનાદરનો અંશ પણ ઘાતક છે.
સૂર્ય - ચંદ્ર નિયમિત ફરે છે, પૃથ્વી નિરાધાર ટકી છે,
એ આજ્ઞાનો આદરથી ચમત્કાર છે.
અરિહંતોની આજ્ઞા વિશ્વકલ્યાણની છે,
સિદ્ધોની આજ્ઞા સમદર્શિત્વની છે,
આચાર્યોની આજ્ઞા સદાચારપાલનની છે,
ઉપાધ્યાયોની આજ્ઞા શ્રુતાધ્યયનની છે,
સાધુઓની આચારપાલન અને શ્રુતાધ્યયન સહાયની છે.

એ પાંચ પ્રકારની આશાના પાલનમાં મંગલ છે,
વિરુદ્ધ વર્તનમાં અમંગલ, પાપ, દુર્ગતિ અને ભવભ્રમણ છે.
આ આશા અનાદિસિદ્ધ છે, કોઈ તેમાંથી છટકી શકતું નથી.
આશાની સિદ્ધિમાં મુક્તિ છે, અસિદ્ધિમાં બંધન છે.
તેમાં તર્ક કે દલીલને અવકાશ નથી,
કાં તો આશાનું આરાધન કરો અને સુખ પામો,
કાં તો એનું વિરાધન કરો અને દુઃખ પામો.
ત્રીજો કોઈ માર્ગ છે જ નહીં.
આશામાં મધ્યસ્થ રહેવું, તે પણ
આશાની સામે થવા બરાબર - ગુન્હો છે.
તેને તો નમે જ છૂટકો. જે ન નમ્યો તે ગયો, નમ્યો તે રહ્યો.
એ રીતે સનાતન અને શાશ્વત આશા પ્રત્યે
સદા નમનશીલ રહેવાનું શીખવનાર મંત્ર એ મહામંત્ર છે.
ૐ એ શ્રી પંચપરમેષ્ઠિવાચક પદ છે.
તેને નમસ્કાર અને તેમની આશાને નમસ્કાર.
એ જ કર્મના ભીષણ બંધનમાંથી છૂટવાનો અનન્ય ઉપાય.

## આજ્ઞા = સર્વ જીવો આત્મતુલ્ય છે.

શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોની આજ્ઞાને નહીં માનવાથી જ જીવ ભવભ્રમણ કરે છે. પંચ પરમેષ્ઠિની આજ્ઞા એટલે સર્વાત્મભાવ અને પરમાત્મભાવને પામવા માટેના આવશ્યક અને ભાવને જીવનમાં સાધવાની આજ્ઞા.

'વીતરાગ! સપર્યાયાસ્તવાજ્ઞાપાલનં પરં ।
આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ શિવાય ચ ભવાય ચ ॥'

પૂજા કરતાં આજ્ઞા ચઢે, તેનું કારણ આજ્ઞા વચનાનલ રૂપ હોવાથી કર્મેન્ધન દાહ કરવા સમર્થ છે.

'ક્રિયામાત્ર પ્રભુની આજ્ઞારૂપ છે'

અર્ચા શુદ્ધિ કરવામાં આવે, તો કર્મક્ષયનો હેતુ થાય, પછી તે પૂજા કે સર્વવિરતિ અંગીકાર કરવાની ક્રિયા હો. પ્રભુઆજ્ઞાનું પાલન એ જ શાસ્ત્રનો અંતિમ નિષ્કર્ષ છે, કેમકે તેનું પાલન મુક્તિનો અને ખંડન સંસારનો હેતુ છે. આજ્ઞાપાલનનો અધ્યવસાય એ જ ધર્માનુષ્ઠાનની આરાધના સ્વરૂપ છે, જેમાંથી અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ છે.

## 'સેવા' એટલે આજ્ઞાનું પાલન.

હિતચિંતનમાંથી ફલિત થતી વાત હિતકર રીતે કરવી
તે જ ઈશ્વરની સેવા છે.

કોઈએ કોઈની હિંસા ન કરવી, તે આજ્ઞાનો આકાર છે.
ઈશ્વરની દૃષ્ટિમાં સૌથી વધુ મહત્ત્વ ચૈતન્ય તત્ત્વનું છે.
'પ્રાણીમાત્રના આત્મા પોતાના આત્મા સમાન છે'
એ જ જીવનદર્શન છે - એ જ આજ્ઞા છે.
છેવટમાં છેવટનો માર્ગ સર્વભૂતમાં આત્મદર્શન જ છે.

શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે કે:

દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ: પરમાત્મશાસનની ૪ રાજનીતિ છે.
એ રાજનીતિનો લોપ ચેતન કે અચેતન પદાર્થ કરતો નથી.
જગત રાજાની આજ્ઞા કોઈ માને કોઈ ન માને પણ
આ મહતી જિનાજ્ઞાને તો સર્વ પદાર્થો સહજ રીતે અનુસરે છે,
એથી જગતના પરિણમનનો મૂલાધાર શ્રી સિદ્ધ ભગવંતોનું
જ્ઞાનાદિરૂપે પરિણમન છે. એ જ પરમેશ્વરાનુગ્રહ છે.
એ પરિણમનની અસરથી જ જગતનાં કાર્યો થાય છે.

આ સિદ્ધર્ષિગણિજી કહે છે કે:

'પ્રભુની આજ્ઞા અનાદિ, અનંત, સુપ્રતિષ્ઠિત,
અનુલ્લંઘનીય, નિશ્ચલ, સહજ પાલનીય, પરમહિતકર છે.'
વિચાર કરતાં લાગે કે આજ્ઞા એક સનાતન વિશ્વનિયમ છે.

આ તીર્થંકર ભગવંતના શબ્દો
આજ્ઞાના હેતુ, સ્વરૂપ અને ફળને સમજાવવા માટે છે.
તે વચનો પોતે આજ્ઞા નથી.
આજ્ઞા તો વચનોનો અર્થ છે.
ઉપચારથી વચનને 'આજ્ઞા' કહેવામાં આવે છે.

આ બૃહત્કલ્પ સૂત્રના ભાગ ૪, ગા-૪૫૮૪માં ફરમાવ્યું છે:

'जं इच्छसि अप्पणतो, जं च ण इच्छसि अप्पणतो ।
तं इच्छ परस्स वि य, एत्तियगं जिणसासणं ॥'

અર્થાત્: પોતા માટે જે ઇચ્છે છે, તે બીજા માટે ઇચ્છ.
પોતા માટે જે ઇચ્છતો નથી, તે બીજા માટે પણ ના ઇચ્છ.
આટલું જ જિનશાસન છે.
આ જિનની આજ્ઞા આટલામાં સમાવેશ પામી જાય છે.

'આજ્ઞા એ જ મોક્ષ' કેમકે તે મોક્ષનું અવન્ધ્ય કારણ છે.

તેના આદરથી જ 'અહં'થી છૂટાય છે.

પ્રભુનું ધ્યાન, પૂજનાદિ સમસ્ત ક્રિયા આજ્ઞાપાલનરૂપ છે.

આજ્ઞાનો વિષય સકલ સત્ત્વહિતાશય છે.

તેની સિદ્ધિ જે વિધિનિષેધો વડે થાય, તેનું પાલન પણ સકલ સત્ત્વહિતાશયની પુષ્ટિ માટે જ થાય છે.

રાજાની આજ્ઞાનું પાલન એ જ સૈનિકોનો ધર્મ.

રાજાના વિજયમાં પ્રજાનો વિજય છે. એ વિજય માટે પ્રયત્ન કરનાર સૈનિક એ રાજાની આજ્ઞાનો પાલક છે.

આજ્ઞારુચિ વિનાનું બધું નિષ્ફળ.

તેનું તાત્પર્ય એટલું જ કે સર્વ જીવોને આત્મતુલ્ય અને આત્માને પરમાત્મતુલ્ય માન્યા વિનાનું બધું નિષ્ફળ.

તે વિના ગુરુલાઘવસંરક્ષણ પણ થાય નહીં.

સર્વ જીવોમાં આત્મતુલ્ય સંવેદન એ દર્શન છે,

ગુરુલાઘવ ગુણદોષનું સંરક્ષણ એ જ્ઞાન છે અને

સમિતિ - ગુપ્તિયુક્ત પ્રવર્તન તે ચારિત્ર છે.

અરિહંત માર્ગદેશક અને માર્ગસ્વરૂપ છે, તેથી તે
આજ્ઞાનું પાલન કરનારને જે અનુગ્રહ થાય છે, તે
અનુગ્રહને કરનાર આજ્ઞાથી અભિન્ન પરમાત્મા જ છે.
આજ્ઞાનું પાલન કરનાર જીવ આજ્ઞાથી અભિન્ન છે,
તેથી તેના ફળનો ભોક્તા આજ્ઞાપાલક પોતે જ છે.
આજ્ઞાથી અભિન્ન પરમાત્માની આજ્ઞાનું પાલન છે.
એ રીતે વિચાર કરવાથી અંતરમાં ભક્તિ જાગે કે આજ્ઞાના
પાલનથી થતો લાભ એ આજ્ઞાપાલકનો યશ નહિ પણ
આજ્ઞાના ઉત્પાદક એવા પરમાત્માનો જ યશ છે.

'નમો અરિહંતાણં ।'

અરિહંતોનો નમસ્કાર એ જ ઉપકારનો સ્વીકાર છે.

આ જિનાજ્ઞા મુજબનું વર્તન જિનના દાસને
જીવના પક્ષમાં દોરે અને જડના સંબંધમાં બંધાતાં બચે છે.

આત્માને સંબંધ સર્વ સાથે રહેલો છે.
તેને શીખવવાની પૂર્ણ પાત્રતાના વિકાસ પછી જ
તે શાશ્વત પદનો અધિકારી બને છે.

## 'આજ્ઞાપાલનમાં ધર્મ છે' એનો અર્થ

સ્વ-પર પ્રત્યેની કરુણાવૃત્તિમાં ધર્મ છે, અન્યત્ર નહિ.
આજ્ઞા બે પ્રકારની છે: હેતુવાદ અને નિર્દિષ્ટ વચન.
હેતુવાદરૂપી આજ્ઞા અને વચનરૂપી આજ્ઞા
કરુણાભાવને પરમ ધર્મ તરીકે સિદ્ધ કરે છે,
તેથી કરુણા અને આજ્ઞા અભિન્ન બની જાય છે.
જ્યાં કરુણા, ત્યાં આજ્ઞા. જ્યાં આજ્ઞા, ત્યાં કરુણા છે.
આજ્ઞા જીવો પ્રતિ કોમળતા અને કર્મો પ્રતિ કઠોરતા બતાવે.
જીવો પ્રતિ જેટલી કરુણા, તેટલી જ કર્મો પ્રતિ તીક્ષ્ણતા.

## આર્તરૌદ્ર ધ્યાનનો તાત્ત્વિક અર્થ

અઘાતી કર્મોની આજ્ઞાને તોડવા તે છે અને
તે ધ્યાન કરવાની આજ્ઞા જિનેશ્વરની સેનાની સૈનિકે
એ જિનાજ્ઞાને તોડવારૂપ છે, તેથી પાપ છે.
ધર્મધ્યાન એ જિનાજ્ઞાને કે જિનની સેનાની આજ્ઞાને
પ્રસન્નતાપૂર્વક આદર ઝીલવારૂપ છે,
એટલે સામાયિક - સમાધિ - સમતારૂપ હોઈ ઉપાદેય છે.

જૈન ધર્મ બધા પ્રત્યે સમભાવ રાખવાનું અને
ઇચ્છાઓથી દૂર રહેવાનું બતાવે છે.
તે તૃષ્ણાઓમાંથી તૃપ્તિ તરફ લઈ જાય છે.

માનવનું કર્તવ્ય એ છે કે:

તેણે અંતરાત્મામાં પરમાત્મા સાથે એકતા કરવી,
આજ્ઞાથી વાકેફ થવું અને અક્ષરશઃ તેનું પાલન કરવું.
અરિહંતોની આજ્ઞા સતત જગદુદ્ધારનું કાર્ય કરે છે.

આજ્ઞાકારકથી આજ્ઞા અભિન્ન છે,
તેથી જગદુદ્ધારનું કાર્ય અરિહંતો દ્વારા થાય છે.
આજ્ઞાપાલકથી પણ આજ્ઞા અભિન્ન છે,
તેથી 'આજ્ઞા તેના કરનારા તથા પાળનારા દ્વારા વિશ્વના
જીવોનું ઉદ્ધાર કાર્ય કર્યા જ કરે છે' એવી શ્રદ્ધા જ્યારે
હૃદયમાં સ્થિર થાય, ત્યારે આજ્ઞાપાલન પર સ્વાભાવિક
પ્રેમ ઉત્પન્ન થાય અને આજ્ઞાભંગનો ભય પેદા થાય છે.
પ્રભુની આજ્ઞા 'સર્વનું શિવ થાઓ' એવી ભાવનાપૂર્વક
ઘણું આશ્રવોનું વર્જન અને સંવરોનું સેવન કરવામાં છે.

પ્રત્યેક અનુષ્ઠાનમાં જિનાજ્ઞા અનુસ્યૂત છે,
તે વિનાનું તે નિરપેક્ષ અનુષ્ઠાન તાત્ત્વિક નથી.
તે કારણે આજ્ઞાકારક અરિહંતનું ધ્યાન
પણ અનુસ્યૂત રહે, એ સ્વાભાવિક જ છે.
આજ્ઞા અને આજ્ઞાકારક કથંચિત અભિન્ન છે.
'ધમ્મો આણાએ પડિબદ્ધો ।' અર્થાત્:
ધર્મ આજ્ઞાથી બંધાયેલો છે અર્થાત્ આજ્ઞાપાલન એ ધર્મ.
આજ્ઞારહિત ધર્મ ઘાસના પૂળા - સમાન લેખાય છે.
'ધર્મ આજ્ઞાથી પ્રતિબદ્ધ છે' એ વાક્યનો અર્થ છે કે:
ધર્મ કરનાર તીર્થંકરો પણ આજ્ઞાકારક ત્યારે જ બને છે
કે જ્યારે તેઓ પ્રકૃષ્ટપણે આજ્ઞાપાલક બન્યાં હોય છે.
ધર્મ પણ નમસ્કારથી જ બંધાયેલો છે.
નમસ્કાર આજ્ઞાકારક આજ્ઞાકર્તૃના બહુમાનરૂપ છે,
પરન્તુ આજ્ઞાપાલકના અભિમાનરૂપ નથી.
'આજ્ઞાકારક તથા આજ્ઞાપાલક - ઉભય આજ્ઞાપ્રતિબદ્ધ છે'
એનો એક અર્થ એ છે કે ધર્મમાં નમસ્કાર મુખ્ય છે.

## જિનાજ્ઞા એટલે...

**સર્વ સાથે વિશુદ્ધ ભાવસંબંધી જોડવાની આજ્ઞા.**

શાસ્ત્રો વડે સર્વનો પરિચય અને સ્વસંબંધ ઓળખાય છે
તથા સાધના વડે સર્વ સાથેનું સાપેક્ષપણું પ્રગટે છે.
પ્રભુની આજ્ઞાનું સામ્રાજ્ય ત્રણે ભુવનમાં પ્રવર્તે છે.
સમગ્ર વિશ્વનું વર્તન આજ્ઞાને આધીન છે.
પ્રભુની આજ્ઞાનો વિરાધક શિક્ષાને પાત્ર બને છે
અને પ્રભુની આજ્ઞાનો આરાધક ઉન્નતિને પામે છે.
આજ્ઞાપાલક પણ જો પાલનનું અભિમાન કરે અને
આજ્ઞા કરનારનું બહુમાન ધારણ ન કરે, તો તે
પાલન ધર્મસ્વરૂપ નહીં પણ અધર્મસ્વરૂપ બને,
કેમકે તેમાં પાલનનો અંશ ધર્મસ્વરૂપ હોવા છતાં
અભિમાનનો અંશ અધર્મસ્વરૂપ છે.
આવું આજ્ઞાપાલન વિષમિશ્રિત અન્નની જેમ ત્યાજ્ય કે
ઊંચે ચઢાવીને નીચે પટકવારૂપ રૌદ્રદુઃખના સામર્થ્યનું જનક
અથવા પાપાનુબંધી પુણ્યરૂપ હોઈ ત્યાજ્ય છે.

આજ્ઞાનું તાત્પર્ય જીવોના દુઃખનાશ - સુખલાભ.

આજ્ઞાપાલનનો અધ્યવસાય એક બાજુ
પોતાની ભૂમિકાને અનુરૂપ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરાવે,
બીજી બાજુ આજ્ઞાકારક પ્રભુનું ધ્યાન હૃદયમાં ધરાવે.
ભૂમિકાને ઉચિત અનુષ્ઠાન અશુભાશ્રવને રોકે અને
એ નિમિત્તે હૃદયમાં થતું પરમાત્માનું અનુસંધાન
શુભ આશ્રવરૂપી સંવર - નિર્જરાનું પરમ સાધન બને છે.
સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રનો સંયોગ
આજ્ઞાપાલનના શુભ અધ્યવસાયમાં રહેલો છે,
તેથી 'આજ્ઞાપાલનનો શુભ અધ્યવસાય
એ જ મોક્ષનો પરમ હેતુ છે'
એવું મોક્ષમાર્ગનું એક જ લક્ષણ કરી શકાય છે.

આજ્ઞાપાલનના અધ્યવસાયથી થતું
ધર્મનું આરાધન એ જ શુદ્ધ ધર્મનું આરાધન છે.

'આજ્ઞા' એટલે ષટ્ જીવનિકાયનું હિત જેમાં છે,
એવી મન - વચન - કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ.

# પંચપરમેષ્ઠિ એ
## પરમાત્માની આજ્ઞાનું મૂર્તિમંત સ્વરૂપ છે.

પરમેષ્ઠિ નમસ્કારમાં આજ્ઞાપાલકને નમસ્કાર હોવાથી તે નમસ્કાર ભવ્ય જીવોને દીપકની જેમ પ્રકાશ કે ભવસમુદ્રમાં દ્વીપની જેમ મધ્યે આધાર આપે છે. પરમેષ્ઠિ નમસ્કાર અનર્થ અને અનિષ્ટનો ઘાત કરી

તે ભવભયથી પીડિતને શરણ આપે છે.

તે દુઃખ - દારિદ્રયથી બચવાનો માર્ગ બતાવે છે અને ભવકૂપમાં પડતાં જીવોને મહાઆલંબનભૂત થાય છે. પ્રભુની આજ્ઞામાં જેટલા ગુણો છે, તે બધા ગુણોને પરમેષ્ઠિ નમસ્કાર કરનારો ધર્મ પામવાનો અધિકારી બને છે, તેથી પરમેષ્ઠિ નમસ્કાર એ સારની પોટલી છે.

જિનેશ્વર દેવની ભક્તિ પાંચ પ્રકારે થઈ શકે છે:

(૧) પુષ્પાદિ વડે પૂજા (૨) આજ્ઞાનું પાલન
(૩) દેવદ્રવ્ય રક્ષણ (૪) ઉત્સવ-મહોત્સવો (૫) તીર્થયાત્રા,
તેથી સારૂપ્ય, સાયુજ્ય, સાલોક્ય, સાધર્મ્યરૂપ મુક્તિ મળે.

જૈન ધર્મનો સૌથી પહેલો નિયમ એ છે કે
બધા જીવોમાં જે જીવતત્વ રહેલું છે,
તેને માટે તેના મનમાં માન હોવું જોઈએ.
એ જીવતત્વની મહત્તા અને પવિત્રતા સમજીને
તેનો દ્રવ્ય - ભાવથી નાશ ન થાય,
એવી ભાવના સતત ધરાવવી જોઈએ અને
તે મુજબ પોતાનું જીવન ઘડવું જોઈએ.

જૈન સાધનાનું લક્ષ્ય છે કે:
વિચારમાં વ્યાપકતા અને આચારમાં સંકુચિતતા આવે.
નિર્વિચાર થવામાં વિચાર બાધક - આચાર સાધક છે.
વિચાર કે વિકલ્પને ઉત્પન્ન કરનાર પદાર્થોનો જીવનમાં
ત્યાગ કર્યા વિના વિચાર કે વિકલ્પથી પર બની શકાતું નથી.
બીજમાતા વિચાર છે, પ્રવચનમાતા આચાર છે.

અરિહંતનું શાસન કહે છે કે...
તમારા મનને શુદ્ધ બનાવવા માટે
'શિવમસ્તુ સર્વ જગત:' ની ભાવનાને ધારણ કરો.

# અરિહંતોની આજ્ઞાનું માહાત્મ્ય

આજ્ઞા એ આજ્ઞાકારક અને આજ્ઞાપાલક -
બંને ઉભયથી કથંચિત્ અભિન્ન છે.
આજ્ઞારહિત અનુષ્ઠાન પલાલપુંજ - ઘાસના સમૂહ જેવું છે,
આજ્ઞાસહિત અનુષ્ઠાનમાં આજ્ઞાકારક ઉપર ભક્તિ તથા
આજ્ઞાપાલન પ્રત્યે નિષ્ઠા જાગે છે.

આજ્ઞાકારક અરિહંતોનો ત્રણ પ્રકારે ઉપકાર છે:

(૧) ગુણપ્રકર્ષરૂપતા આદર્શરૂપે મંગલ છે.
(૨) માર્ગદેશકતા માર્ગદર્શકરૂપે ઉત્તમ છે.
(૩) માર્ગરૂપતા આલંબનરૂપે શરણ છે.

અરિહંતો દર્શન - પૂજનાદિ દ્વારા આલંબનનો વિષય,
ઘોર તપશ્ચરણાદિ દ્વારા આલંબનનો આદર્શ તથા
શાસન - આગમાદિના દાન વડે
આલંબનની પ્રેરણા પૂરી પાડે છે.
એક ક્ષમાપનામાં જ દશે પ્રકારનો ધર્મ આરાધાય છે.
ક્ષમાપનામાં આદર્શ અરિહંતો છે.

આજ્ઞા એટલે જિનાજ્ઞા અર્થાત્ વિશુદ્ધ પરમાત્મભાવ,
જે સર્વગત છે, તેમાં રમણતા તે આજ્ઞા અને
સત્કાર તે મોક્ષ.

ભગવાનની આજ્ઞાના પાલનનું અંતિમ રહસ્ય
આત્માએ આત્મસ્વરૂપમાં રમણ કરવું, તે છે.
તેનાં સાધન અહિંસા, સંયમ, તપ છે તથા
તેના સાધન જ્ઞાન, ધ્યાન અને શાંત ભાવનો અભ્યાસ
અને ત્રીજું પણ પ્રાથમિક સાધન
મૈત્રીભાવ, બંધુભાવ અને આત્મૌપમ્યભાવ છે, જે
ત્રણે ત્રણ ભાવોનું પરિણમન એક આત્મૌપમ્યભાવમાં છે.
આજ્ઞાના અસ્વીકારમાં અહંકાર છે અને
આજ્ઞાપાલનના અધ્યવસાયમાં નમસ્કાર છે,
તેથી નમસ્કાર એ જ સર્વ ધર્મનું મૂળ છે.
જીવને મળેલ ઇચ્છાસ્વાતંત્ર્યના અનર્થથી બચવા
એકનું એક સાધન નમસ્કારની પરિણતિ અર્થાત્
અરિહંતોના આજ્ઞાપાલન પ્રત્યેની રુચિ છે.

## <u>આણાએ ધમ્મો | આજ્ઞા એ જ ધર્મ.</u>

અણાણાએ સંસારો | આજ્ઞાના અપાલનમાં સંસારવૃદ્ધિ.
'આજ્ઞા'નો અર્થ સ્વચ્છંદ પરિત્યાગ.
સ્વાતંત્ર્યનો ઉપયોગ જ્યાં શુદ્ધ સ્વમતિને અનુસરવામાં
થાય છે, ત્યાં શુદ્ધ સંસાર અને તેનો ઉપયોગ આજ્ઞા
એટલે સર્વજ્ઞમતિને અનુસરવામાં થાય, તે જ મોક્ષ છે.
તેથી આજ્ઞા એ જ સંયમ, આજ્ઞા એ જ તપ,
આજ્ઞા એ જ ત્યાગ અને આજ્ઞા એ જ મોક્ષ કહેલ છે.
'આસમન્તાત્ જ્ઞાયતે અનેન ઇતિ આજ્ઞા |' <u>અર્થાત્</u>:
<u>વસ્તુનું યથાર્થ જ્ઞાન જેનાથી થાય, તે આજ્ઞા.</u>
આજ્ઞા અર્થાત્ સર્વજ્ઞવચન, તેને અનુસરવું તે ધર્મ.
તેથી નિરપેક્ષ વર્તન તે સ્વચ્છંદ અને તે જ સંસાર છે.
મોક્ષની ઇચ્છા એટલે આજ્ઞાપાલનનો અધ્યવસાય,
જે પરંપરાએ સકલ કર્મનિર્મોક્ષનું કારણ બને છે.
નમસ્કારની પરિણતિ કેળવ્યા વિના મોક્ષ નહિ અને
તે પરિણતિ જ ચૌદ પૂર્વનો સાર છે.

મહાપુરુષોએ સર્વ શાસ્ત્રનું તાત્પર્ય અર્થાત્ ઐદંપર્ય આજ્ઞાને કહેલ છે. બાળ શબ્દોમાં કહીએ તો

યોગ્યને નમસ્કાર = ગુણવત્પારતંત્ર્ય = મુક્તિનો ઉપાય છે,
તેથી નમસ્કાર એ મોક્ષનું બીજ છે.

અરિહંતના નમસ્કારમાં અરિહંતની આજ્ઞાને નમસ્કાર છે. આજ્ઞા જ તારનારી છે, તેથી તેને 'તીર્થ' પણ કહે છે. ગુરુઆજ્ઞા પણ તીર્થંકરોની આજ્ઞાના આરાધન માટે છે.

માતા - પિતાદિ વડીલજનોની આજ્ઞા પણ
પરમાત્માની આજ્ઞાના ફળરૂપે માનવાની છે.

મંત્ર, તંત્ર, યંત્ર, દેવગુરુપૂજન, ભક્તિ, સ્મરણ, દાન, ધ્યાનાદિ જ્યારે આજ્ઞાના આરાધનસ્વરૂપ બને, ત્યારે તે સાનુબંધ બને છે અને મુક્તિપર્યંત પહોંચાડે છે.

ચાર ગતિ, પાંચ જાતિ અને ૮૪ લાખ યોનિ, તેના કારણભૂત ૪ કષાય, ૫ વિષય, ૧૮ પાપસ્થાનક - આ સર્વ ત્યાં સુધી જ ટકી શકે છે કે જ્યાં સુધી આજ્ઞાપાલનનો અધ્યવસાય પ્રકટ્યો નથી.

જિનેશ્વરોની આજ્ઞાનો ટૂંકસાર એ છે કે જે જે રીતે
રાગ - દ્વેષનો શીઘ્ર વિલય થાય, તે તે રીતે પ્રવર્તવું.

સંસારમાં સુખ એ આજ્ઞાપાલનનું ફળ છે અને
દુઃખ એ આજ્ઞાવિરાધનનું ફળ છે.

આજ્ઞાનું પાલન સર્વ જીવનિકાયને
હિતકારી છે, શ્રેયસ્કર છે અને કલ્યાણનું કારણ છે.

આજ્ઞાનું વિરાધન એ સ્વચ્છંદને પોષનારું હોવાથી
અકલ્યાણકારી, અહિતકારી અને તેથી વર્જ્ય છે.

'સરાગ' એટલે ઇચ્છાની ઇચ્છાનો આલય.
'વીતરાગ' એટલે ઇચ્છારહિત અવસ્થા.

ઇચ્છારહિત થવાની ઇચ્છાના ધ્યેયથી
ઇચ્છારહિત દેવની - મૂર્છારહિત ગુરુની ઉપાસનાપૂર્વક
ઇચ્છારહિત થવાના પદને પામવાની ઇચ્છાથી જે દાન
આપે છે, શીલ પાળે છે, તપ કરે છે અને ભાવ સેવે છે,
તેવો ધર્મી જ સાચો આજ્ઞાપાલક અને મોક્ષગામી છે.
સમગ્ર વિશ્વ આજ્ઞાપાલન અને ભંગનું પરિણામ છે.

'જૈન માત્ર આસ્રવ - બંધથી ડરનારો અને સંવર -
નિર્જરાનો ખપી તથા મોક્ષનો અભિલાષાવાળો હોય'
તેનો અર્થ તે અરિહંત - સિદ્ધ - સાધુ અને
ધર્મ રૂપી મંગળને - આજ્ઞાપાલનને માનનારો હોય.
અરિહંતો ઉપકારથી તેમની આજ્ઞાપાલન દ્વારા શરણ-
આશ્રય આપીને દુર્ગતિમાં પડતાં જીવને હસ્તાવલંબન
આપે છે અને નિશ્ચયથી અંતરમાં તેમના પ્રણિધાન
દ્વારા રાગાદિ શત્રુઓના ભયથી રક્ષણ કરે છે.
અરિહંતોમાં સ્વભક્તોનું ત્રાણ - શરણ - રક્ષણ કરવાનું
સ્વાભાવિક સામર્થ્ય છે. એ વાતનો અનુભવ અરિહંતોની
આજ્ઞાપાલન કરનાર સર્વ મહાપુરુષોને થયેલો જ છે.

## આજ્ઞાપાલનનો અધ્યવસાય

આજ્ઞા ઉપરના બહુમાનથી થાય છે અને તેનો પરિણામ
આજ્ઞાકારકના માનસિક પ્રણિધાનથી થાય છે.
માનસિક પ્રણિધાનનો ઉપાય મૂળોત્તર ગુણોનું પાલન
ઈત્યાદિ બાહ્ય ક્રિયાઓનું આલંબન છે.

## પ્રભુઆજ્ઞામાં બે તત્ત્વ સમાયા છે:

પહેલું તત્ત્વ: સૌએ પોતે જ પોતાનો વિસ્તાર કરવાનો છે.
બીજું તત્ત્વ: આટીનું સર્વ તોડવાથી ત્યાં જે ખોડાય છે, તેમાં વિસ્તાર સમાયો છે. આટીનો વિનાશ = ત્યાંનું સર્જન.

## પરમાત્માની આજ્ઞા શું છે?

પ્રભુઆજ્ઞા દુષ્કૃતત્યાગ તથા સુકૃતસેવન કરવાની છે. ચિત્તને સ્ફટિક જેવું નિર્મળ બનાવવું અને તે માટે ગુણાદિને પોષવા અને રાગાદિને ટાળવા - એ આજ્ઞા છે. પ્રભુની આજ્ઞા મુજબ તપ, સંયમ અને અહિંસામય જીવન ગાળનારો, તેના દ્વારા અંતઃકરણમાં અરિહંતોનું અખંડપણે પ્રણિધાન કરી આજ્ઞાબહુમાનવાળો બને છે.

આજ્ઞાબહુમાન મૈત્ર્યાદિ ભાવોનું સંવેદન કરાવે છે, તેના પરિણામે જીવો ઉપર અહિંસાનો અને વિષયો ઉપર સંયમનો અધ્યવસાય અખંડિત બને છે.

વિશુદ્ધ અને અકંપ ચિત્ત ધ્યાનયોગરૂપ બની જીવને સકલ કર્મ મુક્તિરૂપી પરમપદની પ્રાપ્તિ કરાવનાર થાય છે.

## પ્રભુઆજ્ઞા કઈ રીતે કલ્યાણ કરનારી ?

હિંસાદિ પાપને ત્યાજ્ય ન માનવું, તે મિથ્યાત્વ,
પાપની છૂટ રાખવી, તે અવિરતિ તથા પ્રમાદ, કષાય અને
યોગ દુષ્ટ હોય, તો તે કર્મબંધના હેતુ છે.
જિનેશ્વરોની આજ્ઞા તેનાથી બચવાનો માર્ગ બતાવે છે,
માટે પ્રભુઆજ્ઞા કલ્યાણ કરનારી છે.
જિનાજ્ઞાપાલનના અધ્યવસાયથી હિંસા આદિ
આશ્રવોથી બચવારૂપ લાભ સાથે પરમ ઉપકારી
શ્રી જિન ભગવંતોનો અત્યંત વિનય તથા
જે બહુમાન થાય છે, તે નિર્જરાનો હેતુ છે.
જિનાજ્ઞાપાલનના અધ્યવસાયથી આશ્રવનો સંવર અને
વિનય થવા વડે વિપુલ કર્મનિર્જરા સધાય છે.
અહંકારરૂપી પાપનો નાશ વિનયગુણથી થાય છે,
જે પ્રભુની આજ્ઞાના પાલનના અધ્યવસાયથી પ્રગટે છે,
તેથી એમ કહેવાય છે કે:
'પ્રભુઆજ્ઞાની સાથે ધર્મ બંધાયેલો છે.'

ધર્મની બધી ક્રિયા મન-ઈંદ્રિયોને કાબૂમાં લેવા માટે છે.

ધર્મક્રિયા જિનાજ્ઞાપાલનના હેતુથી થવી જોઈએ.

જે ક્રિયાથી મોહરાજાના આજ્ઞાપાલનથી થાય,

તે ક્રિયાથી કર્મક્ષય અથવા તો મોક્ષહેતુક ન બને.

'કર્મક્ષયના હેતુ માટે ક્રિયા કરવી' એટલે...

રાગ - દ્વેષ - કામ - ક્રોધ - લોભ - મોહાદિના હ્રાસ માટે,

બહિરાત્મભાવમાંથી છૂટીને અંતરાત્મભાવમાં આવવા માટે,

અહિંસાદિના પાલન માટે, આત્મગુણોને વિકસાવવા માટે,

રત્નત્રયના આરાધન માટે પ્રત્યેક ધર્મક્રિયા થાય,

તેમ જ તે ક્રિયા એ સંતોષથી કરવી કે:

'મને જિનાજ્ઞાપાલનનો અપૂર્વ લાભ મળ્યો.'

જિનાજ્ઞાની આદરતાનો વિચાર કરવાથી સર્વ ધર્મક્રિયા

સાનુબંધ બની ધર્મ પ્રત્યે અંતરથી બહુમાન કેળવાય છે.

બોધિની માર્ગણા પાપથી છૂટવા - ધર્માચરણ કરવા માટે છે.

જિનાજ્ઞા = જિનવચન બહુમાનની પરિણતિ, એજ

એક એવો મોઘર છે કે જે કર્મની ભીંતને ઉખેડી શકે.

## ખામણાની આરાધના શું કરે ?

તપોભ્યદ્ધ જે અંધકારમય નિરાશા, સ્વોત્કર્ષ-પરાપકર્ષના પરિણામ જાગે, સ્વાર્થવૃત્તિ વધે, ક્રુદ્ધ મનમાં નિઃશૂન્યતા આવે, અપવિત્ર મનમાં વિકૃત વિચારો અને દુર્બલ મનમાં ભય તથા ચિંતા આદિ લાગણીઓ પ્રવેશે છે, ઉક્ત ભાવનાઓ નાશ પામે, તે ખામણાની આરાધના વડે બધા દોષો નાશ પામે છે, મન સ્વચ્છ બને છે.

ખામણા માટે સ્તવનમાં પણ કહ્યું છે કે:

તપ જપ કિરિયા મોઘરે રે, ભાંગી પણ ભાંજે ન જાય:
પણ ગુણ આણ નહિ થકે રે, એક ટેલામાં પડતી થાય,
અનંત જિન આપણે રે, મુજ ઓટ અનંતા ભવ:

ભવ અનંતાની આડે કર્મના આવરણની ભીંત એવી ઊભી છે કે એ ભીંતને તોડ્યા વિના આત્માની અનંતી સમૃદ્ધિ પ્રકટ ન થાય. એ માટે લોખંડી મોઘર જોઈએ. તે માટે તપ, જપ કે અન્ય ધર્મક્રિયા કામ લાગતી નથી.

એક જ ખામણા જ તેને તોડી - ફોડી શકે છે.

## આજ્ઞાપાલનને સ્વભાવ કરવાથી થતાં ૧૦ લાભ

(૧) ધર્મક્રિયામાં કંટાળો ન આવે.

(૨) ધર્મપ્રવૃત્તિમાં બળ મળે. (૩) સમ્યગ્દર્શન ગુણ વિકસે.

(૪) જિનેશ્વરો પ્રત્યે ભક્તિ બંધાય.

(૫) વીતરાગ પ્રત્યેની ભક્તિથી રાગાદિ ઘટે.

(૬) જિનવચનના મહત્ત્વથી મિથ્યાત્વ ટળે.

(૭) સૂક્ષ્મ પાપનો ત્યાગ કરવાની શક્તિ આવે.

(૮) 'ક્રોધ કરવામાં મોહની આજ્ઞાનું પાલન છે, ક્ષમાગુણનું પાલન કરવામાં જિનાજ્ઞાપાલનનો મહાન લાભ મળે છે' એ વિચારથી ક્રોધાદિ દોષોને રોકવાનું અને ક્ષમાદિ ગુણોને પાલન કરવાનું બળ વધે છે. વચનાનુષ્ઠાન વડે અસંગાનુષ્ઠાન સુલભ બને છે. જિન પ્રત્યે પ્રીતિ-ભક્તિ વધે છે અને વચનક્રિયા વડે અસંગક્રિયા પ્રાપ્ત થાય છે.

(૯) 'વિચાર - વાણી - કાયા ઉપરાંત ઇંદ્રિયોની પ્રવૃત્તિમાં, પ્રત્યેક વખતે જિનાજ્ઞાના પાલનની તક મળે છે' એવો ભાવ ધારણા કરવાથી વ્યવહાર વિશુદ્ધ બને છે.

(૧૦) જિનાજ્ઞાનું પાલન ભવચક્રમાં દુર્લભ છે,

જિનાજ્ઞાના આલંબને લોકસંજ્ઞા જિતાય છે.

આજ્ઞાનુસાર પ્રવર્તનમાં એકાંતે કલ્યાણ છે.

આજ્ઞા વિરુદ્ધના વિચાર - ઉચ્ચાર - આચરણમાં એકાંતે ગુમાવવાનું છે. અલ્પ મૂલ્યે અમૂલ્ય રીતિ - લાભ છે.

આજ્ઞાપાલનની ઔષધિ જીવન સાર્થક થાય છે.

જિનાજ્ઞાપાલન એ શુદ્ધ અને શ્રેષ્ઠ ધર્મ છે.

ધર્મ જિનાજ્ઞાથી બંધાયેલો છે, જિનાજ્ઞાથી સંકળાયેલો છે. જિનાજ્ઞામાં જે વિધિ - નિષેધ કહ્યાં હોય, તેના આચરણ અને ત્યાગમાં ધર્મ છે. ધર્મ - અધર્મ અતીન્દ્રિય હોવાથી અતીન્દ્રિય જ્ઞાની જ તેને જાણી શકે. ત્યાં તર્કનું પણ સામર્થ્ય નથી. સર્વજ્ઞનું જ ત્યાં સામર્થ્ય છે તથા વીતરાગ જ સર્વજ્ઞ બની શકે છે, તેથી દેવ તરીકે વીતરાગ સર્વજ્ઞ જ મનાય અને તેમનાં વચન જ પ્રમાણભૂત ગણાય. જિનાજ્ઞાથી વધીને કોઈ ધર્મ ન હોઈ શકે. જિનાજ્ઞાના પાલક પરમ સૌભાગ્યશાળી, ધન્ય, કૃતપુણ્ય તથા કૃતાર્થ છે.

જિનાજ્ઞાના પાલનનો અધ્યવસાય નિરાશંસભાવની સાથે
વિધિ - પરિણતિ અને વીર્યોલ્લાસને ઉત્પન્ન કરે છે.
કુલેચ્છાનો પ્રતિપક્ષ - કર્તૃત્વાભિમાનને છેદનારી તથા
વિધિ અને વીર્યોલ્લાસને પોષનારી ઐચ્છિક વિશુદ્ધિ છે.
'જિન કથિત છે, માટે કર્તવ્ય છે' એ ભાવથી કરાતું
અનુષ્ઠાન વિધિ અને વીર્યોલ્લાસને પુષ્ટ બનાવે છે
તથા પરિણતિ અને નિષ્કામતાને પુષ્ટ કરે છે.
ભાવથી કરાતું અનુષ્ઠાન - એ સદનુષ્ઠાન બને છે.
અરિહંતાદિ પાંચેની આજ્ઞાને નમસ્કાર અથવા પોતાના
આત્માની જ તે ભાવિ પર્યાયોને નમસ્કાર સહજમલરૂપ
પાપનો નાશ કરે છે અને તથાભવ્યત્વરૂપ સ્વભાવનો
વિકાસ કરવા રૂપ ઉત્કૃષ્ટ મંગલનો લાભ કરે છે.
પંચપરમેષ્ઠિની આજ્ઞાપાલનનો પરિણામ મંગલરૂપ છે,
એથી વિરુદ્ધ પરિણામ તે અમંગલરૂપી પાપ છે.
અર્હદાદિ આકારે ઉપયોગનું પરિણમન,
તે મંગલ અને પાપક્ષયનો હેતુ છે.

## જિનાજ્ઞા એટલે જિનવાણી - આગમ.

શુદ્ધાત્મા પોતામાં છે, તેને ખોળીને અનુભવ કરવો, તે તીર્થંકરની આજ્ઞા - આપ્ત વાક્યનો અનુભવ થવો જાણવો.

પરભાવની મમતા દૂર થવાથી તે અનુભવ થાય છે.

## ચૂલિકા સહિત પંચમંગલ

નમસ્કારભાવ એટલે સમર્પણભાવ, આદરભાવ, પૂજ્યભાવ.
એ સર્વ ભાવ કોના ઉપર ? પ્રભુની આજ્ઞા ઉપર.
આજ્ઞા, આજ્ઞાપાલક અને આજ્ઞાનું ફળ પ્રાપ્ત કરનાર,
- એ ત્રણે ત્રણ ઉપર નમસ્કારની આ ક્રિયાથી
સમર્પણભાવ અભિવ્યક્ત થાય છે,
તેથી નવકારમાં રહેલ ચૂલિકા સહિત
પંચમંગલ એ પૂર્ણ નમસ્કાર બને છે.
આત્મા ષડ્જીવનિકાય હિતસ્વરૂપ છે, તેથી નમસ્કાર
દ્વારા સર્વ જીવનિકાય ઉપર સમર્પણભાવ કેળવાય છે.
નમસ્કાર પરમાત્મઆત્મા સાથે જીવનું જોડાણ કરે છે,
જ્યારે અહંકાર એ આત્માથી જીવને અલગ કરે છે.

આથી નમ્રતા અરિહંતની આજ્ઞાપાલનની વૃત્તિમાં છે.

જિનાજ્ઞાના બે વિશેષણ કયા?

પંચ પરમેષ્ઠિ એ જ જિનાજ્ઞાનું મૂર્તિમંત સ્વરૂપ છે.
પ્રથમ બે પરમેષ્ઠિ એ આજ્ઞારાધનના ફલસ્વરૂપ છે,
છેલ્લા ત્રણ પરમેષ્ઠિ એ સ્વયં આજ્ઞારાધનસ્વરૂપ છે.
તેમને નમસ્કાર કરવાથી ચિત્તશુદ્ધિ થાય તથા શુદ્ધ
ચિત્તમાં આજ્ઞાનું વિશ્વવ્યાપીપણું પ્રતિબિંબિત થાય છે.

સચરાચર વિશ્વની સ્થિતિ એ આજ્ઞારાધન અને
આજ્ઞાના વિરાધનનું જ પ્રતિબિંબ પાડે છે, તેથી આજ્ઞાના
બે વિશેષણ: મહાનુભાવ અને મહાવિષય કહેલાં છે.
આપ્ત પુરુષોના વચન-શ્રવણથી આજ્ઞા પ્રાપ્ત થાય
અને જીવનમાં વ્યાપ્ત બનીને સિદ્ધપદમાં સમાપ્ત થાય.
તે શ્રવણ વડે જીવનમાં પ્રાપ્ત, મનન વડે વ્યાપ્ત
અને નિદિધ્યાસન વડે સમાપ્ત થાય છે.

અરિહંતાદિ પદોનું મૂળ, ફળ અને સ્વરૂપ -
ત્રણે આજ્ઞાપાલનમાંથી ફલિત થાય છે.

આત્મા એ જ મોક્ષ છે, આત્મા સ્વયં ધર્મ છે.

આત્મા એ જ કર્તવ્ય, ધ્યાતવ્ય, ઉપાસિતવ્ય છે.

આત્મા સ્વયં પરમાત્મા છે, આત્મા એ જ સામાયિક છે અને સામાયિક સ્વયં આત્મા છે. આત્મા વિશ્વવ્યાપી છે. સામાયિકનું લક્ષ્ય આત્માનું પ્રકટીકરણ યાને પરમાત્મા છે.

નવકારમાં આત્મા છે, નવપદમાં આત્મા છે.

વીશસ્થાનકોમાં આત્મા છે, સર્વત્ર આત્માનું જ મહત્ત્વ છે.

સંસાર અને તેના હેતુઓમાં ઇચ્છાનું મહત્ત્વ છે,

મોક્ષ અને મોક્ષમાર્ગમાં આત્માનું મહત્ત્વ છે.

આત્મા વડે મોહ જિતાય છે, ઇચ્છા વડે મોહ પોષાય છે. સંસારરોગનું ઔષધ આત્મા છે. દ્રવ્યઔષધ વડે દ્રવ્ય-આરોગ્યની જેમ આત્મા વડે ભાવઆરોગ્યની પ્રાપ્તિ થાય છે. મોહ અને તેના સંતાન રાગદ્વેષાદિ એ જ આત્માપાલનના અધ્યવસાય વડે દશે દિશાએ પલાયન કરી જવા માંડે છે.

આત્મારાધન = સર્વસંમતિ પ્રમાણ.

મોહારાધન = અલ્પસંમતિ પ્રમાણ.

મોહનો સંહાર કરવાનું સામર્થ્ય એક 'આજ્ઞા' શબ્દમાં છે.

મોહનો પ્રતિપક્ષી મંત્ર 'આજ્ઞા' છે.

મોહમાં 'બધું મારું છે' એ વાસના છે,

આજ્ઞામાં 'બધું પ્રભુનું છે' એ ભાવના છે.

આજ્ઞા એ અજ્ઞાનનાશિની વિદ્યા છે.

એની વારંવાર ભાવના કરવી, એ ભવનાશિની છે.

'आणाराहणं दंसणं खु जिणाणं ।

आणाए धम्मो । आणापारतंतं खु नाणं ।

धम्मो आणाए पडिबद्धो ।

गुरुआणाए मोक्खो । आदओ गुरुबहुमाणो ।

पढमं नाणं तओ दया ।'

ઉપયોગે ધર્મ, પરિણામે બંધ, ક્રિયાએ કર્મ.

ઉપયોગે ધર્મ = આજ્ઞારાધનનો પરિણામ તે ઉપયોગ.

'आणाए धम्मो ।' એ મહામંત્ર છે.

'ધર્મ આજ્ઞાની સાથે બંધાયેલો છે'

એ શ્રી જિનાગમનું રહસ્યભૂત સૂત્ર છે.

# આજ્ઞા એટલે આત્મા.

જેનું આરાધન એટલે જેનાથી આત્મરક્ષા થાય,

તેવું જ્ઞાન, દર્શન અને ચારિત્ર.

'આજ્ઞાનું આરાધન એ જ મોક્ષમાર્ગ છે'

જિનેશ્વર ભગવંતનું એવું કથન - શાસન છે.

એ શાસનનું ઉલ્લંઘન કરવાનું સામર્થ્ય

અહીં કાળ, અહીં લોકમાં કોઈનું પણ છે નહીં.

આજ્ઞાથી પ્રશ્ન વિરમે છે, સૂક્ષ્મ અને તીક્ષ્ણ બને છે.

'રાગ-દ્વેષ-મોહનો નાશ કરવો' એ પ્રભુની આજ્ઞા છે,

જે ત્રિકાળાબાધિત શાશ્વત અચિન્ત્ય શક્તિમાન છે.

આજ્ઞામાં ધર્મ છે, ધર્મ આજ્ઞાથી પ્રતિબદ્ધ છે.

ગુરુની આજ્ઞા પાળવાથી મોક્ષપ્રાપ્તિ શક્ય છે.

આજ્ઞા ષડ્જીવનિકાય હિતસ્વરૂપ છે.

જેનું ફળ પણ ષડ્જીવનિકાયહિતપરમાત્મતત્ત્વ છે. ધર્મનો
હેતુ અહિંસા, ધર્મનું સ્વરૂપ આજ્ઞાપાલનનો અધ્યવસાય
અને ફળ સર્વ જીવલોકને અભયદાન છે.

## પ્રભુની આજ્ઞાનું પાલન શા માટે ?

ઈચ્છામાં અપ્રકૃતિનો સ્વીકાર છે, આજ્ઞામાં પ્રકૃતિનો
અંગીકાર છે. ઈચ્છા એ રોગ છે, આજ્ઞા એ ઔષધ છે.

આજ્ઞાની વફાદારી એ આરાધનાનો પ્રાણ છે,
પ્રભુઆજ્ઞા માનવાથી બહિર્લક્ષ મટી અંતરલક્ષ પ્રગટે,
તેમાં સ્થિર થવાથી પરમાત્મલક્ષનો આવિર્ભાવ થાય છે.
પ્રભુની આજ્ઞાનું પાલન કરવું, તે પ્રતિપત્તિ પૂજા અને
સાધનામાં ઉલ્લાસ વધવા આજ્ઞાપાલનની જરૂરત છે.

આજ્ઞાના દેનાર ભગવાન,
આજ્ઞા પ્રત્યે બહુમાન ઉત્પન્ન કરનાર પણ ભગવાન,
પાલન કરવાની શક્તિ અને તેનું ફળ આપનાર પણ
ભગવાન તથા વિરાધકને સંસાર - એમ ઉભય સામર્થ્ય
આજ્ઞા અને આજ્ઞાકારકમાં રહેલું છે.

ભગવાન તીર્થ આપે, શાસન આપે, આજ્ઞા આપે,
આજ્ઞા પાળવાનું બળ અને આજ્ઞાનું ફળ પણ આપી
અને છેવટે શાસનનું સેવક પદ આપી.

પ્રભુની ભક્તિમાં આત્મસમર્પણ છે અને આજ્ઞાપાલનમાં
મન - વચન અને કાયાના વ્યાપારોનું શુદ્ધ પ્રવર્તન છે.

તીર્થની શુદ્ધિ તીર્થંકરોના આધારે છે અને
તીર્થંકરોની ઉત્પત્તિ તીર્થના બહુમાનથી છે.

'સંઘ' એટલે આજ્ઞા પાળનારાઓનો સમુદાય,
એમાં આજ્ઞાપાલન મુખ્ય છે.

આજ્ઞા દ્વારા આજ્ઞાકારક તીર્થંકરો આવી જાય છે,
એટલે સંઘના બહુમાનમાં તીર્થંકરોનું બહુમાન રહેલું છે
અને તીર્થંકરોના બહુમાનમાં સંઘનું બહુમાન રહેલું છે.

આજ્ઞાપાલનના અધ્યવસાયમાં નિરહંકાર વૃત્તિ અને
આજ્ઞાકારક પ્રત્યે ભક્તિ છે તથા

આજ્ઞા સૂક્ષ્મ - ગહન તથા નયપ્રમાણગર્ભિત હોવાથી
તેને સમજવા માટે તેને સમજનારા અને સમજાવનારા
ગીતાર્થ પુરુષોનું પારતંત્ર્ય તથા ગીતાર્થ બનવાની
જિજ્ઞાસાવૃત્તિ તથા પ્રયત્ન ચાલુ જ રહે છે.

શુભોપયોગની સ્થિરતા તે ધર્મધ્યાન છે.

# આજ્ઞાપાલન એજ ખરું પૂજન.

આજ્ઞાપાલનરૂપ પૂજન ચિત્તપ્રસન્નતાને પેદા કરે છે.
આજ્ઞાની વિરાધનાથી બચીને આજ્ઞાની આરાધના કરવી,
એ આજ્ઞાપાલનનું તાત્પર્ય છે.
આરાધના કરતી વખતે આજ્ઞાના પ્રકાશક, પ્રરૂપક, પાલક
અને આરાધક મહાત્માઓને હૃદયમાં સ્થાન આપવું,
માર્ગદર્શક અરિહંતાદિનું પ્રણિધાન ખૂબ સારું રાખવું,
એ ચતુઃશરણ દ્વારા સૂચિત છે. શરણાગતિ એટલે
સ્વ-પુરુષાર્થનો ત્યાગ નહિ, વધુ પુરુષાર્થ છે. શરણામાં
અર્પણ બનવા પુરુષાર્થ ન ફોરવવામાં આવે, તો પ્રમાદ છે.
જે આજ્ઞાના મૂળમાં જિનેશ્વર ભગવંતોનું ધ્યાન છે,
ફળમાં સિદ્ધ ભગવંતોનું ધ્યાન છે અને
સ્વરૂપમાં સ્વપર સર્વ શ્રેયસ્કર છે,
તે આજ્ઞાકારક, પાલક, સાધક, આરાધકનું
હૃદયમાં પ્રણિધાન અને એકાગ્રતાપૂર્વક ધ્યાન
એજ આ ચતુઃશરણગમનનો અર્થ-પરમાર્થ-રહસ્ય છે.

## ચાર અનુયોગમય પ્રભુની આજ્ઞા

પ્રભુની આજ્ઞા ચાર વિભાગમાં વહેંચાયેલી છે:
દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ.
દ્રવ્ય - ગુણ - પર્યાય વસ્તુનો વિચાર તથા
આજ્ઞાનું શરણ એ દ્રવ્યાનુયોગનો વિષય છે,
સંસ્થાનવિચય ધર્મધ્યાન એ ગણિતાનુયોગનો વિષય છે,
ગર્હા અને અનુમોદના એ ચરણકરણાનુયોગનો વિષય છે
અને સંસારનું સ્વરૂપ એ કથાનુયોગનો વિષય છે.
એ રીતે તે ચાર અનુયોગમય પ્રભુની આજ્ઞા છે.
'આશ્રવ હેય છે અને સંવર ઉપાદેય છે'
એ પ્રભુની આજ્ઞા છે, તે આજ્ઞાનું પાલન થવાથી
દેવ - ગુરૂનું શરણ મળે છે.
દુષ્કૃતગર્હા તે દુષ્કૃતમાં હેયબુદ્ધિ ઉત્પન્ન કરે છે,
સુકૃતાનુમોદના સુકૃતમાં ઉપાદેયબુદ્ધિ ઉત્પન્ન કરે છે,
શરણગમન કે પ્રભુઆજ્ઞાપાલનથી કુમતિ નાશ પામે છે,
વળી સુકૃતાનુમોદન વડે દુર્ધ્યાન નાશ પામે છે.

કલ્યાણદર્શિતાનાં બે લિંગ : ભવઉદ્વેગ + જિનાજ્ઞાપાલન.

'આજ્ઞા'નો ટૂંકમાં ટૂંકો અર્થ કરવો હોય,

તો તે ન્યાયયુક્ત વર્તન છે.

નમસ્કાર એ પ્રભુની આજ્ઞાના આરાધન સ્વરૂપ છે,

તેથી પાપથી નિવૃત્તિ, પુણ્યમાં પ્રવૃત્તિ થાય છે.

આજ્ઞારાધનને કારણે અજ્ઞાનથી નિવૃત્તિ,

જ્ઞાનમાં પ્રવૃત્તિ, સંસારથી નિવૃત્તિ, મોક્ષમાં પ્રવૃત્તિ થાય છે.

સાધ્ય તરફ પ્રીતિ - ભક્તિ અર્થાત્

મોક્ષ તરફ પ્રીતિ અને તેનો માર્ગ બતાવનાર તરફ ભક્તિ.

વિષયોની આસક્તિ દૂર કરવી હોય, તો તે માટે

કોઈ ઊંચી વસ્તુમાં આસક્તિ કરો, ઉપાસના કરો.

પ્રભુની આજ્ઞા જ આ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ છે અને

સર્વને ઉપકારક છે, તેથી તેના ઉપર પ્રેમ - આસક્તિ કરો.

અહીં 'આસક્તિ'નો અર્થ સર્વાધિક સુદૃઢ સ્નેહ કરવો.

સર્વથી અધિક અને અત્યંત દૃઢ એવો સ્નેહ પ્રભુની

આજ્ઞા ઉપર જાગે, તો એનું ભવભ્રમણ ટૂંકાઈ જાય.

પ્રત્યેક ક્રિયા પ્રભુઆજ્ઞાનું પાલન કરવા માટે જો કરવામાં આવે, તો તેને પરિણામવિશુદ્ધિ કહે છે.

આજ્ઞાપાલનનો પરિણામ એ જ પરિણામવિશુદ્ધિ છે.

સાંસારિક ક્રિયા એ કષાયાધીન પ્રવૃત્તિ છે, જ્યારે
ધર્મક્રિયા એ આજ્ઞાધીન પ્રવૃત્તિ છે.

જિનાજ્ઞાને આધીન થતાં - પરતંત્ર બનતાં કષાયોદય વિફલ બને છે, તેનો અનુબંધ પડતો નથી.

આજ્ઞા અને તેના પાલન પ્રત્યે આદર - બહુમાનભાવ
- એ જ સાચો આરાધકભાવ છે.

આત્મામાં પરમાત્મભાવનું દર્શન થવું -
એ જ પ્રભુના સાક્ષાત્ દર્શન ગણાય છે, તેને ધ્યેયરૂપ પરમાત્માનું અભેદભાવે મિલન કહેવાય છે, પછી રાગદ્વેષાદિ મલિન વૃત્તિઓને અંતઃકરણમાં પ્રવેશનો અવકાશ રહેતો નથી, એ જ અવર્ણનીય પદાર્થ છે.

પ્રભુઆજ્ઞાનું પાલન એ પ્રતિપત્તિ પૂજા છે.

જે પ્રભુ પાછળ પાગલ, ખુદ પ્રભુ તેની પાછળ પાગલ.

ભગવાનની આજ્ઞા છે કે

પોતે દુઃખ વેઠો અને બીજાને સુખ આપો.

કોઈપણ ક્રિયા કરતે આજ્ઞાપાલન સિવાય
બીજી કોઈ જ આશંસા ન હોવા, તે નિરાશંસભાવ છે.

આજ્ઞાપાલનનો અધ્યવસાય
એ નિરાશંસભાવને મેળવી આપે છે.

આજ્ઞા કર્મક્ષય માટે કે ભવનો છેદ કરવા માટે છે
અથવા સ્વરૂપની પ્રાપ્તિ માટે છે, તેથી
તેમાં બીજી કોઈ આશંસાનો પ્રવેશ થઈ શકતો નથી.

જે કોઈ ક્રિયા રાગાદિ દોષોના નાશ માટે થાય,
તે બધી આજ્ઞાપાલનના અધ્યવસાયવાળી છે,
કારણ કે વીતરાગની આજ્ઞા વીતરાગ બનવા માટે છે,
તે આજ્ઞાનું તેમાં પાલન થાય છે.

ઇચ્છા એ શત્રુ છે અને આજ્ઞા એ મિત્ર છે.
ઇચ્છા એ વિકૃતિની સૂચક છે અને
આજ્ઞા એ પ્રકૃતિની પ્રતિનિધિ છે.

**'આજ્ઞા'નો ટૂંકો અર્થ ઔચિત્યનું પાલન છે.**

સ્વસ્વ ભૂમિકોચિત વર્તન એજ પ્રભુઆજ્ઞા છે.

'ગીતા'ની પરિભાષામાં એજ સ્વધર્મ છે.

આજ્ઞાને કરનાર પરમાત્માના પિંડસ્થાદિ ધ્યાનપૂર્વક આજ્ઞાનું આરાધન કરવાનું વિધાન છે.

પિંડ - પદ - રૂપ અને ગુણો વડે પરમાત્માનું નિત્ય ધ્યાન કરવું જોઈએ તથા ધ્યાન દ્વારા તેમનો અનુગ્રહ પ્રાપ્ત કરીને આજ્ઞાનું આરાધન કરવું જોઈએ.

**જિનાજ્ઞાપાલનનો અધ્યવસાય શ્રેષ્ઠ શાથી?**

જે આજ્ઞાને ગણધર ભગવંત જેવા મહાત્માઓ આત્માથી પણ બહુમાન કરી જીવનમાં સ્પર્શાવે છે, તે આજ્ઞાનું માહાત્મ્ય સર્વોત્તમ છે.

એ આજ્ઞા વડે જ જગતના ભાવો યથાર્થપણે જાણી શકાય અને પાલન કરી શકાય છે તથા તેના પરિણામે શાશ્વત અને અવ્યાબાધ આત્મસુખ મેળવી શકાય છે.

શરણાગમનથી આજ્ઞાપાલનનો અધ્યવસાય જાગે છે.

# ભગવાનની આજ્ઞાનું પાલન શા માટે ?

આજ્ઞા = આ સમન્તાત્ જ્ઞાયતે અનયેતિ આજ્ઞા.
જેનાથી સઘળું જણાય, તે આજ્ઞા છે. આપ્તનું વચન,
આપ્તવચન વડે થનારું સમ્યગ્જ્ઞાન અને
ઇચ્છારૂપી રોગનું રસાયણ આજ્ઞા છે. ભવરોગનું મૂળ
ઇચ્છા છે, તેને જીતવાનું એકનું એક સાધન આજ્ઞા છે.
તે આજ્ઞા શ્રુતરૂપ પણ છે અને ચારિત્રરૂપ પણ છે.
'કર્તવ્યાર્થોપદેશ આજ્ઞા ।'
પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત ધ્યાન - એ રૂપ છે.
આજ્ઞા, અપાય, વિપાક, સંસ્થાનવિચયધ્યાન - સ્વરૂપ છે
અને પૃથક્ત્વ વિતર્ક સવિચાર,
એકત્વ વિતર્ક અવિચાર, સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતી અને
વ્યુપરત ક્રિયાનિવૃત્તિ - એ ફળસ્વરૂપ છે.
એ રીતે રૂપ - સ્વરૂપ તથા ફળથી આજ્ઞાનો વિચાર
ધર્મ - શુક્લધ્યાનનું કારણ બનીને મોક્ષનો રૂપ થાય છે,
તેથી આજ્ઞા એ જ પરમાર્થ છે.

કઈ પાંચ વસ્તુનું પ્રતિબંધન આજ્ઞામાં થાય?

પ્રભુની આજ્ઞાના પ્રતિબંધનમાં
આજ્ઞા, આજ્ઞાકારક, આજ્ઞાપાલક,
આજ્ઞાપાલન અને આજ્ઞાનું ફળ-
એમ પાંચે વસ્તુનું પ્રતિબંધન થાય છે.

તપ કરનારને ઇંદ્રિયોનો નિગ્રહ કરવાનો, કષાયો ઉપર કાબૂ મેળવવાનો, પરિગ્રહનું પાપ ઘટાડવાનો લક્ષ હોય, તો તે તપ સાનુબંધ જિનાજ્ઞાના પાલનપૂર્વકનો ગણાય.

જિનાજ્ઞા સમજનાર ગરીબને જે આનંદ હશે,
તે જિનાજ્ઞાને ન સમજનાર શ્રીમંતને પણ નહીં હોય.

તે તપ શુદ્ધ છે, જ્યાં કર્તવ્યપાલન, પરમાત્માની પૂજા, કષાયોની હાનિ અને અનુબંધવાળી જિનાજ્ઞા હોય છે.

નિર્દંભ - નિરાશંસ - નિઃશંક તે જ થઈ શકે,
જેને શ્રી જિનવચનમાં શ્રદ્ધા હોય.

શ્રદ્ધાળુ આત્મા ધર્મને હલકો પાડવા કે સ્વોત્કર્ષ માટે ક્રિયા ન કરે. જેમાં પરાપકર્ષની વૃત્તિ હોય, તે માયા છે.

વૈદિક કે બૌદ્ધ ધર્મમાં નવા નવા દર્શન જન્મ્યાં,
તેમ જૈનોમાં બન્યું નહિ.

દર્શન એનું એ જ રહ્યું, નિષ્ઠા એની એ જ રહી.

સંપ્રદાયભેદ કે સંઘભેદના કારણ રૂપે
મુખ્યતઃ બાહ્ય આચારભેદ જ છે. વૈદિકો અને બૌદ્ધો
નવા વિચારોને પોતાના દર્શનમાં સ્થાન આપતાં ગયાં.
જૈનોએ પોતાના દર્શનને નવું રૂપ આપવાનો પ્રયાસ
કદી ન કર્યો. સર્વજ્ઞાનવાદ વડે સર્વનો સંગ્રહ થઈ શક્યો.
જૈનાચાર્યો માનતાં કે જૈન દર્શન પરિપૂર્ણ છે, એમાં
પરિવર્તનની જરૂર નથી, કેમકે તેના પ્રણેતા સર્વજ્ઞ હતાં.
જૈન ધર્મ તો તીર્થંકરના ઉપદેશના પાલનમાં જ છે.
એમાં સુધારાને અવકાશ કે નવીનીકરણને સ્થાન નહિ.

જૈન આચાર્યો સર્વ અર્થમાં સ્યાદ્વાદી છે.

કોઈ પણ ધર્મની ખરી તાકાત વર્તમાન સમસ્યાના
ઉકેલના સામર્થ્યમાં જ છે. એનો પરિચય આપવો,
એ જૈન ધર્મનું બળ બતાવવાનો એકનો એક માર્ગ છે.

જૈન ધર્મના અહિંસા અને અનેકાન્તમાં
આ વિશ્વની અશાંતિને દૂર કરવાની તાકાત છે.

પોતાનો જ મોક્ષ નહીં પરંતુ સકલ જીવલોકનો મોક્ષ
એનો આદર્શ હોવાથી તેના સ્થાપક 'તીર્થંકર' કહેવાય છે.

જૈન ધર્મ એ ભવિતવ્યતાવાદી, સ્વભાવવાદી, કાળવાદી
અથવા કર્મવાદી નહિ, કિન્તુ પુરૂષાર્થવાદી છે.

પુરૂષાર્થવાદી એ જૈનસાધનાનું અવિરત પ્રેરક બળ છે.

જૈન ધર્મ અનેકાન્તવાદ ઉપર રચાયેલો છે.

'જીવદ્રવ્યના જેમ સર્વ દ્રવ્યો પરિણામી નિત્ય છે'
એમ માને, તો જ બંધ અને મોક્ષ ઘટી શકે તથા
સુખ અને દુઃખ સત્ય રીતે ઘટી શકે.

જૈન મતે બધા વસ્તુ સગુણ છે, છતાં
કહેવું હોય, તો અલોકાકાશને નિર્ગુણ કહી શકાય,
કારણકે અવગાહ દેવાનો ગુણ જેને હોય, તે આકાશ.
અલોકાકાશમાં કોઈ વસ્તુનું અવગાહન નહિ,
તેથી તે નિર્ગુણ છે, બાકી બધા વસ્તુ સગુણ છે.

જૈન મતમાં શાક્ત મતનો પણ સમાવેશ છે.
પ્રધાન સંહારશક્તિવાળાને જ મોક્ષ માન્યો છે.
જેનામાં સંહારશક્તિ નથી, તે મોક્ષ મેળવી ન શકે.
વેદાન્તનું શિક્ષણ ત્રણ 'દકાર' ઉપર છે:
દેવોને દમ, માનવોને દાન અને દાનવોને દયા.
આગમનો ભાર ત્રણ 'અકાર' ઉપર છે:
અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત.
ભગવાન મહાવીર અહિંસક હતાં, તે તેમની દયા હતી,
તેઓ અપરિગ્રહી હતાં, તે જ તેમનું મોટું દાન હતું તથા
અનેકાન્તી હતાં, તે જ ખરૂં દમન હતું.
અનેકાન્તવાદ વડે બધા પ્રત્યેક વાદી અને
તેના ઉપયોગિતાનો સમન્વય થઈ શકે છે.
અનેકાન્તવાદ અનેકનો વિરોધી નથી પણ
'અનેકમાં વિરોધ છે' એમ કહેનારાનો વિરોધી છે.
અનેકાન્તવાદ અનેકતાનો વિરોધી નથી પણ તે તો
અનેકતામાં જેઓ વિરોધ બતાવે છે, તેનો વિરોધી છે.

## એકાંત - અનેકાંતની માન્યતા

એકાંતની જે સ્વરૂપે છે, તે સ્વરૂપે સમજાતો નથી, સ્વરૂપમાં પરિણમતો નથી અને અનેકાંતની માન્યતા વાસ્તવિક સ્વરૂપે સમજાય છે, સ્વરૂપમાં પરિણમે છે.

અનેકાંતનું સ્વરૂપ એવું છે કે

જે વસ્તુ તત્ છે, તે જ અતત્ છે.

જે વસ્તુ એક જ છે, તે જ અનેક છે.

જે વસ્તુ સત્ છે, તે જ અસત્ છે.

જે વસ્તુ નિત્ય છે, તે જ અનિત્ય છે.

એક વસ્તુમાં વસ્તુપણાંની નિપજાવનારી પરસ્પર વિરૂદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું, તે 'અનેકાંત' છે.

અનેકાંત એ સમ્યગ્જ્ઞાન છે, એકાંત એ મિથ્યાજ્ઞાન છે.

## અનેકાન્તનું પ્રયોજન

અનેકાન્તજ્ઞાનને 'પ્રમાણજ્ઞાન' પણ કહેવામાં આવે છે.
અનેકાંત પણ સમ્યગ્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી.

## 'અનેકાન્તભાવના'ની વ્યાખ્યા

પ્રત્યેક વિચાર અને વાત અપેક્ષિત છે, એવું
જ્ઞાનપૂર્વકનું પુનઃ પુનઃ ચિંતન એ અનેકાન્તભાવના છે.

પદાર્થની અનેકાન્તદૃષ્ટિપ્રધાન પ્રરૂપણા જો યોગ્ય રીતે
કરવી હોય, તો નીચેની બાબતો ઉપર લક્ષ રાખવું ઘટે:

(૧) દ્રવ્ય - પદાર્થની મૂળ જાતિ.
(૨) ક્ષેત્ર - સ્થિતિ, ક્ષેત્ર. (૩) કાળ - સમય.
(૪) ભાવ - પદાર્થગત મૂળ શક્તિ.
(૫) પર્યાય - શક્તિના આવિર્ભાવ પામતા કાર્યો.
(૬) દશા - વ્યવહારિક અવસ્થા. (૭) ભેદ - પ્રકારો.
(૮) સંયોગ - આજુબાજુની પરિસ્થિતિ.

સાધનાની શુદ્ધિ અનેકાન્તની ભાવનાથી રહે,
પ્રયત્નની શુદ્ધિ મોક્ષના ઉદ્દેશથી થાય છે.

ધર્મ પ્રવૃત્તિમાત્રનો ઉદ્દેશ મોક્ષ હોવો જોઈએ અને
પ્રયત્ન શૈલેશીકરણનો હોવો જોઈએ.

સાધના અનેકાન્તની ભાવનાજનિત હોવું જોઈએ.

## અનેકાન્તવાદ : દર્શન અને ધર્મ

અનેકાન્તવાદ એ જૈનદર્શનનો સૌથી મોટો સિદ્ધાન્ત છે. સમસ્ત જૈન તત્ત્વજ્ઞાન તેના ઉપર જ ઉભેલું છે.

દરેક મતને બે બાજુ હોય છે:

એક ધર્મની બાજુ : તેનો સંબંધ આચાર સાથે છે.

બીજી દર્શનની બાજુ : તેનો સંબંધ વિચાર સાથે છે.

આ યુગમાં તર્ક અને વિજ્ઞાનનું પ્રાબલ્ય હોવાથી અનેકાન્તનો વિચાર પણ વૈજ્ઞાનિક અને તાર્કિક દૃષ્ટિકોણથી કરવો ઉચિત છે.

મુક્તિમાર્ગમાં ઉન્નતિ કે પ્રગતિ કરાવનાર સ્યાદ્વાદ પ્રમાણ જ છે. તેના જ્ઞાનથી પોતાને ઇષ્ટ - અનિષ્ટ એવા દરેક પદાર્થોના ધર્મો ઉપર મધ્યસ્થભાવે જોવાની ભાવના કેળવાય છે, તેથી રાગ-દ્વેષની પરિણતિ ઘટતી જાય અને સમરસતા પ્રગટે છે. સ્યાદ્વાદ પ્રમાણ વસ્તુના દરેક ધર્મને પક્ષપાત દર્શાવ્યા વિના યથાર્થરૂપે પ્રગટ કરે છે, તેથી પરમાર્થ માર્ગમાં તે અતિ આવશ્યક છે.

જૈન ધર્મનું મૌલિક સ્વરૂપ જેને સમજવું હોય,

તેને કોઈ ખાસ ગ્રન્થની જરૂર જ ક્યાં છે?

જૈનોનો અનેકાન્તવાદ જાણી લીધો એટલે બસ!

જુદી જુદી દૃષ્ટિઓનો સમન્વય કેમ કરવો એ સૂત્ર સમજાયું, એટલે અંતરમાં પ્રકાશનું પૂર રેલાયું જ સમજો.

સ્યાદ્વાદી ભાષાને પકડતો નથી પણ ભાવને પકડે છે.

તે બોલનારનું દૃષ્ટિબિન્દુ જુએ છે, કોરી વાણી નહીં.

જૈન ધર્મનું કોઈ એક જ પુસ્તક ખરું છે,

કે જેમાં જૈન ધર્મનો બધો સાર આવી જાય?

અને બીજું કાંઈ વાંચવું જ ન પડે?

હા છે અને તે અનેકાન્તવાદ.

પછી બીજા કોઈ ગ્રન્થની જરૂર જ નહિ.

## સ્યાદ્વાદનું કર્તવ્ય

અન્યોન્ય ખંડનમાં રહેલા અંશોનું પ્રામાણિક વ્યવસ્થાપન

એ જ સ્યાદ્વાદનું પરમ કર્તવ્ય છે.

સ્યાદ્વાદ પ્રમાણ ન હોય, તો સત્યનો નાશ થાય.

સ્યાદ્વાદ એ જુદા જુદા નયોના વક્તવ્યનો
સમન્વય સાધવા માટે છે, ખંડન કરવા માટે નહીં.

સ્યાદ્વાદી સર્વ વાક્યોનો સમન્વય કરી શકે છે અને
તે જ તેની વિશેષતા છે.

સર્વ વાક્યોનું ખંડન કરે એ સ્યાદ્વાદી નહીં, વિરુદ્ધવાદી છે.
એવો વાદ ક્લેશને શમાવનારો નહિ પણ વધારનારો છે.
સ્યાદ્વાદનું પ્રયોજન ક્લેશ-રાગ-દ્વેષને શમાવવું તે છે.

સર્વ દર્શનો કે વાક્યોને સાચો સ્યાદ્વાદી નયદૃષ્ટિથી
સંગત કરીને તેને પ્રમાણભૂત બનાવી શકે છે.
એકાંતવાદી ગમે તેવા નયવાક્ય કે પ્રમાણવાક્ય કે
દર્શનશાસ્ત્રને અસંગત અને ખોટું ઠરાવી શકે છે.

ખારા પાણીથી જેમ તૃષા છીપાતી નહિ, તેમ સ્યાદ્વાદનો
આશ્રય લીધા વિના બુદ્ધિનું સમાધાન થતું જ નહિ.

વાસ્તવિક અનેકાન્ત તત્ત્વને માન્યા વિના ખરેખર કે
'આત્મા પોતાપણે છે અને પરપણે નહિ'
તેમ યથાર્થપણે માનવું, તે સાચી અનેકાન્ત દૃષ્ટિ છે.

એકાન્ત દૃષ્ટિ એટલે કેવા દૃષ્ટિ ?

આત્મા પોતારૂપે રૂપ છે અને
પરરૂપે રૂપ છે, અથવા જે દૃષ્ટિ તે એકાન્ત દૃષ્ટિ છે.
જો દ્રવ્યને એક માન્યાં, તો તે જ ખરી એકાંત દૃષ્ટિ છે.
સ્યાદ્‌વાદ એ સમસ્ત વસ્તુઓના સ્વરૂપને સાધનારું
સર્વજ્ઞનું નિર્બાધ સાધન છે, જે કહે છે:
'બધું અનેકાન્તાત્મક છે, કારણકે
સમસ્ત વસ્તુ અનેકાન્ત સ્વભાવવાળી જ છે.'
એ સ્યાદ્‌વાદની શુદ્ધતા, સત્યતા,
નિર્દોષતા, અદ્વિતીયતા, નિર્મળતા તથા
પ્રામાણિકતા સિદ્ધ કરવા અહીં વિચાર કર્યો છે.
3rd eye of Soul એટલે
આત્માની ત્રીજી આંખ એટલે
સ્યાદ્‌વાદ એટલે વિચારની અહિંસા.
સૂક્ષ્મ વિચારની અહિંસાથી આત્માની ત્રીજી આંખ ઉઘડે છે.
સ્યાદ્‌વાદ Realityનો પરિચય કરાવે છે.

સ્યાદ્વાદી લોકો શબ્દગ્રાહી નહીં પણ અર્થગ્રાહી હોય છે.

અર્થ બે પ્રકારના હોય છે: વાચ્ય અને લક્ષ્ય.

લક્ષ્ય અર્થનું ગ્રહણ કરે, તે સ્યાદ્વાદી.

કેવળ વાચ્ય અર્થનું ગ્રહણ કરે, તે એકાંતવાદી.

એકાંતવાદી બુદ્ધિપ્રધાન હોય છે.

હૃદયપ્રધાન હોય, તે જ સ્યાદ્વાદી બની શકે છે.

સહૃદયી સામાના શબ્દ પાછળ કયો ભાવ રહ્યો, તે શોધે છે.

કોઈપણ વચન કે વિચાર સ્યાત્પદપૂર્વક હોય,

તો તે સમ્યગ્વચન રૂપ બને છે. સ્યાત્ = વિશેષિત.

અપેક્ષાથી નિયંત્રિત એવું વાક્ય

નિરભિનિવેશિતાનું કારણ બને છે.

અસદ્ અભિનિવેશ એ જ મોક્ષમાર્ગમાં મુખ્ય બાધક છે.

તેનું નિવારણ સ્યાત્, કથંચિત, અમુક અપેક્ષાએ વચન કે

વિચારનો ઉચ્ચાર-મનન કરવામાં આવે, તો જ થઈ શકે.

અપેક્ષાનો સ્વીકાર એ સમ્યગ્દર્શન છે.

વચનનો વિચાર એ સમ્યગ્વચન છે.

'અનેકાંત' એટલે પ્રામાણિક અનેક દૃષ્ટિઓનો સમુચ્ચય.
તે બધી દૃષ્ટિઓને સંક્ષેપથી બે ભાગમાં વહેંચી શકાય:
વ્યવહાર અને નિશ્ચય.

સ્થૂલ અનુભવ ઉપર ઘડાયેલી માન્યતા તે 'વ્યવહાર'.
સૂક્ષ્મ અનુભવ ઉપર ઘડાયેલી માન્યતા તે 'નિશ્ચય'.
પહેલી દૃષ્ટિના અધિકારી સાધકો અને ઘણાં,
બીજીના અસાધકો અને અલ્પ હોય છે.

'અનેકાંત' એટલે પ્રત્યેક વસ્તુને પ્રામાણિકપણે
અનેક દૃષ્ટિએ તપાસવી. અનેકાંત એ માત્ર વિચારનો
જ વિષય નહિ, પરંતુ આચરણમાં ય તેનું સ્થાન છે.

'આત્મવત્ સર્વભૂતેષુ' સૂત્ર સ્યાદ્વાદનું મૂળ છે.
Practical સ્યાદ્વાદ કે જીવનસ્પર્શી સ્યાદ્વાદ તે છે કે
જેમાં બીજાઓના વિચારો પ્રત્યે તેટલી જ સહાનુભૂતિ રહે,
જેટલી બીજાઓના સુખ - દુઃખ પ્રત્યે બતાવવાની છે.
જે સ્યાદ્વાદ જીવનમાં જીવવા માટે નહિ,
તે સ્યાદ્વાદ માત્ર વાણીવિલાસ રૂપ થઈ રહે છે.

અનેકાન્ત એક પ્રકારની વિચારપદ્ધતિ છે.
તેના જેવી ઉદાર - વિશાળ દૃષ્ટિ બીજી એક પણ નથી.
બીજાના સત્ય વિચારો પ્રત્યે તેટલો જ આદર બતાવવો,
કે જેટલો આપણા સત્ય વિચારો પ્રત્યે હોય અને
તેનું જ નામ 'જીવનસ્પર્શી સ્યાદ્વાદ' છે.
દરેકને પોતાના વિચારો પ્રત્યે માન હોય છે,
તેથી સ્યાદ્વાદી દરેકના સત્ય વિચારોને
પોતાના વિચારો જેટલું જ માન આપે છે અને
પોતાના અસત્ય વિચારોને બીજાના અસત્ય વિચારો
જેવા જ નગણ્ય અને નિરર્થક ગણે છે, ત્યાજ્ય માને છે.
આવી વૃત્તિવાળો જ જીવનમાં સાચું સમાધાન મેળવી શકે.
અનેકાન્ત એ તત્ત્વજ્ઞાન અને ધર્મ ઉભયને એકાન્ત
ઉપકારક છે. એની ભવ્યતા - ઉદારતા - સુંદરતા અમાપ છે, તે
સર્વ બાજુ ખુલ્લા રહીને જોવાના એક માનસચક્ષુ છે.
શબ્દ, વિચાર કે આચરણને સંકુચિત દૃષ્ટિએ જોવાનો તે
નિષેધ કરે છે. સત્ય અને યથાર્થ ઉપર તે ટકી રહેલ છે.

સ્યાદ્વાદને સમજવો કઠિન છે, પચાવવો એથી ય કઠિન છે.

દરેક શ્રેષ્ઠ વિચાર કે સમન્વય દૃષ્ટિપૂર્વક
પોતાનો વિચાર સિદ્ધ કરવો જોઈએ.

સ્યાદ્વાદ પદાર્થનું ખંડન - મંડન કરતો નથી,
પરંતુ એ પદાર્થ કયા લક્ષ્યથી જોવાયો છે,
એ લક્ષ્ય સાધવામાં કેટલે અંશે સત્ય અને અપૂર્ણ છે,
એ અપૂર્ણતા દૂર કરવા બીજા કયા કયા
તત્ત્વો જોડવામાં આવે, તો તે સંપૂર્ણ સત્ય બને અને
ઇષ્ટ લક્ષ્યને સાધી શકે, એ સ્યાદ્વાદનું કાર્ય છે.
સ્યાદ્વાદ મધ્યસ્થ દૃષ્ટિએ આવા બધા વિચારણા કરે છે.

માનસિક સ્તર અને અનેકાન્તવાદ

આપણું મન ક્ષોભનો અનુભવ ન કરે, એ બહુ જરૂરી છે.
માનસિક સ્તરની જે કોઈ વાત કહેવાશે,
તેને બન્ને બાજુ પણ હશે જ.
કેવળ માનસિક સ્તર ઉપર જ નહીં, એનાથી પણ
ઉપરના સ્તર ઉપર આવે, તે છે 'અનેકાન્તવાદ.'

'સ્યાદ્વાદી' તે છે કે
જે સત્યનો પોતાનો દાવો છોડે નહીં, છતાં
'સામાવાળા પાસે સત્ય છે જ નહીં' એવું કદી ન માને.
સ્યાદ્વાદી માને કે 'સત્યનો એક અંશ મારી પાસે છે અને
બીજો અંશ તેના પાસે પણ હોઈ શકે.'
તે અંશ ઓછો - વધતો હોઈ શકે,
આનું જ નામ સત્યનું અહિંસાપણું અને
એનું જ બીજું નામ સ્યાદ્વાદી વિચારધારાપણું.
અનેકાન્તતા જોઈતી હશે, તો માનસિક સ્તર ઉપરની વાતોને
સ્યાદ્ શબ્દ લગાડીને જ વિચારવાની ટેવ પાડવી પડશે.
'સ્યાત્' એટલે કોઈ એક જ અપેક્ષાએ
અર્થાત્ બીજી અપેક્ષા પણ રહેલી છે જ.
માનસિક સ્તરની ઉપર ઉડવાનો આ એક જ માર્ગ છે,
તેથી ક્રુદ્ધ બનીને વગર વિચાર્યું કાંઈ પણ ન કહેવું.
એ માટે મનની ઉપર ઉડવાનો પ્રયત્ન રાખવો પડશે.
એનો જીવનભર અભ્યાસ જ આપણને બચાવી લેશે.

વેદમાં કુરાનનો પર્યાય શબ્દ 'મમ સત્યમ્' કહેલો છે.

'મમ સત્યમ્ કુરાનમ્ ।'

અર્થાત્ સત્ય મારું છે, એનું નામ જ કુરાન છે.

સ્યાદ્વાદી તે જ બનશે કે જે પોતાની પાસેના સત્યાંશને નહીં છોડનારો હોય અને સામેના પાસેના સત્યાંશને ગ્રહનારો હશે. આ જ છે સત્યગ્રાહી સ્યાદ્વાદી મનોવૃત્તિ.

અનેક પ્રકરણ આગમ - વિભાગમાં 'જૈન વિચાર તથા આગમ શું છે?' તે જાણવા માટેની દૃષ્ટિ અનેકાન્ત દૃષ્ટિ છે.

અનેકાન્ત દૃષ્ટિ સત્ય ઉપર સ્થિર છે.

અનેકાન્તવાદ સત્યને પ્રકાશ કરવાની એક શૈલીવિશેષ છે.

જે વસ્તુ પૂર્ણ રૂપે યથાર્થપણે પ્રતીત થાય, તે સત્ય છે.

સત્યના બે સ્વરૂપ છે: પૂર્ણતા અને યથાર્થતા.

વસ્તુનું યથાર્થ દર્શન અને યથાર્થ નિરૂપણ કઠિન છે.

યથાર્થવાદી = સમ્યગ્દર્શી.

પૂર્ણતા પ્રાપ્ત કરવા રાગ-દ્વેષને આધીન ન થવું તથા તેજસ્વી મધ્યસ્થભાવને સદૈવ ધારણ કરવો.

સ્યાદ્‌વાદ ન્યાયજ્ઞાનનો આધાર બનાવે છે તથા,

અહિંસા નૈતિક ધર્મનો આધાર બનાઈ છે.

અનેકાન્ત, અહિંસા, અપરિગ્રહના દરેક ઉપદેશો એક જ સનાતન સત્યને સર્વ કાળે સંશયરહિતપણે પ્રકાશે છે.

અનેકનો અંત તે અનેકાન્ત.

આત્મા અને કર્મ એ બેના યોગનો અંત અર્થાત્ આત્મા અદ્વૈત સ્વરૂપે, શુદ્ધ સ્વરૂપે પ્રકાશે, તે અનેકાંત.

સત્ય એક છે, અસત્ય અનેક છે.

અનેક અસત્યનો અંત તે અનેકાન્ત.

અદ્વૈત મૌનભાવમાં અનેકનો અંત આવે છે અને અંતે એક તત્વ પ્રકાશી ઉઠે છે.

સ્યાદ્‌વાદનો સિદ્ધાંત અવલોકન દૃષ્ટિને વિશાળ બનાવી સંકુચિત દૃષ્ટિથી ઉત્પન્ન થતાં કોલાહલોને શમાવે છે.

વિષય - કષાય - રાગ - દ્વેષના ઉભરા શમાવી વાતાવરણમાં મૌનભાવ વિકસાવવા સ્યાદ્‌વાદ ઉપયોગી છે.

જૈન ઉપદેશનું રહસ્ય એક જ છે: રાગ-દ્વેષની નિવૃત્તિ.

જ્યાં સમન્વયદૃષ્ટિ છે, ત્યાં સ્યાદ્વાદ છે અને
ત્યાં વિરોધવૃત્તિ શમી જાય છે, એટલે
પછી સાધનામાર્ગ સાંપડે જ અને ફળ પણ મેળવાય જ.
સમન્વય, અવિરોધ, સાધન અને ફળ - એ સાચો ક્રમ છે.

<u>'એકમાં અનેકત્વ રહેલું છે'</u>
<u>એમ સમજવું, તે અનેકાન્તવાદ છે.</u>

પર્યાય દૃષ્ટિનો એકાંત મિથ્યાત્વ છે. દ્રવ્ય દૃષ્ટિ જેના
મૂળમાં છે, તે પર્યાય દૃષ્ટિ અનેકાન્ત હોઈને સત્ય છે.
ઉપયોગની અશુદ્ધિ કરનાર એકાંતનું લક્ષ છે,
અનેકાન્તનું તત્ત્વલક્ષ ઉપયોગને વિશુદ્ધ બનાવે છે.

<u>સ્યાદ્વાદ દૃષ્ટિ એટલે...</u>
<u>મૈત્રી, મુદિતા, કરૂણા અને મધ્યસ્થતાના સહજ ભાવો.</u>

જ્યારે ધર્મ અંતરમાં પરિણમે છે, ત્યારે સ્યાદ્વાદ દૃષ્ટિ
સહજપણે હોય. તે અને કરૂણા સાથે જ ચાલે છે.
સૂક્ષ્મ સમજણ અને સહિષ્ણુતા સ્યાદ્વાદ દૃષ્ટિના મૂળ છે
અને મૈત્રી - મુદિતાદિ ગુણો તેનાં મધુર ફળ છે.

જ્યાં સંબંધનો વિચાર નહિ, ત્યાં સ્યાદ્વાદ નહિ.
સ્યાદ્વાદ દૃષ્ટિના આલંબનમાં વસ્તુનો વિચાર આપેક્ષિક છે.
આપેક્ષિકમાં પૂર્ણનો બોધ અને તેનો આગ્રહ રાખવો,
એ જ સર્વ પ્રકારની આપત્તિઓનું કારણ છે,
એ જ મિથ્યાત્વ અને એ જ અજ્ઞાન છે.

<u>અનેકાન્ત એક એવો સિદ્ધાંત છે,</u>
<u>કે જે ઝઘડાઓને મિટાવી શકે છે.</u>

અનેકાન્તવાદની સમજણ એ સમ્યગ્જ્ઞાનની પ્રક્રિયા છે.
આત્મવાદની સમજણ એ સમ્યગ્દર્શનની પ્રક્રિયા છે.
કર્મવાદની સમજણ એ સમ્યગ્ચારિત્રની પ્રક્રિયા છે.

o

A sublimation of the soul ની પ્રક્રિયામાં
union of the masculine and
feminine ideas is indispensable.
એ જ સ્યાદ્વાદની સાધના છે અને
એ જ અનેકાન્તવાદનો ક્રિયાયોગ છે.

અનેકાન્તનો અર્થ એ છે કે આપણે આપણી માન્યતા અથવા દૃષ્ટિકોણને બાજુ પર રાખવાને બદલે બીજાના દૃષ્ટિકોણને સમજવા પણ પ્રયાસ કરવો જોઈએ. તે આપણો દૃષ્ટિકોણ સમજવા પર વધારે ભાર મૂકે છે.

'બીજા કોઈનું સાંભળે નહીં અને મારું જ સાંભળે'
એવો આગ્રહ એકાન્તવાદનો છે.

જૈન પરિભાષામાં એનું જ નામ મિથ્યાત્વ છે.

જે વ્યક્તિ સવાર - સાંચ નિમતાનો દાવો કરે છે, તે બીજાના દોષ ભૂલીને ગુણગ્રાહણ કરવાનો જ પ્રયત્ન કરશે અને તે જ અનેકાન્તવાદનો ઉપકાર બનશે. સાધનાના પાયામાં સ્યાદ્વાદની Blue print કે પૂર્વ-નકશો અનિવાર્ય છે. સ્યાદ્વાદ માત્ર બૌદ્ધિક સમજણ નહિ અથવા તો માત્ર Intellectual Approach માટે નહિ, પરંતુ જીવનમાં સક્રિયપણે જીવવા માટે છે.

આ સત્યનું ઊંડાણ જેમ જેમ સ્પર્શે છે,
તેમ તેમ જીવન જીવવામાં સમતુલન વધતું જાય છે.

વસ્તુમાત્ર અનંત ધર્માત્મક છે.
એને બતાવનાર તત્ત્વજ્ઞાન સ્યાદ્વાદ છે.
સ્યાદ્વાદનું તત્ત્વજ્ઞાન સંબંધદર્શક છે.

સ્વરૂપદર્શક બોધ થવા છતાં સંબંધદર્શક જ્ઞાન ન થાય, ત્યાં સુધી જીવન એકાંગી રહે છે. સર્વાંગીણ જીવન જીવવાની કળા સ્યાદ્વાદના બોધની અપેક્ષા રાખે છે.

અનેકાન્ત દ્વારા એક એવી અભેદદૃષ્ટિ મળે છે, કે જે વડે શત્રુમાં પણ મિત્રતાના દર્શન થઈ શકે છે.

જે વ્યક્તિ સવાર - સાંજ બીજાના મિત્ર બનવાનો દાવો કરે છે, તે બીજાના દોષોને ભૂલવાનો અને બીજાના ગુણોને જોવાનો જ બીજા અર્થમાં સ્વીકાર કરે છે અને તેથી અનેકાંતવાદનો સાચો ઉપાસક બને છે.

અનેકાંતવાદ સામાના દૃષ્ટિકોણને સમજવા ઉપર વધારે ભાર મૂકે છે, જ્યારે એકાંતવાદ 'પોતાનો દૃષ્ટિકોણ જ સત્ય છે' એમ માને છે અને તેને જ બીજા ઉપર ઠસાવવા માટે પ્રયત્ન કરે છે.

સાધનામાર્ગનું હૃદય સમતા છે.
અનેકાંતવાદ સમતાનો પોષક - એકાંતવાદ સમતાનો ઘાતક છે.
સમતાની ઉપાસના તે જ સાચું સામાયિક છે.
સમતાનો ઉપદેશ કરે, તે જ સાચો શ્રમણ છે.
અનેકાંતવાદની ઉપાસના એ સમતાની જ ઉપાસના છે.
તેમાં પ્રાણ પૂરનાર વિનમ્રતાની ભાવના છે.
વિનમ્રતાની બીજી અનેકાંતવાદની ઉપાસના પણ
બીજાના દૃષ્ટિકોણને ન્યાય આપવા કોશિશ કરે છે અને
પોતાના દૃષ્ટિકોણમાં રહેલા દોષને દૂર કરવા મથે છે.
અનેકાન્ત દૃષ્ટિ વિચારમાં અહિંસા પ્રગટાવે છે.
સ્યાદ્વાદરૂપી વાણી ભાષામાં નમ્રતા અને
વિચારમાં સહિષ્ણુતાપૂર્વક સત્યનું કથન કરે છે.
અનેકાન્ત એક દૃષ્ટિ છે - સ્યાદ્વાદ એક ભાષાશૈલી છે.
સમન્વયવાદ, સ્યાદ્વાદ, અનેકાન્તવાદનું તાત્પર્ય એ છે કે
પોતાનો વિચાર કાયમ રાખી સત્યની સાથે મેળ સાધવાનો
પ્રયાસ કરવો. જૈન ધર્મ સમભાવની સાધના માટેનો ધર્મ છે.

## <u>સ્યાદ્વાદ દૃષ્ટિએ જગનું સ્વરૂપ</u>

નિત્યાનિત્યત્વાદિ અનેક ધર્મયુક્ત વસ્તુનો સ્વીકાર
તે અનેકાન્તવાદ અથવા સ્યાદ્વાદ છે.
નિત્યાનિત્ય, એકાનેક, સદસત્, વાચ્યાવાચ્ય -
એ ૮ ધર્મો જગમાં રહેલા છે.

<u>સમન્વય બુદ્ધિ અને અનેકાન્ત દૃષ્ટિ</u>
<u>તોડવાનું નહીં પણ જોડવાનું શીખવે છે.</u>

સત્યને ખંડિત કરતી નહિ પણ પૂર્ણ કરીને બતાવે છે.
શરીરની દૃષ્ટિએ બધા ભંગી છે, ચમાર છે.
આત્માની દૃષ્ટિએ બધા દેવ છે, પરમાત્મા છે, સિદ્ધ છે.
અનેકાન્તવાદની આ દેણ છે.

<u>આચારની સમતા = અહિંસા. વિચારની સમતા = અનેકાન્ત.</u>
<u>ભાષાની સમતા = સ્યાદ્વાદ. સામાજિક સમતા = અપરિગ્રહ.</u>

અનેકાન્તમાં સત્યની અપેક્ષા - એકાંતમાં સત્યની ઉપેક્ષા છે.
ઉપેક્ષાથી ભય, દ્વેષ, ખેદ - અપેક્ષાથી અભય, અદ્વેષ, અખેદ.
સ્યાદ્વાદ = સાપેક્ષવાક્ય, એકાંતવાદ = નિરપેક્ષવાક્ય.

'સ્યાદ્વાદ વિના સિદ્ધિ નહિ' એ ત્રિકાળાબાધિત સત્ય છે.

જ્યાં સંબંધનો - સાપેક્ષતાનો વિચાર નહિ, ત્યાં સ્યાદ્વાદ નહિ.

સ્યાદ્વાદના અભાવમાં સત્યનો પણ પૂર્ણ વિચાર નહિ.

અપૂર્ણમાં પૂર્ણનો બોધ અને પૂર્ણનો અભિનિવેશ

તે એકાંતવાદ અને તે મિથ્યાત્વ આ પાપનું મૂળ છે.

સ્યાદ્વાદી તે આગ્રહી નહીં પણ સંગ્રહી હોય છે.

સ્યાદ્વાદમાં શંકરનું અદ્વૈત, ભાગવતની ભક્તિ,

ગીતાનો કર્મયોગ, સાંખ્યની પ્રક્રિયા અને

યોગવાશિષ્ઠનું તાત્પર્ય સમાઈ જાય છે.

અનેકાંતવાદનું કેન્દ્ર મધ્યસ્થતામાં છે.

નિવૃત્તિ પણ મધ્યસ્થતાનું મૂળ છે, તેથી

અનેકાંતવાદ અને નિવૃત્તિ પરસ્પરના પૂરક - પોષક છે.

અનેકાંતવાદને માટે જેટલું મહત્ત્વ

તે તે વાદના દોષો અને અસંગતિઓના ખંડનનું છે,

તેટલું જ મહત્ત્વ તે તે વાદના ગુણો અને

સંગતિઓના સમર્થનનું પણ છે. 'નયચક્ર'માં તે મળે છે.

# સ્યાદ્વાદ એટલે...

આપણા વિચારોને સમજવા માટેનું વિશાળ મન.

જ્યાં વિચારોની આપ - લે કરવાની ઉદારતા છે,
ત્યાં જ પદાર્થનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

અનેકાન્તવાદ નિરપેક્ષવાદીને સાપેક્ષ બનાવે છે અને
એ જ એનું સમ્યક્ત્વ છે. નયોના ગુણ - દોષ બન્નેને
બતાવવા તે અનેકાન્તવાદનું અભીષ્ટ છે. અનેકાન્તવાદ
સર્વ નયમય અથવા સર્વ મિથ્યાદર્શન સમૂહ રૂપ છે.

અભિપ્રાયભેદોને, નયભેદોને અને દર્શનભેદોને
એકત્ર મેળવી આપનાર સ્યાદ્વાદ એ પુંજ છે.

અખંડ સત્યના સાક્ષાત્કારમાં સ્યાદ્વાદ જ સમર્થ છે,
વિભિન્ન મતવાદ કે નયવાદ નહીં.

અનેકાન્તવાદના પાયા ઉપર વિશ્વાત્મૈક્ય કેળવો.

અનેકાન્તની દૃષ્ટિ વડે વિશ્વના સત્યનું અન્વેષણ કરો.
વિચારમાં જેમ અનેકાન્તવાદ, તેમ આચારમાં અહિંસા.
એ બે મળીને જ પૂર્ણ દૃષ્ટિ બને છે.

સ્યાદ્વાદ વિના ધર્મનું અસ્તિત્વ શક્ય જ નથી.
સ્યાદ્વાદની ગંભીરતાની ઝાંખીનો અનુભવ થવો જોઈએ.

સ્યાદ્વાદ દૃષ્ટિપૂર્વક મોક્ષની રચના જાતિ-વેશ કે
કોઈની monopoly અનુસાર નથી. જે શાંતિને પામશે,
રાગને નિરાકરણ કરશે, તે મોક્ષનો અધિકારી થશે.
અનેકાંત વિચારપ્રધાન હોવાથી વિચારોમાં સમતા લાવે.

પોતાની અંદર રહેલ સમતાભાવને કઈ રીતે
અભિવ્યક્ત કરાય, તેનો માર્ગ સ્યાદ્વાદ બતાવે છે.

પોતાના વક્તવ્યની સાથે
'સ્યાત્' શબ્દનો પ્રયોગ બીજાના નિરૂપણની સત્યતા
અને સ્વતંત્રતાનો સ્વીકાર કરે છે.

આગ્રહના કારણે વૈમનસ્ય, શત્રુતા, હિંસાદિ જન્મે છે.
અનેકાંતવાદ અનાગ્રહનો, સમત્વનો ભાવ જન્માવે છે.
તે બધાના સત્યને ગૌરવ અને પ્રતિષ્ઠા સમર્પે છે.
અનેકાંતવાદથી શત્રુને મિત્ર બનાવવાની કુશળતાની
સાથે વિકાસની તરફ સતત ગતિશીલતા ટકી રહે છે.

# અનેકાન્તવાદ અને સ્યાદ્વાદ

સત્યગ્રાહી મનુષ્ય જ સત્યાગ્રહી બનવા અધિકારી છે.
સ્યાદ્વાદ સિદ્ધાંત અર્થાત્ દરેકનો સત્યાંશ કબૂલ રાખી
પૂર્ણ સત્યનું શોધન કરવું, તે સ્યાદ્વાદનું કાર્ય છે.

સ્યાદ્વાદની ફલશ્રુતિ છે અનાગ્રહ.

અનાગ્રહ એ ન્યાયબુદ્ધિનું બીજું નામ છે,
માટે સર્વ ન્યાયમાં સ્યાદ્વાદ શ્રેષ્ઠ ન્યાય છે,
સર્વશ્રેષ્ઠ મધ્યસ્થ વૃત્તિ છે.

યુદ્ધનો પર્યાય શબ્દ છે: 'નૈવ સત્યમ્ ।' જ્યારે
'મમાઽપિ સત્યાંશઃ તવાપિ ।' એ સમાધાનનો માર્ગ છે.

અર્થથી તીર્થંકર પ્રણીત અને સૂત્રથી ગણધરગુંફિત
શ્રુતજ્ઞાન તથા તેને અનુસરીને અન્ય આચાર્યાદિ વડે
રચિત ગ્રન્થાદિક છે, તે સર્વ જિનવચન છે, સ્યાદ્વાદ
ચિહ્ન દ્વારા ઓળખવા યોગ્ય છે, ન્યાયમાર્ગથી અવિરુદ્ધ
હોવાથી પ્રમાણભૂત તથા જીવોને તત્ત્વજ્ઞાનનું કારણ છે,
માટે ઉપકારી છે, તેને નમસ્કાર હો.

## જિનપ્રવચનના ત્રણ લક્ષણો:

(a) મધ્યસ્થપણું - નયવાદ સમૂહ.

(b) મધ્યસ્થો - મુમુક્ષુઓ - સંવિગ્નો વડે જ સમજ શકાય એવું જિનપ્રવચન છે.

(c) જો અધિકારી ઉદ્યોગ કરવા ધારે, તો ક્લેશનાશ - શાંતિ અને સમતાભાવ વડે અમરપણું મેળવી આપવાની શક્તિ એક માત્ર જિનપ્રવચનમાં જ છે.

આ ત્રણ વિશેષોને લક્ષી જ એની પરમ પૂજ્યતા છે. સર્વ જિનવચન સ્યાદ્વાદ ચિન્હ દ્વારા ઓળખવા યોગ્ય છે, ન્યાયમાર્ગથી અવિરૂદ્ધ છે તથા જીવોને તત્ત્વજ્ઞાનનું કારણ છે, માટે જિનવચન ઉપકારી અને વંદનીય છે. 'નિજહિતને ભૂલીને પરોપકારાદિમાં પ્રવૃત્ત થવાનું વિધાન શ્રી જૈનશાસનમાં નથી, પરન્તુ નિજહિતને સાધવા માટે પરોપકારાદિ કરવાનું વિધાન જૈનશાસનમાં અવશ્ય છે.' આ વાસ્તવિક જૈનશાસનની સ્યાદ્વાદતા જણાવી રહે છે.

જૈનશાસનમાં તત્ત્વજ્ઞાનની વિશિષ્ટ સમજણ
કેળવવા માટે અનેકાંતવાદ - સ્યાદ્વાદની જરૂર છે.
આત્મવાદ અને કર્મવાદની સમજણ
સ્યાદ્વાદ વિના શક્ય નથી.
સ્યાદ્વાદ એ જીવન જીવવાની પ્રક્રિયા છે.
પિતા પોતાના સર્વ પુત્રો ઉપર સમભાવ રાખે છે, તેમ
અનેકાંતરૂપી પિતા સર્વ નયોને સમાન ભાવથી જુએ છે.
અનેકાંતવાદ - સ્યાદ્વાદના સ્વાધ્યાય દ્વારા
મારી દૃષ્ટિ જ્યાં - જ્યાં જે સારું છે,
તે સ્યાદ્વાદદૃષ્ટિથી ગ્રહણ કરીને એવી રીતે રજુ કરવું,
કે જેથી આ જિનેશ્વરદેવના શાસન પ્રત્યે
જેને રાગ નથી, તેને થાય તથા જેમને છે, તે દૃઢતમ થાય,
જેને દ્વેષ છે, તેમનો દ્વેષ મટે તથા
સંસારના ક્લેશથી સંતપ્ત છે, તેઓ આ માર્ગનું શરણ લે
અને સાધના દ્વારા શાંતિ પામે.
વિનય, વિવેક, વૈરાગ્ય વડે સ્યાદ્વાદ પરિણતિ ઘડાય છે.

અનેકાન્તવાદ એ એકાંતવાદનો વિરોધાર્થ છે.

જ્યાં વાદ છે, ત્યાં ચર્ચાત્મકતા, વિવાદયુક્તતા છે પરન્તુ
અનેકાન્ત એ તો વિવાદનો અંત છે,
તેથી વાદ નથી પણ સિદ્ધાંત છે. તે ત્રિકાળાબાધ્ય છે.
અનેકાન્તના અનેક અથવા અનંત રૂપ છે. અનેક
માર્ગોનું સંમિલન એ અનેકાન્ત છે, તેથી તે પૂર્ણ છે.
જેનો અંત સિદ્ધ છે, સફળ છે, તે સિદ્ધાંત છે.

વાદનો અંત હોય છે, સિદ્ધાંતનો નહિ.

અનેક વાદોનો અંત કરવાવાળો અનેકાન્ત સિદ્ધાંત છે,
તેથી તે પૂર્ણ છે. પૂર્ણને આદિ અથવા અંત હોતાં નથી.
કોઈ માર્ગ અથવા વાદ પૂર્ણપણે અસ્તિત્વ હોતો નથી,
તેમ જ પોતાનામાં પૂર્ણ પણ હોતો નથી.
અનેકાન્તવાદમાં સર્વ વાદોનો અંત આવી જાય છે.
એમ જો આ અનેક માર્ગો બતાવનારું બોર્ડ
તે માર્ગ નથી, કિન્તુ પથપ્રદર્શક છે, તેમ
અનેકાન્ત એ વાદ નથી પણ તે પથપ્રદર્શક સિદ્ધાંત છે.

સ્યાદ્વાદ સિદ્ધાંતનું મર્મ રહસ્ય છે કે:

ભવ્યાત્મભાવનાં વિકાસ માટે નિમિત્તને
મુખ્ય બનાવવું જોઈએ અને સહજમલના હ્રાસ માટે
ઉપાદાન કારણની મુખ્યતા સ્વીકારવી જોઈએ.

'બધાના કથનમાં પણ સત્યનો અંશ હોઈ શકે છે'
એવા ઉદાર દૃષ્ટિનું નામ 'અનેકાંત' છે.

અનેકાંતમાં સહિષ્ણુતા - સમતાભાવ - સમત્વદૃષ્ટિ છે.
બધા વસ્તુને સાપેક્ષભાવે વિચારવી, દરેક અવસ્થામાં
રહેલ સત્યના અંશને જોવો, તેનું નામ 'અનેકાન્ત' છે.

સ્યાદ્વાદ વડે વચનોમાં નમ્રતા આવે છે અને
અનેકાન્ત વડે વૃત્તિમાં સમન્વયશીલતા આવે છે,
જે ચિત્તમાં સમતા, વૃત્તિમાં મધ્યસ્થતા, નિષ્પક્ષપાતતા
અને પરિણામે વીતરાગતા લાવે છે.

અનેકાન્તમતિ, સ્યાદ્વાદપરિણતિ, ગુણગ્રાહ્યદૃષ્ટિ,
સમન્વયબુદ્ધિ, સમત્વસિદ્ધિ વગેરે સર્વ સમાર્થક છે.
તે સર્વમાંથી કૃતજ્ઞતા ગુણની પણ સિદ્ધિ થાય છે.

## વિશ્વમાં સ્યાદ્વાદ વિજયવંત શાથી ?

સ્યાદ્વાદ સિદ્ધાંત એ સર્વ ધર્મોની સમાનતાનો પ્રતિપાદક નથી, કિન્તુ સત્યનો જ એક પ્રકાર છે. 'એકાંતવાદ સર્વથા ખોટો છે' એમ કહેવું તે પણ એકાંતવાદ છે. સ્યાત્ પદલાંછિત સર્વ વાક્યો સત્ય છે અને સ્યાત્ પદ નિરપેક્ષ સર્વ વાક્યો અસત્ય છે. તે કારણે સ્યાદ્વાદ વિશ્વમાં વિજયવંત વર્તે છે.

જગતમાં અનેકાન્તવાદ તથા સ્યાદ્વાદનું સ્વરૂપ, તેઓની અસાધારણ મહત્તા અને અત્યંત ઉપયોગિતા જાણીને સામાન્ય માનવોના જીવનમાં પણ શાંતિ અને સન્માર્ગનો પ્રકાશ મળ્યાનો લાભ જાગે, તો એ બહુ મોટું કામ થયું ગણાશે.

પ્રત્યેક ધર્મ - પંથ - માનવમાં સત્યનો અંશ હોય, તેનો ગ્રહણ કરી સત્યગ્રાહી બનો, એ અનેકાન્તનું રહસ્ય છે. એ આરામાં બધા પ્રશ્નોનું સમાધાન છે અને એમાં જ માનવજન્મની સાર્થકતા છે.

સ્યાદ્વાદ સિદ્ધાંતનો ઉદ્દેશ એ છે કે:

પોતાની પ્રમાણસિદ્ધ પ્રામાણિક માન્યતાઓને ન છોડવી
અને અન્યની પ્રામાણિક માન્યતાઓને આદર આપવો.

વસ્તુને અનેક દૃષ્ટિએ જોવું, તે સ્યાદ્વાદ છે.

સ્યાદ્વાદ = સમભાવયુક્તિનો વાદ.

અપેક્ષાવાદ, સમન્વયવાદ વગેરે સ્યાદ્વાદનાં જ નામો છે.

સ્યાદ્વાદ વડે હૃદયની ઉદારતા,
દૃષ્ટિની વિશાળતા, તત્ત્વની જિજ્ઞાસા અને
વસ્તુની વિવિધતાનો ખ્યાલ આવે છે.

સ્યાદ્વાદ એ ધર્મવાદ છે.

સમુદ્ર જેમ બધી નદીઓને પોતામાં સમાવે છે, તેમ
અનેકાન્તવાદ સર્વ દર્શનોના સત્યને પોતામાં સમાવી લે છે.

નય સાત નહીં પણ અનંત છે અને
તે બધા એક આત્માને અર્થે જ છે, તેથી
આત્માર્થ એ જ ખરો નય છે. રાગ-દ્વેષને શમાવવા
અર્થે જ લગાવાને અનેકાન્તવાદ પ્રરૂપ્યો છે.

એકાન્તમાં દૂષણ છે, અનેકાન્તમાં ભૂષણ છે.

વીતરાગથી અન્ય કોઈ શ્રેષ્ઠ દૈવત નહિ અને અનેકાંતથી અન્ય કોઈ શ્રેષ્ઠ નયસ્થિતિ - ન્યાયમાર્ગ નહિ.

જે અપેક્ષાએ જે વાક્ય કહેવાય છે, તે અપેક્ષાએ તે વાક્ય તેમ જ છે, એમ સ્યાદ્વાદ 'જ'કારપૂર્વક કહે છે.

જગતમાં અન્ય મતના શાસ્ત્રોમાં જે કાંઈ પ્રમાણભૂત તથા શ્રેષ્ઠ વચનો જોવા મળે છે, તે સર્વે દૃષ્ટિવાદ રૂપી સમુદ્રમાંથી ઉડેલાં વચનબિંદુઓ જ છે.

અનેકાંત વડે પરિકર્મિત બુદ્ધિ વસ્તુના સ્વરૂપને યથાર્થપણે જાણે છે. વસ્તુને યથાસ્થિત જાણવાથી રાગ, દ્વેષ, અસત્ય શમે છે અને સત્યની નજીક પહોંચાય છે.

સત્ય એક છે, તેનાં સ્વરૂપ અનંત છે.

વસ્તુના ગુણધર્મો અનેક રીતે છે.

વસ્તુના પ્રત્યેક અંતને, ગુણને તથા ધર્મને સ્વીકારવા અને દરેકમાંથી સત્ય તારવવું તથા સ્વીકારવું, તેને 'અનેકાંત પદ્ધતિ' કહેવાય છે.

અનેકાંત વિચારને વિશુદ્ધ અને વિશાળ બનાવે છે.
કોઈપણ એક સ્થિતિને અંતિમ કે છેવટની ન માનતાં
તેના બીજા સંભવિતતાનો સ્વીકાર કરવો, તે સ્યાદ્વાદ.

સ્યાદ્વાદ એટલે... તત્ત્વનિશ્ચય સુધી
પહોંચાડનારી તર્કસંગત વૈજ્ઞાનિક વિચારપ્રણાલી.

સમાધાન અને શાંતિની પ્રાપ્તિનો તે ઉત્તમ માર્ગ છે.

કહ્યું છે કે: 'રવૈયા તણું નેતરું, એક છેડે ખેંચંત,
બીજે ઢીલું છોડતાં, માખણ ગોપી લહંત;
તેમ એક અંતથી, વસ્તુનું તત્ત્વ આકર્ષંત,
બીજે શિથિલ કરતાં, સ્યાદ્વાદ નીતિ જયવંત.' ...(૧)

ભિન્ન ભિન્ન વિચારોની દૃષ્ટિમાં ભેદ દેખાય,
ત્યારે વસ્તુને તેના યોગ્ય સ્થાનમાં ગોઠવી ન્યાય કરવો,
વિરોધનો પરિહાર કરવો તથા યથાર્થ-પૂર્ણ સત્ય મેળવવું,
તે સપ્તભંગી સ્યાદ્વાદનું કાર્ય છે.

સત્યશોધન માટે અનેકાંત દૃષ્ટિ આવશ્યક છે.
અનેકાન્ત એ વિચાર સંબંધી અહિંસા છે.

પોતાના પક્ષની જેમ જ વિરુદ્ધ પક્ષનાં મંતવ્યોના
સત્યદર્શન માટે તે જરૂરી છે કે:

આદરપૂર્વક વિચારણા કરવી અને વિરુદ્ધ પક્ષની જેમ પોતાના પક્ષની પણ આકરી સમાલોચના કરવી.

અનેકાન્તવાદથી રાગ-દ્વેષ ઘટી સમભાવ વધે છે, ચિત્ત વિકસે છે તથા માનસિક સંઘર્ષો ઓછા થાય છે.
વૈચારિક અહિંસા અને પરિગ્રહ નિવારવાનો જે ઉપાય,
એનું જ નામ 'અનેકાન્તવાદ.'

અનેકાન્તવાદ નથી સંશયવાદ, નથી અનિશ્ચયવાદ પણ વિવિધ વિરોધોમાંથી અને વિસંવાદોમાંથી પણ પ્રગટતો સત્યો એક પ્રકારનો સંવાદ છે.

વસ્તુમાત્રની સિદ્ધિ સ્યાદ્વાદથી થાય છે.
'સિદ્ધિઃ સ્યાદ્વાદાત્ ।'

વસ્તુમાં અનેક ધર્મ છે, માટે અનેકાંતવાદ અને એને અભિવ્યક્ત કરવાની શૈલીનું નામ સ્યાદ્વાદ છે.
એકાંત વિગ્રહ છે, જ્યારે અનેકાંત સંધિ છે.

શ્રુત, ઉપદેશ યા વાક્ય અહીં પ્રકરણના વિષય છે:

સ્યાદ્વાદ, નય અને નિક્ષેપ.

સંપૂર્ણાર્થ વિનિશ્ચાયી સ્યાદ્વાદ શ્રુત છે.

પ્રમાણ અને નયની અવસ્થા, સાપેક્ષ છે.

એક જ વસ્તુમાં અસ્તિ - નાસ્તિ, નિત્ય - અનિત્ય, એક - અનેક આદિ વિરોધ કહેવાતાં ધર્મોનો સ્વીકાર કરવો જોઈએ, કારણ કે સત્ય અનેકાંતરૂપ છે, તેથી તે તે ભિન્ન ભિન્ન અંશોનો સુંદર રૂપમાં સમન્વય કરવો, એ કાર્ય વધુ વધુ કઠિન બને છે. વળી શબ્દ એક સમયમાં એક જ ધર્મનું આંશિક વ્યાખ્યાન કરી શકે છે.

સત્યને પ્રગટ કરવાના એકના એક

સાધનની નિર્બળતાનો જ અનુભવ કરવાવાળા પૂર્ણદર્શી પુરુષોએ આ સ્યાદ્વાદ સિદ્ધાંતનો આવિષ્કાર કર્યો છે.

વિવક્ષિત ધર્મની મુખ્યતા - શેષધર્મની ગૌણતા રહે છે,

તેથી ગૌણ ધર્મોનો દ્યોતક 'સ્યાત્' શબ્દ

સમસ્ત વાક્યોની સાથે ગુણપણે સંબંધિત રહે છે.

સત્ય તો વસ્તુતઃ એક જ છે, છતાં
મનુષ્યની દૃષ્ટિ તેને એકરૂપમાં ગ્રહણ કરી શકતી નથી.
તે કારણે પરમ સત્યનું દર્શન કરવા માટે
માણસે પોતાની દૃષ્ટિમર્યાદાને વિકસિત કરવી જોઈએ.
તેમાં સત્યગ્રહણની સંભવિત સર્વ દૃષ્ટિઓને સ્થાન
આપવું જોઈએ. આ ઉદાત્ત અને વિશાળ ભાવનામાંથી
અનેકાંત વિચારસરણીનો જન્મ થાય છે. એની યોજના વાદ
-વિવાદમાં જય મેળવવા, વિતંડાવાદની આડમાં કે દાવપેચ
ખેલવા કે શબ્દછલની શતરંજ ખેલવા માટે નથી,
કિન્તુ જીવનશોધના એક ભાગરૂપ વિવેકશક્તિને
વિકસિત કરવા માટે છે. અનેકાંતનો સાચો અર્થ સત્ય
દર્શનને લક્ષ્યમાં રાખી તેના સર્વ અંશો - ભાગોને એક
વિશાળ માનસવર્તુળમાં યોગ્ય રીતે સ્થાન આપવું, તે છે.
અનેકાંતને જીવનમાં વાસ્તવિક સ્થાન આપવા માટે
સંકુચિતતાઓ અને વાસનાઓની સાથે
જે વિગ્રહ ખેલવો પડે છે, તેનું જ નામ છે ધર્મ.

ભગવાનના ઉપદેશનું હાર્દ છે અહિંસા અને અનેકાંત.

આચારે અહિંસા અને વિચારે અનેકાંત.

સૌને જીવવું ગમે છે, મરવું કોઈને ગમતું નથી, માટે
કોઈપણ જીવની હિંસા કરવી નહીં;
કરાવવી નહીં તથા કરતાંની અનુમોદના કરવી નહીં.

વળી સંસારના દરેક કલહના મૂળમાં
સામો માનવી કેટલે અંશે ખોટો છે,
તે જોવા કરતાં તે કેટલે અંશે સાચો છે,
કેટલે અંશે પ્રભુના માર્ગની નજીક છે, તે દૃષ્ટિએ જોવું
અને તેને વીતરાગતાની સન્મુખ બનાવવો,
એ જ તો અનેકાંતનો હેતુ છે.

અહિંસા દ્વારા પ્રાણીમાત્ર સાથે મૈત્રી સ્થપાય છે,
અનેકાંત વડે સર્વ દર્શનો સાથે સમન્વય સધાય છે,
સ્વાગ્રહયુક્ત વાદ-પ્રતિવાદ તથા તર્ક-વિતર્કની
વિચારશ્રેણી નષ્ટ થાય છે અને
સર્વગ્રાહી સત્યની પ્રતિષ્ઠા થાય છે.

જીવોની વિવિધતા તથા સ્થૂલ-સૂક્ષ્મ ભેદો પ્રત્યક્ષ છે. સ્વરૂપે બધા જીવ સરખા છે અને અવસર મળે, તો સિદ્ધાવસ્થામાં સમાન બનવાની શક્તિ ધરાવે છે. ભેદનું કારણ કર્મ છે. કર્મ સાથે સંબંધ ધરાવવા માત્રથી જીવ પોતાના સ્વરૂપમાં વૈવિધ્ય પ્રાપ્ત કરે છે. અને સંસારપ્રપંચની રચના થાય છે. જૈનોની આ સંબંધી સ્વતંત્ર માન્યતા છે, તેનું નામ '<u>અનેકાન્તવાદ</u>' છે. અનેકાન્તવાદ કહે છે કે જીવદ્રવ્ય નિત્ય છે. જીવપર્યાયો-વિકારો અનિત્ય છે. જે અનિત્ય છે, તે કાયમ રહે નહીં. વિકારો જો સ્વાભાવિક નહિ પણ કર્મજન્ય છે, તો જીવથી દૂર કરાય, તો જ મોક્ષપુરુષાર્થને અવકાશ મળે છે.

મનુષ્યની બુદ્ધિને ધર્મમાં અથવા દર્શનમાં

કશું જ નવું કરવાનો અવકાશ નહિ, આવી

માન્યતા આના મૂળમાં સ્વીકારવી પડે, કિન્તુ આ તો સ્વયં જૈન ધર્મે જ ઉપદેશેલી આત્મનિર્ભરતાની - અનેકાંતવાદની વિરુદ્ધ ગણાય, પછી જૈન ધર્મ રહ્યો ક્યાં?

જૈન ધર્મના અહિંસા અને અનેકાન્તમાં આ વિશ્વની અશાંતિને દૂર કરવાની તાકાત છે. એને સિદ્ધ કરી આપવાના અવસરે 'અમે જ શ્રેષ્ઠ છીએ' એના ઝઘડામાં અટક્યા કરવું, એ શું યોગ્ય છે? ખરેખર પ્રભુ ધર્મની ખરી તાકાત વર્તમાન સમસ્યાના ઉકેલના સામર્થ્યમાં જ છે. એનો પરિચય આપવો, એ જ જૈનધર્મનું બળ બતાવવાનો એક માત્ર માર્ગ છે.

નિમિત્ત - નૈમિત્તિક સંબંધની વ્યાખ્યા સિદ્ધાંતથી સાવ વિરુદ્ધ છે, તેથી મિથ્યાદુરાગ્રહનું સેવન થાય છે, એકાંત-વાદનું પોષણ થાય છે, અનેકાંતવાદનું ખંડન થાય છે.

અનેકાંત સ્વભાવને જાણી સ્વાશ્રિતભાવમાં લીન થવું, એ જ એક આદરણીય પુરૂષાર્થ છે.

જાણવાનું પ્રયોજન 'જાણવું' એ જ ન હોઈ શકે. જાણવાનું પ્રયોજન માણવું તે છે. માણવાનું તો અસ્તિરૂપ સ્વાશ્રિતભાવનું જ થઈ શકે. નાસ્તિરૂપ પરાશ્રિતભાવને માણી ન જ શકાય.

આત્માની પોતાપણે અસ્તિ - પરની આત્મામાં નાસ્તિ છે,
એવી જે દૃષ્ટિ તે જ ખરી અનેકાન્તદૃષ્ટિ છે.
તેને માન્યા વિના સાચો અનુભવ હોઈ શકે જ નહિ.
તેને આત્માનું વેદન નહિ, પણ વિકારનું જ વેદન છે.
નયોપદેશ, અનેકાંત અવસ્થામાં વર્ણવ્યું છે કે:
પ્રથમ વ્યવહાર, બાદ સંસ્કારિત શુદ્ધ મતિજ્ઞાનને
વ્યવહારોપગત નિશ્ચય, બાદ શુદ્ધ નિશ્ચય અને
પૂર્ણ પરિણત નિરાવરણને જ નિશ્ચયોપગત
નિશ્ચય પ્રદર્શિત, સિદ્ધાન્તિત ક્રમાનુસાર બતાવેલ છે.
Comprehensive and collective
understanding એટલે કે અનંત ધર્માત્મક અખંડ
વસ્તુતત્ત્વનું સમગ્રપણે ગ્રહણ સ્યાદ્વાદ વડે જ થાય છે.
વસ્તુમાં રહેલ વસ્તુત્વનું સાધક એવું પરસ્પર વિરુદ્ધ
બે શક્તિનું પ્રકાશન તે 'અનેકાંત' છે,
વળી અહિંસા, સંયમ, તપની જેમ જ અનેકાંતવાદ
સમત્વપોષક હોવાથી તેને મોક્ષમાર્ગમાં મહત્ત્વનું સ્થાન છે.

એકાંતવાદી જ્ઞાનને સર્વથા નિત્ય એટલે ચૈતન્યની
પરિણતિ જે ઉપજે-વિણસે છે, તેનાથી કાંઈક જુદું ઈચ્છે છે.

સ્યાદ્વાદી એમ માનતો નથી કે:

'પરિણામ સિવાય જુદો કોઈ પરિણામી છે' તેથી
'દ્રવ્યે જ્ઞાન નિત્ય છે, તો પણ ઉપજતી-વિણસતી
પરિણતિના ક્રમને લીધે જ્ઞાન અનિત્ય પણ છે, એવો
જ વસ્તુ સ્વભાવ છે' એમ માની નાશ પામતો નથી.

આ રીતે અનેકાન્ત 'જ્ઞાન માત્ર આત્મતત્ત્વ'
અબાધ પ્રસિદ્ધ કરતો સ્વયમેવ અનુભવાય છે.
વસ્તુના યથાર્થ સ્વરૂપની વ્યવસ્થિતિ વડે
અનેકાંત પોતે પોતાને સ્થાપિત કરે છે,
તે અનેકાંત જ નિર્બાધ જિનમત છે કે:

'હું જગતના તમામ દુષ્કૃત્યોના માટે જવાબદાર છું, કેમકે
અનંતકાળ પર્યંત મેં પાપનો આદર્શ આપ્યો છે અને
અનિત્ય વસ્તુઓની માંગણી કરતો થકો નિત્ય એવા
આત્માને વિસરી રહ્યો છું. જન્મોજન્મ. હવે બસ!'

'સત્ય મારી પોતાની પાસે જ છે,
સામા પક્ષનો એની ઉપર કોઈ અધિકાર નહિ;
એમ માન્યું, એટલે એની સાથે યુદ્ધ શરૂ થયું જ સમજો.

આપણે કાંઈ કરી શકીએ કે નહીં એ બીજી વાત છે પણ ઓછામાં ઓછું લોકો આપણા શબ્દો ઉપર ભરોસો રાખે, એટલું કરી શકીએ તો પણ ઘણું કર્યું ગણાય, કેમકે એ જ અહિંસા-શાંતિ-પ્રેમનું સામ્રાજ્ય સ્થાપી શકશે.

એ કરવા માટે આપણે 'સ્યાદ્વાદી મનોવૃત્તિ' એટલે
સત્ય જ્યાં હોય, ત્યાંથી ગ્રહણ કરવાની વૃત્તિ
કેળવવા માટે તૈયાર થવું પડશે.

એક બાજુનું સત્ય સમજ્યા પછી જ ધૈર્ય ધારણ કરાય, તો બીજા વર્ગનો વિચાર બીજી બાજુનું સત્ય ગ્રહણ કરી શકે છે, તેથી વિચાર અને શબ્દ દ્વારા જ જ્યાં સુધી વ્યવહાર કરવાનું સામર્થ્ય છે, ત્યાં સુધી આપણા માટે અનેકાન્ત અને સ્યાદ્વાદનો આશ્રય સ્વીકાર્યા સિવાય અક્ષુબ્ધ અને શાંત રહેવાનો બીજો કોઈ ઉપાય જ છે નહીં.

અનેકાંતવાદરૂપ અમૃતનું પાન કરાવે છે,
તેમ તેમાં જીવને અજરામર બનાવવાની શક્તિ રહેલી છે.

એક શબ્દમાં એક કાળે બે વિરુદ્ધ ધર્મને એકસાથે કહેવાની શક્તિ નથી, તેમ મનના એક વિચારમાં એક કાળે એક વસ્તુમાં રહેલા બે વિરુદ્ધ તત્ત્વોને પકડવાની શક્તિ નથી.

લક્ષ વિનાની ક્રિયા - ક્રિયા વિનાનો લક્ષ જો નિરપેક્ષ હોય, તો નિષ્ફળ બને છે; જો સાપેક્ષ હોય, તો સફળ છે, તેમ નવકાર અને કરેમિભંતે મળીને જ જિનશાસન બને છે અને તે લક્ષ અને ક્રિયાનો સુમેળ કરાવે છે.

અનેકાંતવાદમાં અનાગ્રહની પ્રધાનતા છે,
એકાન્તવાદમાં તર્કની - મતાગ્રહની પ્રધાનતા છે.

પ્રત્યેક નયવાદ અનેકાંતની ભાવનાજનિત બને,
તો જ તે આત્મહિતપોષક થઈ શકે.

તમે જે જાણતાં હો, તેટલું સત્ય અમલમાં મૂકો,
એટલે બાકીનું સત્ય આપોઆપ મળી આવશે.

આમ અનેકાંતવાદ સૂક્ષ્મતમ અહિંસાનું પ્રતીક છે.

સત્યની ઉપેક્ષા થતી રહે, તો સમત્વની પ્રાપ્તિ ન થાય.

સત્ય અનેકાત્મક છે. એક જ વસ્તુ પરત્વે સત્યના
અનેક પ્રકારના દૃષ્ટિબિન્દુઓ રહેલાં હોય છે.

## સમત્વની સાધનાનો પાયો

અનેકાન્તવાદ પ્રમાણે સત્યના દરેક દૃષ્ટિબિન્દુઓને
જાણવા - સમજવા - સ્વીકારવાની તત્પરતા
એ સમત્વની સાધનાનો પાયો છે.

ક્ષમાશીલતા પણ સમત્વની સાધનામાં તેટલી જ ઉપયોગી છે.
તેનો ઉપયોગ પ્રતિકૂળ પરિસ્થિતિમાં જ કરવાનો હોય.
વિપરીત સંજોગોમાં ક્ષમાશીલતા દાખવવામાં ન આવે,
તો સમત્વની સાધના કેવી રીતે સફળ બની શકે?

વ્યક્તિગત આગ્રહ કે દુરાગ્રહની જેમ સહનશીલતાનો
અભાવ પણ સમત્વની સાધનામાં મોટી અંતરાય છે.
સમથી જ સાધનામાં સ્થિરતા થઈ શકે.

આજની અશાંતિનું મૂળ છે આચાર અને વિચારમાં
અનેકાન્તવાદથી ભરેલી ધર્મભાવનાનો અભાવ.

# સિદ્ધાંતપક્ષની જરૂર શા માટે ?

અહિંસા, અવિરોધ વૃત્તિ, સર્વ સહિષ્ણુતા, સર્વ ભૂતોમાં
ભગવદ્ભાવ - કોઈ પણ ધર્મનો નિષેધ કર્યા વગર
સર્વ ધર્મોને સંમતિ કે અનુમતિ આપી પોતામાં
સમાવી લેવાની વિશ્વ - વ્યાપકતાને સ્થાપિત કરવા માટે
સ્યાદ્વાદ યા અનેકાન્તવાદ યા સિદ્ધાંતપક્ષ છે.

કાયસ્થ, ગૃહસ્થ, દેહસ્થ, તટસ્થ એટલે...

ત્રયસ્થતા (તટસ્થતા), સહિષ્ણુતા, અવિરોધ, સમન્વય,
એકવાક્યતા, મધ્યસ્થતા, અનેકાન્તતા, અભેદ, અદ્વૈત.

જે વ્યક્તિ કોઈની હિંસા ન કરે,
સર્વદા, સંયમી જીવન સ્વીકારે અને
અનેકાન્તવાદના આધારે સદ્ધ્યાનમય જીવન પસાર કરે,
તે અન્યના દુઃખ પ્રત્યે પણ ઉપેક્ષા ધારણા ન જ કરે.
જેનું અંતઃકરણ કોમળ હોય છે, તેઓ
કરુણામય અને પ્રાણીમાત્ર પ્રત્યે દયાપરાયણ રહીને
પરમોચ્ચ શાંતિને મેળવવા અનેકાન્તવાદી પ્રયત્નો છે.

તીર્થંકરની માતા જે ૧૪ મહાસ્વપ્નો જૂએ છે,
તેમાં બીજું સ્વપ્ન શ્વેત વૃષભ.



શ્વેત કમળની પાંખડીઓ જેવો શુભ્ર,
વિરાટ સ્કંધ અને સૌમ્ય આકૃતિવાન એવો
શ્વેત વૃષભ આ સ્વપ્નના ફળરૂપે એમ સૂચવે છે કેઃ
આ બાળ જગતનું કલ્યાણ કરનાર શ્રમણધર્મ તથા શ્રાવકધર્મ -
એમ બે પ્રકારના ઉજ્જવળ ધર્મની સ્થાપના કરશે.



**: શ્રી જિનશાસનમાં ‘નમામિ’ અને ‘ખમામિ’નું માહાત્મ્ય :**

આ બે શબ્દો જિનશાસનનો અર્ક છે.
જીવમાં રહેલું શુદ્ધત્વ નમનીય તથા અશુદ્ધત્વ ખમનીય છે.
જીવત્વ આદરણીય અને કર્મના કારણે આવેલું જડત્વ ક્ષન્તવ્ય છે.
જીવમાત્ર પ્રત્યે એક ‘નમામિ’ અને બીજો ‘ખમામિ’
- એ બે શબ્દોનો જ વ્યવહાર હોવો જોઈએ,
એથી ત્રીજા પ્રકારની કોઈપણ અન્ય વૃત્તિ અશાસ્ત્રીય છે.

www.fiestadesigns.in